પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા



## સુવિચાર

**ચૂપ થઈ ગયેલો માણસ હંમેશાં રીસાયેલો નથી હોતો.. ઘણીવાર પરિસ્થિતિ વધારે બગડે નહિ એટલા માટે ચૂપ રહેતો હોય છે...**


શહેર આવૃત્તિ પાના: ૧૬

તા. ૧૯-૫-૨૦૨૫, સોમવાર

વર્ષ: ૧૪, અંક : ૬૦




Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


### રાજકોટ પોલીસનું મેગા ઓપરેશન

# ૪૧ ગુનેગારોએ ખડકેલા ૩૮ દબાણો પર બુલડોઝર ફરી વળ્યું

## હત્યાથી માંડી દેશી દારૂના ધંધાર્થીઓના ગેરકાયદે મકાન-દુકાનોને જમીન દોસ્ત કરી દેવા વહેલી સવારથી જ ધમધમાટ

### રૈયાધાર, રૈયાગામ અને પરશુરામ ચોકડી સહિતના વિસ્તારોમાં ડીસીપી, એસીપી, પીઆઈ સહિતના પોલીસ કાફલાની હાજરીમાં ડિમોલીશન : રૂ. ૬.૫૨ કરોડની જમીન ખુલ્લી કરાવાઈ



તસવીર: શૈલેષ વાડોલીયા









**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ દ્વારા ગુનેગારોએ ખડકી દીધેલા ગેરકાયદે દબાણ ઉપર મેગા ઓપરેશન હાથ ધરી આજે વહેલી સવારથી અલગ અલગ વિસ્તારોમાં ડિમોલિશન શરૂ કરી દેવામાં આવ્યું હતું. શહેર પોલીસની ટીમોએ કુલ ૪૧ ગુનેગારોએ ખડકી દીધેલા મકાન, દુકાન સહિતના ૩૮ ગેરકાયદે દબાણ ઉપર ડિમોલિશન બુલડોઝર ફેરવી રૂ.૬.૫૨ કરોડની જમીન ખુલી કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા ૧૦૦ કલાકના એજન્ડા સાથે ગુનેગારોએ કરેલા દબાણ પર બુલડોઝર ફેરવી દેવાની કાર્યવાહીના ભાગરૂપે યુનિવર્સિટી પોલીસ મથક વિસ્તાર હેઠળ આવતા રૈયાગામ, રૈયાધાર, પરશુરામ ચોકડી સહિતના વિસ્તારોમાં ગુનેગારોએ ખડકેલા ગેરકાયદે દબાણોને આઈડેન્ટીફાય કરવામાં આવ્યા હતા. યુનિવર્સીટી પોલીસ મથકના પીઆઈ એચ એન પટેલ અને પીએસઆઈ વી જી ડોડીયાની ટીમે બારીકાઈપૂર્વક તૈયાર કરેલી યાદીમાં હત્યાથી માંડી દેશી દારૂના કુલ ૪૧ ગુનેગારોએ ખડકેલા ૩૮ દબાણો ધ્યાને આવ્યા બાદ પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૨ જગદીશ બંગરવા અને એસીપી રાધિકા ભારાઈના માર્ગદર્શન હેઠળ આજે સવારે આશરે ૬:૩૦ વાગ્યે જ ત્રણેય વિસ્તારોમાં પોલીસની ટીમો બુલડોઝર સાથે પહોંચી ગઈ હતી.

ડીસીપી ઝોન-૨ જગદીશ બંગરવા, એસીપી રાધિકા ભારાઈ અને યુનિવર્સીટી પોલીસના પીઆઈ એચ એન પટેલના નેતૃત્વમાં ત્રણેય વિસ્તારોમાં યુનિવર્સીટી, તાલુકા અને ગાંધીગ્રામ પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ડિમોલીશન હાથ ધરી રૂ. ૬,૫૩,૫૦,૦૦૦ ની કિંમતની ૨૬૧૦ ચોરસ મીટર જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી. રૂ. ૮૨.૭૦ લાખની કિંમતના બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં ભાણેજની હત્યા કરનાર હમીર મનજી મેરીયા અને ખુશાલ મેરીયા સહિત હત્યા, જીવલેણ હુમલા, મારામારી, દારૂના ધંધાર્થી સહિતના કુલ ૪૧ ગુનેગારો વિરુદ્ધ ૪૫૬ ગુના નોંધાયેલા હોવાનું પોલીસની યાદીમાં જણાવવામાં આવ્યું છે. આ તમામ ગુનેગારએ ખડકેલા અલગ અલગ વિસ્તારના દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

### ૪૧ ગુનેગારો વિરુદ્ધ અધધધ ૪૫૬ ગુના

૧. ખુશાલ હમીર મેરિયા અને હમીર મનજી મેરિયા - ૦૮
૨. વાલજી સાડમીયા, વનરાજ અને ભરત - ૧૮
૩. તોફીક બસીર ખાંડુ - ૨૧
૪. રાજેશ બીજલ ભોણીયા - ૧૧
૫. પિયુષ પરેશ ડાભી અને ઋત્વિક પરેશ ડાભી - ૧૨
૬. આનંદ રણછોડ પરમાર - ૧૦
૭. પ્રકાશ ડાયા જાદવ - ૧૧
૮. ભુપત દીપસિંગ ચૌહાણ - ૧૧
૯. કિરણ જગદીશ પરમાર - ૦૮
૧૦. રૂપલ મુકેશ મકવાણા - ૨૧
૧૧. ચંદા પ્રદીપ મુખરજી - ૧૨
૧૨. જયા રાયધન સાડમીયા - ૧૬
૧૩. ગુલાબ કમશી સાડમીયા - ૨૦
૧૪. નીમું રાજુ વઢવાણિયા - ૧૦
૧૫. વસંત પ્રવીણ સાડમીયા - ૦૮
૧૬. વસંત બાબુ વાજેલીયા - ૧૦
૧૭. રાયસીંગ કેશુ વાજેલીયા - ૦૮
૧૮. વિક્રમ કેશુ વાજેલીયા - ૦૯
૧૯. કંકુ કેશુ વાજેલીયા - ૦૫
૨૦. ચંપા મનસુખ વાજેલીયા - ૧૩
૨૧. જાનુ રમેશ વાજેલીયા - ૨૭
૨૨. શહેજાદ સુલતાન જલવાણી - ૦૯
૨૩. રાહુલ રાજુ ચૌહાણ - ૧૧
૨૪. ઉષા વિશાલ વાઘેલા - ૦૭
૨૫. કૌશલ નીતિન મકવાણા - ૧૦
૨૬. નાથી ગોવિંદ ચાણકીયા - ૦૯
૨૭. રાજુ ધીરુ વઢવાણીયા - ૦૫
૨૮. ગીતા વિનોદ મકવાણા - ૧૨
૨૯. મનસુખ જકસી વાજેલીયા - ૦૮
૩૦. ડિમ્પલ સાગર સાડમીયા - ૧૦
૩૧. મુની અલ્તાફ પરમાર - ૧૫
૩૨. સાયરા મહેબૂબ મુનશી - ૧૪
૩૩. લાલા બીજલ ભોણીયા - ૧૬
૩૪. હસમુખ બાબુ મકવાણા - ૧૬
૩૫. ભીખા ભનુ અધારિયા - ૧૬
૩૬. નયના કેશુ જખાનિયા - ૧૪
૩૭. કંચન હિતેશ પરમાર - ૦૮
૩૮. કાજલ સાડમીયા - ૧૩

### બહુ થયું.. પચાવી પાડેલી હિંદુઓની મિલકતો ખુલ્લી કરો


# અમદાવાદના સાત સદી જૂના ત્રિકમજી મંદિરને પચાવી પાડનારાઓ પર તવાઈ

## કરોડોની જમીન પર કબ્જો કરી બારોબાર વેંચી મારનાર બે ભૂમાફિયાઓની ધરપકડ: પાંચની શોધખોળ

**અબતક, રાજકોટ**

અમદાવાદ શહેરના જમાલપુર વિસ્તારમાં આવેલા ૭૦૦ વર્ષ જુના પ્રાચીન ત્રિકમજી મંદિરની કરોડો રૂપિયાની જમીન ભૂમાફિયાઓએ ગેરકાયદે કબજે કરી બારોબાર વેચી દીધી હોવાની ફરિયાદ નોંધાઈ છે. સાત લોકો વિરુદ્ધ નોંધાયેલી ફરિયાદમાં બેની ધરપકડ કરવામાં આવી હોવાનું ગાયકવાડ હવેલી પોલીસ મથકે જણાવ્યું છે. આ સાત ભૂમાફિયાઓએ બોગસ દસ્તાવેજ અને ઠરાવ પસાર કરીને ચેરીટી કમિશનરના તાબાની જમીનનો બોગસ વેચાણ દસ્તાવેજ તૈયાર કર્યો હતો.

જાહેર ટ્રસ્ટની માલિકીની જમીનના મામલે હાઈકોર્ટે વેચાણ પર રોક મૂકી હોવા છતાં ૨.૩૬ લાખ કરોડ રૂપિયામાં સોદો કરવામાં આવ્યો છે. જાહેર ટ્રસ્ટ નોંધણી કચેરીના નિરીક્ષક બ્રિજેશ પરમારે ગાયકવાડ હવેલી પોલીસ મથકે આ મામલે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર, જમાલપુરમાં સ્થિત ૭૦૦ વર્ષ જૂના ત્રિકમજી મંદિરની નોંધણી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ ૧૯૫૧માં થઈ હતી. જેમાં ચેરીટી કમિશનર ગુજરાત રાજ્ય દ્વારા ભોગીલાલ ત્રિકમલાલ, મહંત સીયારામ દાસજી, કાંતિલાલ શાહ અને બાબુભાઈ રાવલની ટ્રસ્ટી તરીકે નોંધણી કરવામાં આવી હતી. ત્યારબાદ કોઈ ટ્રસ્ટી ન હોવાથી આ મંદિરની જમીનની માલિકી ચેરીટી કમિશનર કચેરીની થઈ હતી. (અનુ. આઠમા પાને)



### મંદિરની જમીન પચાવી પાડનારા આરોપી

૧. બાબુભાઈ ડાહ્યાલાલ શાહ
૨. મોહમંદ અસગર પઠાણ
૩. નિઝામુદ્દીન શેખ રહે. ચંપામીલની ચાલી, જમાલપુર
૪. મોહંમદ બિલાલ શેખ રહે. ચંપામીલની ચાલી,જમાલપુર
૫. ઝીશાન કાદરી રહે.પાકિઝા સોસાયટી, શાહઆલમ
૬. રોહન કાદરી રહે. નિલમબાગ બંગ્લોઝ, શાહઆલમ
૭. સદામહુસૈન કુરેશી રહે. અલહુદા સોસાયટી, શાહઆલમ

### ભારતમાં ફરી કોવિડનો પગ પેસારો

# દેશમાં કોરોનાના નવા ૫૮ કેસ: મુંબઈમાં બે પોઝિટિવ દર્દીના મોત

## આરોગ્ય વિભાગ એલર્ટ મોડમાં ટુંક સમયમાં નવી ગાઈડલાઈન જાહેર કરાય તેવી સંભાવના



**અબતક, રાજકોટ**

હોંગકોંગ અને સિંગાપોરમાં કોરોનાના કેસમાં સતત વધારો નોંધાયો છે. દરમિયાન ભારતમાં પણ કોરોનાનો ફરી પગ પેસારો થયો છે. મુંબઈની એક ખાનગી હોસ્પિટલમાં કોરોના પોઝિટિવ રિપોર્ટ આવેલા બે દર્દીઓના મોત નિપજતા દેશભરમાં ફરી ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. ઓસ્ટ્રેલિયાના આક્રમક ઓપનીંગ બેટસમેન ટ્રેવિસ હેડ પણ કોરોના સંક્રમિત થયો છે. વિશ્વભરમાં ફરી કોરોના ધીમેધીમે માથું ઉંચકી રહ્યો છે.

એશિયાઈ દેશોમાં કોરોનાના નવા કેસમાં છેલ્લા થોડા દિવસોથી વધારો નોંધાઈ રહ્યો છે. હોંગકોંગ અને સિંગાપોરમાં કોરોના કેસ ખૂબજ ઝડપથી વધી રહ્યા છે. લોકોમાં ડરનો માહોલ પેસી ગયો છે. અનેક દર્દીઓના મોત પણ નિપજયા છે. દરમિયાન ભારતમાં પણ કોરોનાના નવા ૫૮ કેસ નોંધાયા છે. મુંબઈની કેઈએમ (કેમ) હોસ્પિટલમાં કોરોના પોઝિટિવ આવેલા બે દર્દીઓનાં મોત નિપજયા છે. ભારતમાં ફરી કોરોનો ન વકરે તે માટે આરોગ્ય વિભાગ હાલ સર્તક થઈ ગયું છે. આગામી દિવસોમાં વિદેશથી ભારત આવતા લોકો અથવા વિદેશી પ્રવાસ ગયેલા ભારતીયો માટે કોરોના સંદર્ભ નવી ગાઈહલાઈન જાહેર કરવામાં આવશે રાજય સરકારોનો પણ એલર્ટ કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં ટેસ્ટીંગ અને ટ્રેસિંગ પર ભાર મૂકવામાં આવશે.

### ટ્રેવિસ હેડ પણ કોરોના સંક્રમિત

આઈપીએલમાં ખરાબ ફોર્મના કારણે ટુર્નામેન્ટમાંથી લગભગ બહાર ફેંકાય ગયેલી સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ માટે ખરાબ સમાચાર સામે આવ્યા છે. ટીમના આક્રમક ઓપનર ટ્રેવિસ હેડ કોરોના સંક્રમિત બન્યો છે.લખનઉ સુપર જાયન્ટ્સ સામે રમી શકશે નહીં.ટ્રેવિસ હેડની તબિયત હાલ સારી નથી. ટીમના કોચ ડેનિયલ વેટ્ટોરીએ જણાવ્યું હતું કે હેડ કોવિડ-૧૯ થી સંક્રમિત થયા છે. એટલા માટે તે ટીમ સાથે જઈ શક્યા નથી. એસ આર એસ હવે પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગયું છે. એલએસજી પાસે હજુ પણ તક છે. જો તેઓ બાકીની મેચ જીતી જાય તો તેઓ પ્લેઓફમાં પ્રવેશ કરી શકે છે.જોકે શકયતા ખૂબ જ નહિવત છે.

### મુંબઈ-ગોવા હાઈવે પર રત્નાગીરી નજીક

# કાર નદીમાં ખાબકતા પાંચ વ્યકિતના મોત

## પૂરપાટ ગતિએ દોડતી એક કાર જગબુડી નદીમાં ખાબકી હતી: ડ્રાઈવરનો જીવ બચી ગયો હતો પરંતુ તેને પણ ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને સારવાર અર્થે ખેસડાયો

**અબતક, નવી દિલ્હી**

મુંબઈથી ગોવા જતા હાઈવે પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હોવાના અહેવાલ સામે આવ્યા છે. પૂરપાટ ગતિએ દોડતી એક કાર જગબુડી નદીમાં ખાબકી ગઈ હતી જેના પગલે કારમાં સવાર પાંચ સભ્યોના કરુણ મોત નીપજ્યાં હતા. માહિતી અનુસાર ડ્રાઈવરનો જીવ બચી ગયો હતો પરંતુ તેને પણ ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. કારમાં સવાર તમામ લોકો મુંબઈથી દેવરુખ જઈ રહ્યા હતા. કાર અકસ્માતના ભયાનક દશ્યો પણ સામે આવ્યા છે. ક્રેઈનની મદદથી કારને નદીમાંથી બહાર કાઢવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તમામ મૃતદેહો કબજે લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા અને આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી.



## આજે વિશ્વ ફેમિલી ડોકટર દિવસ

# સંભાળનું ચક્ર: ડોકટર અને દર્દીની સુખાકારી, સ્વસ્થ ગ્રહ-સ્વસ્થ લોકો

## પહેલા તો દરેક પરિવારનો એક ફેમિલી ડોકટર હતો, જે ઘરનાં બધા સભ્યોની તાસીર જાણતો હતો: આરોગ્ય અને રોગ નિયંત્રણમાં તેની ભૂમિકા વિશેષ છે: ફેમિલી ડોકટરની સલાહ મુજબ આપણે નિષ્ણાંત ડોકટર પાસે જઈએ છીએ

'ડોકટર' એક એવો શબ્દ જે આપણા જીવનનો એક ભાગ બની ગયો છે, કંઈ પણ નાનુ સુનુ દર્દ હોય કે પછી ગંભીર બિમારી આપણને તે સમયે ડોકટર યાદ આવે છે. આપણા પરિવારમાં નાની માંદગીમાં આપણે આપણા ફેમીલી ડોકટરને પ્રથમ બતાવીએ છીએ, તેમની સલાહ મુજબ જ આપણે નિષ્ણાંત ડોકટર પાસે જઈ એ છીએ, દર્દ કા રિસ્તા સાથે ધરતી ઉપરનો આપણો ભગવાન કે મસીહા એટલે આપણો ફેમીલી ડોકટર પૃથ્વી પર વસતા દરેક માનવી માટે શિક્ષક અને ડોકટરનું અનેરૂ સ્થાનહોય છે આજે વિશ્વ ફેમીલી ડોકટર દિવસ ઉજવાય રહ્યો છે, ત્યારે આપણા પરિવારના આ તબીબને આભાર સાથે સ્માનનો દિવસ પણ ગણાય છે. ૨૦૧૦માં વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન ઓફ ફેમીલી ડોકટર્સ દ્વારા સ્થાપના કરાઈ હતી.

પરિવારની આરોગ્ય સંભાળમાં તેની મહત્વની ભૂમિકા હોય છે. ફેમીલી ડોકટર પરિવાર દરેક સભ્યોની સાતીર જાણતો હોય છે.તે લાંબા ગાળાથી પરિવારના દરેક સભ્ભેની ટ્રીટમેન્ટ કરી રહ્યા છે. વિશ્વભરમાં ફેમીલી ડોકટરે પરિવારની નિદાન સારવારમાં મહત્વની ભૂમિકા ભજવી છે.તેનો ઈતિહાસ જોઈએતો ૧૯૩૩માં જ્યોર્જિયામાં શરૂ થયેલ, જયાં પ્રથમવાર ડોકટર્સ ડે ઉજવાયો હતો. આ દિવસે ડોકટર અને તેના પરિવારને કાર્ડ અને ભેટો પણ મોકલાય છે. ૧૯૨૦નાં દશકામાં ડોકટરો અન્ય ક્ષેત્રોમાં નિષ્ણાંત બનવાનું શરૂ કરે છે. ૧૯૭૦માં કૌટુંબીક દવા અને પરિવારના નિવાસ બાજુના જનરલ પ્રેકટીસરની ભૂમિકા અસ્તિત્વમાં આવી હતી. ૧૯૮૦ના દાયકામાં ફેમીલી મેડિસિન ત્રીજો સૌથી મોટો રેસીડન્ટ પ્રોગ્રામ ધરાવે છે. ૨૦૧૦થી આ દિવસ ઉજવાય રહ્યો છે. આ વર્ષની ઉજવણીથીમ 'સ્વસ્થ ગ્રહ, સ્વસ્થ લોકો' છે, જે ફેમીલી ડોકટરની પૃથ્વી પર વસતા તમામ પરિવાર માટે આરોગ્ય અને રોગ નિયંત્રણમાં તેની મહત્તા દર્શાવે છે. તેમના પ્રયાસોથી સ્વસ્થ ગ્રહ થઈ જતા તમામ લોકો પણ સ્વસ્થ થઈ જશે. પરિવારના સભ્યો અને દર્દીઓનાં જીવનમાં નોંધપાત્ર પરિવર્તન લાવનાર ફેમીલી ડોકટરો અને પ્રાથમિક સંભાળ ટીમોનો સમર્પણ અને કરૂણાને સ્વીકારવાનો સમય છે. આપણા પરિવારના આ તબીબ પ્રાથમિક સંભાળ સાથે માનસીક સ્થિતિ સ્થાપકતા બનાવે છે. ડોકટરની સુખાકારી અને દર્દીની સંભાળ એક શ્રેષ્ઠ વર્તુળ બનાવે છે. ફેમીલી ડોકટર પોતાના માનસિક સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપે છે,તેથી તે વધુ સારી સંભાળ પૂરી પાડી શકે, એક સકારાત્મક વાતાવરણનું જોડાણ થતા ડોકટર અને દર્દી બંને ખીલે છે. બદલાતી દૂનિયામાં માનસિક સમસ્યા નિવારણ માટે એક અગત્યનો રોલ પ્રારંભમાં ભજવે છે. ફેમીલી ડોકટર સંભાળવાનું ચક્ર: ડોકટર અને દર્દીની સુખાકારી.





આપણા ફેમીલી ડોકટર ઘણીવાર ચિંતા, હતાશા અને તણાવ જેવા માનસિક સ્વાસ્થ્ય સંઘર્ષોના સંકેતો સૌ પ્રથમ જાુએ છે. દર્દીઓ સાથેના તેમના સતત લાંબા ગાળાના સંબંધો તેમને માનસિક સ્વાસ્થ્ય પડકારોને સક્રિય રીતે ઓળખવામાં મદદ મળે છે. તેઓ અસરકારક અને દયાળુ સંભાળ રાખનાર છે. ફેમીલી ડોકટર આરોગ્ય સંભાળમાં સંપર્કના પ્રથમબિંદુ તરીકે સેવા આપે છે, જે પેઢીઓ સુધી ફેલાયેલી વ્યકિત સંભાળ પ્રદાન કરે છે. તો નિયમિત તપાસથી લઈને ક્રૌનિક પરિસ્થિતિઓ સુધીની આરોગ્ય સંભાળમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

ફેમીલી ડોકટર માત્ર નિદાન=સારવાર જ નહી, પણ સંર્વાગી અભિગમ ફકત શારીરિક સ્વાસ્થ્યને જ નહી પણ ભાવનાત્મક અને સામાજીક સુખાકારીને પણ સંબોધીત કરે છે. કૌટુંબિક દવાએ તબીબી વિશેષતા છે, જે દરકે વય, લિંગ, રોગો અને શરીરના ભાગોમાં વ્યકિત અને પરિવાર માટે સતત અને વ્યાપક આરોગ્ય સંભાળ પૂરી પાડે છે. જેને કૌટુંબિક ચિકિત્સક પણ કહે છે. અગાઉની આપણી જીવન શૈલી અને સમાજ વ્યવસ્થામાં પણ ડોકટરનો રોલ મહત્વનો હતો, આજે વિવિધ પેથીના તબીબો ઘર આસપાસ જોવા મળે છે. આજે તો લોકો મેડીકલ સ્ટોર્સમાંથી સીધી દવા પણ લઈ લે છે. પહેલા દરેક પરિવાર ગમે તે હોય પ્રથમ ફેમીલી ડોકટરને બતાવવા જતા હતા, પણ આજે નિષ્ણાંતોનો વધારો થવાથી તેમનો સંપર્ક કરે છે, સામાન્ય તકલીફમાં લોકો દવા કે ટ્રીટમેન્ટ ઓછી કરાવે છે. અમુક વર્ગ, સરકારી હોસ્પિટલેથી બતાવીને દવા લઈ લે છે. સરકારી દવાખાને કે આરોગ્ય કેન્દ્રમાં દવા લેનારો વર્ગ પણ ઘણો મોટો છે.મફત નિદાન સારવારની સરકારી સુવિધા વધવાથી હવે ફેમીલી ડોકટરનો રોલ ઓછો થઈ ગયો છે. એઈમ્સ પણ રાજકોટમાં થઈ જતા સૌરાષ્ટ્ર-કચ્છમાંથી લાંબાગાળાની તકલીફ વાળા નિદાન સારવાર માટે આવે છે.

### મેડિકલ સાયન્સની પ્રગતિ અને નિષ્ણાંત તબીબો વધતા ફેમીલી ડોકટરનો રોલ ઓછો થયો

વધતી જતી મેડીકલ ફેસીલીટી અને લોકોના સેલ્ફ મેડીસીનને કારણે ફેમીલી ડોકટરની ભૂમિકા આપણા પરિવારમાંથી ઘટી ગઈ છે. મેડીકલ સાયન્સની પ્રગતિ અને નિષ્ણાંત ડોકટરો વધતા ફેમીલી ડોકટરનો રોલ પરિવારમાંથી નિકળી ગયો છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

# વીરોના સન્માનમાં સાણંદ બન્યું દેશપ્રેમનું ધામ: તિરંગા યાત્રામા ઉમટી જનમેદની

### કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ તેમજ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી તિરંગા યાત્રામાં જોડાયા

**અબતક, રાજકોટ**

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિત શાહ અને રાજયના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં સાણંદ ખાતે '' તિરંગા યાત્રા'' યોજાઈ ગઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ઓપરેશન સિંદૂર હેઠળ ભારતીય સેનાએ દર્શાવેલા અભૂતપૂર્વ શૌર્ય અને પરાક્રમને બિરદાવવા માટે સાણંદ નાગરિક સમિતિ દ્વારા સાણંદ ખાતે ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા નળ સરોવર ત્રણ રસ્તાથી શરૂ થઈ મહારાણા પ્રતાપની પ્રતિમા એકલિંગજી રોડ ખાતે સંપન્ન થઈ હતીં.



યાત્રાના અંતે મહારાણા પ્રતાપજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.આ યાત્રામાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોએ 'ભારતમાતા કી જય, વંદે માતરમ્ અને જય શ્રી રામના ઘોષથી સમગ્ર વાતાવરણ દેશભકિત અને રાષ્ટ્રપ્રેમના ભાવથી વિભોર બન્યું હતું. સમગ્ર યાત્રામાં રાષ્ટ્ર ધ્વજ સાથે જોડાયેલ વિશાળ જનમેદનીએ બુલંદ સ્વરે સેનાએ દર્શાવેલ સાહસ અને પરાક્રમને બિરદાવ્યા હતા,આ ભવ્ય તિરંગા યાત્રામાં ધારાસભ્યકનુભાઈ પટેલ, નિવૃત સૈનિકો, સંતો, સામાજિક-ધાર્મિક અગ્રણીઓ, વિવિધ સંસ્થાઓ, સંગઠનો પણ જોડાયા હતા. ભારતે અદમ્ય સાહસ અને વીરતા સાથે સમગ્ર વિશ્વને આપણી સૈન્ય શકિતનો પરિચય કરાવ્યો છે ત્યારે તિરંગા યાત્રાના માધ્યમથી સૌ નાગરિકોએ મજબૂત અને સક્ષમ ભારતનો નારો બુલંદ બનાવ્યો હતો.

# જૈન સમાજના પ્રફુલભાઈ કોઠારીનું અવસાન થતા પરિવાર દ્વારા સદ્ગતના ચક્ષુનું દાન

**અબતક, રાજકોટ**

રાજકોટ નિવાસી જૈન સમાજ રાજકોટના જીવદયાપ્રેમી પ્રફુલભાઈ વિનોદભાઈ કોઠારીનું અવસાન થતા જૈન સોસિયલ ગ્રુપ મિડટાઉનના પૂર્વ પ્રમુખ ડો.દીપકભાઈ મહેતા અને જૈન સોશિયલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશનના ઈન્ટરનેશનલ ડાયરેકટર નિલેશભાઈ કામદારની પ્રેરણાથી સદગતના પુત્રો નિશાંતભાઈ અને સિદ્ધાર્થભાઈ તેમજ પરિવારજનોએ ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધેલ છે ચક્ષુદાન જનજાગૃતિ અભિયાન સમિતિના માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને સમિતિના સંયોજક અનુપમ દોશી તેમજ ઉપેનભાઈ મોદીએ કોઠારી પરિવારનો આભાર વ્યકત કર્યો,શહેરના સેવાભાવી તબીબ ડો.ધર્મેશ મહેતાએ મૃતકના ઘરે જઈને ચક્ષુ સ્વીકારેલ, તેમજ શહેરીજનોને પોતાની આસપાસ પડોશમાં પરિવારમાં કે અન્ય કોઈના અવસાન વેળાએ ચક્ષુદાન માટે પ્રેરણા આપવા અને માનવતાના ઉમદા કાર્યમાં સહભાગી બનવા અપીલ કરી હતી,ચક્ષુદાન માટે કોઈ પણ સમયે સમિતિના અનુપમ દોશી ૯૪૨૮૨૩૩૭૯૬ નો સંપર્ક સાધવા જણાવેલ છે.



## રાજકોટ માર્કેટ યાર્ડ

### શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૧૦૭ | ૭૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૩૨૫ | ૧૦૦૦ | ૨૪૦૦ |
| સાકરટેટી | ૧૪૭ | ૧૦૦ | ૨૩૦ |
| તરબુચ | ૪૫૩ | ૧૨૦ | ૨૩૦ |
| બટેટા | ૪૦૫૦ | ૧૬૦ | ૩૮૦ |
| ડુંગળી સુકી | ૪૮૯૦ | ૩૦ | ૨૧૫ |
| ટમેટા | ૧૭૮૫ | ૨૦૦ | ૪૦૦ |
| સુરણ | ૯૧ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| કોથમરી | ૫૬૭ | ૨૦૦ | ૫૦૦ |
| મુળા | ૩૦ | ૨૦૦ | ૩૫૦ |
| રીંગણા | ૪૭૬ | ૧૦૦ | ૨૮૦ |
| કોબીજ | ૫૬૨ | ૫૦ | ૮૦ |
| ફલાવર | ૫૯૨ | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૫૪૭ | ૧૪૦ | ૩૬૦ |
| ગુવાર | ૪૫૫ | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળાસીંગ | ૮૫ | ૨૦૦ | ૪૨૦ |
| ટીંડોળા | ૧૨૭ | ૪૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૫૫૩ | ૫૦ | ૧૨૦ |
| કારેલા | ૩૨૫ | ૨૪૦ | ૪૬૦ |
| સરગવો | ૧૬૩ | ૨૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૨૮૭ | ૩૦૦ | ૬૫૦ |
| પરવર | ૭૨ | ૮૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૩૯૫ | ૨૫૦ | ૪૦૦ |
| ગાજર | ૪૩૮ | ૧૬૦ | ૩૦૦ |
| વટાણા | ૧૯૭ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ગલકા | ૩૭૨ | ૧૫૦ | ૨૫૦ |
| બીટ | ૭૫ | ૨૦૦ | ૩૨૦ |
| મેથી | ૧૪૦ | ૩૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૯૦ | ૩૦૦ | ૬૦૦ |
| આદુ | ૨૬૦ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૪૫૫ | ૨૫૦ | ૫૦૦ |
| મકાઈ લીલી | ૩૨૫ | ૧૬૦ | ૨૬૦ |
| ગુંદા | ૬૦ | ૩૫૦ | ૫૩૦ |

### અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૦૫૦ | ૧૪૦૦ | ૧૫૨૯ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૪૯૬ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૩૦૦૦ | ૪૯૮ | ૫૬૦ |
| જુવાર સફેદ | ૩૦૦ | ૬૫૦ | ૮૭૧ |
| તુવેર | ૧૯૦૦ | ૧૧૯૦ | ૧૪૦૩ |
| ચણા પીળા | ૪૫૦૦ | ૯૬૩ | ૧૦૮૫ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૪૦૦ | ૨૦૩૨ |
| અડદ | ૧૨૫ | ૧૧૭૦ | ૧૫૫૪ |
| મગ | ૧૪૫૦ | ૧૪૨૧ | ૧૯૨૫ |
| વાલ દેશી | ૯૫ | ૯૫૦ | ૧૨૨૨ |
| ચોળી | ૪૦૦ | ૧૪૫૦ | ૧૮૧૦ |
| વટાણા | ૧૦૦ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| કળથી | ૪૫ | ૮૫૦ | ૧૦૦૦ |
| રાજમા | ૧૫૦ | ૭૦૦ | ૧૩૦૦ |
| સીંગદાણા | ૪૦ | ૧૩૫૦ | ૧૪૧૦ |
| મગફળી જાડી | ૨૯૦૦ | ૯૬૦ | ૧૦૯૦ |
| મગફળી જીણી | ૧૯૦૦ | ૯૯૦ | ૧૪૬૫ |
| તલી | ૭૦૦ | ૧૨૦૦ | ૨૩૦૦ |
| એરંડા | ૮૦૦ | ૧૦૭૫ | ૧૨૧૮ |
| અજમો | ૬૦ | ૧૨૩૦ | ૨૦૦૧ |
| સુવા | ૭ | ૧૩૦૦ | ૧૪૨૧ |
| સોયાબીન | ૪૦૦ | ૮૦૦ | ૮૩૫ |
| સીંગફાડા | ૯૬૦ | ૧૦૫૦ | ૧૩૫૦ |
| કાળા તલ | ૪૨૦ | ૨૯૦૦ | ૪૦૦૦ |
| લસણ | ૧૧૦૦ | ૮૦૬ | ૧૭૭૧ |
| ધાણા | ૪૦૦ | ૧૧૮૦ | ૧૫૧૫ |
| મરચા સુકા | ૨૦૦ | ૭૫૦ | ૧૫૦૦ |
| ધાણી | ૨૨૦ | ૧૨૨૦ | ૧૫૮૦ |
| વરીયાળી | ૫૦ | ૧૧૦૦ | ૧૭૫૦ |
| જીરૂ | ૭૮૦ | ૩૭૫૦ | ૪૧૧૨ |
| રાય | ૩૦૦ | ૧૦૫૦ | ૧૩૦૦ |
| મેથી | ૦ | ૮૧૦ | ૧૨૪૦ |
| ઈસબગુલ | ૧૨ | ૧૨૧૦ | ૧૫૦૦ |
| અશેરીયો | ૧૦ | ૯૫૦ | ૧૧૫૦ |
| કલોંજી | ૧૨૫ | ૩૦૭૫ | ૩૯૩૧ |
| રાયડો | ૬૦૦ | ૯૭૦ | ૧૦૮૦ |
| રજકાનું બી | ૨૦ | ૩૮૦૦ | ૪૩૮૦ |

## અબતક પંચાગ

### તા.૨૦-૫-૨૦૨૫ મંગળવાર

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** વૈશાખ વદ આઠમ પંચક
**નક્ષત્ર** ધનિષ્ઠા
**યોગ** ઐન્દ્ર **કરણ:** બાલવ
**સુર્યોદય** ૬.૦૭ **સુર્યાસ્ત:** ૭.૨૧
**ચંદ્ર રાશી** મકર મંગળવારે સવારે ૭.૩૫થી કુંભ
**રાશિ અક્ષર** ખ.જ/ગ.શ.સ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૭ થી ૧.૧૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૦૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | | | | | ૭ | ૨ |
| | ૭ | ૨ | | | ૩ | ૬ | ૯ | |
| | | | ૫ | | | | ૩ | ૪ |
| | ૧ | | | ૮ | ૬ | ૪ | ૨ | ૫ |
| | | ૮ | ૩ | | | | | ૭ |
| ૯ | | | ૭ | | | | | |
| | ૫ | ૧ | | ૩ | | | | ૯ |
| ૪ | | | | | ૧ | ૭ | | |
| ૨ | | ૩ | | ૯ | | ૮ | | ૧ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૦૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૫ | ૭ | ૪ | ૬ | ૧ | ૯ | ૮ |
| ૭ | ૯ | ૮ | ૨ | ૧ | ૫ | ૪ | ૬ | ૩ |
| ૪ | ૧ | ૬ | ૯ | ૮ | ૩ | ૨ | ૫ | ૭ |
| ૬ | ૪ | ૩ | ૫ | ૭ | ૨ | ૮ | ૧ | ૯ |
| ૫ | ૨ | ૧ | ૮ | ૯ | ૪ | ૩ | ૭ | ૬ |
| ૯ | ૮ | ૭ | ૩ | ૬ | ૧ | ૫ | ૪ | ૨ |
| ૩ | ૫ | ૯ | ૧ | ૨ | ૭ | ૬ | ૮ | ૪ |
| ૮ | ૬ | ૨ | ૪ | ૫ | ૯ | ૭ | ૩ | ૧ |
| ૧ | ૭ | ૪ | ૬ | ૩ | ૮ | ૯ | ૨ | ૫ |

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૯-૦૫-૨૦૨૫ સોમવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (વેનીલા આઈસ્ક્રીમ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ઈમ્યુનિટી બુસ્ટર ઢોસા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (ગાયનેકલોજી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ
**તારીખ ૨૦-૦૫-૨૦૨૫ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૦.૫.૨૦૨૫, મંગળવાર, સંવંત ૨૦૮૧, વૈશાખ વદ આઠમ , ધનિષ્ઠા નક્ષત્ર, ઐંદ્ર યોગ, બાલવ કરણ આજે સવારે ૭.૩૪ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મકર (ખ,જ) ત્યારબાદ કુંભ (ગ,સ,શ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** આવકમાં મધ્યમ રહે, આકસ્મિત લાભ થાય, ધાર્યા પરિણામ પ્રાપ્ત કરી શકો, પ્રગતિકારક દિવસ.
**વૃષભ (બ,વ,ઉ) :** સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતને સારું રહે, આગળ વધવાની તક મળે, શુભ દિન.
**મિથુન (ક,છ,ઘ) :** નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો, મિત્રોની મદદ મળી રહે, પ્રગતિકારક દિવસ.
**કર્ક (ડ,હ) :** માનસિક વ્યગ્રતા રહે, મનનું ધાર્યું ના થાય, નેગેટિવ વિચારો આવે, મધ્યમ દિવસ.
**સિંહ (મ,ટ) :** અંગત જીવનમાં સારું રહે, સામાજિક રીતે આગળ વધી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.
**કન્યા (પ,ઠ,ણ) :** જુના હઠીલા રોગથી સાવધાન રહેવું, વધુ પડતી ચિંતાઓ ટાળવી, પરેજી પાલવ સલાહ છે.
**તુલા (ર,ત) :** સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, કૌટુંબિક પ્રશ્નો ઉકેલી શકો, શુભ દિન.
**વૃશ્ચિક (ન,ય) :** નવા આયોજનો વિચારી શકો, તમારા શોખ માટે સમય કાઢી શકો, દિવસ આનંદમાં પસાર થાય.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** ભાઈ ભાંડુ સુખ સારું રહે, મિત્રોની મદદ મળી રહે, નવા સંબંધોમાં સારું રહે, યાદગાર દિવસ.
**મકર (ખ,જ) :** આર્થિક બાબતોમાં મધ્યમ રહે, વાણી વર્તનમાં કાળજી લેવી, સત્ય કહેવાની રીત પણ બદલવી પડે.
**કુંભ (ગ,સ,શ) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા મેળવી શકો.
**મીન (દ,ચ,ઝ,થ) :** ખર્ચ પર અંકુશ રાખવો, નાણાકીય આયોજન કરવું જરૂરી બને, યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બને છે.

# શહેરીજનોને ઢોરની રંજાડમાંથી છોડાવો: ધારાસભ્ય રમેશ ટીલાળાની સંકલન બેઠકમાં ફરિયાદ

## કોર્પોરેશન દ્વારા ધારાસભ્યો માટે શરૂ કરવામાં આવેલા ઓનલાઈન પોર્ટલ - ડેશબોર્ડ પર આવેલી ફરિયાદોની સમિક્ષા કરતા મ્યુનિ.કમિશનર તુષાર સુમેરા

## ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ રજૂ કરેલી ત્રણ ફરિયાદોનો તાત્કાલીક નિવેડો લાવવા અધિકારીઓને તાકીદ





**અબતક, રાજકોટ**

ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની ફરિયાદનો સત્વરે નિવેડો આવે તે માટે મ્યુનિ.કમિશનર તુષાર સુમેરા દ્વારા ઓનલાઈન પોર્ટલ - ડેશબોર્ડની સુવિધા શરૂ કરવામાં આવી છે. આ પોર્ટલ પર ધારાસભ્યોએ રજૂ કરેલી ફરિયાદોના નિવારણ માટે તાજેતરમાં મ્યુનિ.કમિશનર તુષાર સુમેરાએ સમિક્ષા બેઠક યોજી હતી. દક્ષિણ વિધાનસભા બેઠકના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ શહેરીજનોને રખડતા ઢોરના રંજાડમાંથી મુક્ત કરાવવાની ફરિયાદ કરી હતી. દરમિયાન તેઓની ત્રણેય ફરિયાદોનો તાત્કાલિક નિવેડો લાવવા માટે કમિશનર દ્વારા સંબંધિત અધિકારીઓને આદેશ આપી દેવામાં આવ્યો છે.

રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાની અધ્યક્ષતામાં રાજકોટ શહેરના ચૂંટાયેલા પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં આજ સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા કરવામાં આવેલી ફરિયાદ/પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને મ્યુનિસિપલ કમિશનરએ સુચના આપી હતી.

મહાપાલિકા દ્વારા ધારાસભ્યઓ માટે ઓનલાઈન પોર્ટલ/ડેશબોર્ડ બનાવ્યું છે, જેમાં તમામ ધારાસભ્ય કોઈપણ સ્થળે બેઠા-બેઠા રાજકોટ મહાનગરપાલિકા લગત ફરિયાદ/પ્રશ્ન/રજૂઆત કરી શકે છે. સાથોસાથ લગત ફોટો પણ અપલોડ કરી શકે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફરિયાદ/પ્રશ્ન/રજૂઆત અંગે થયેલ કામગીરીની વિગતવાર અહેવાલ તેમજ જરૂરી ફોટો પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે જેથી ધારાસભ્યોને યોગ્ય જાણકારી મળી રહે. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી મહાપાલિકા દ્વારા પોર્ટલ/ડેશબોર્ડ બનાવવામાં આવ્યું છે. જેના થકી ધારાસભ્યો દ્વારા કરવામાં આવતી ફરિયાદ/પ્રશ્ન/રજૂઆતનું મોનિટરિંગ કરી શકાશે અને તેના નિરાકરણ અંગે સ્ટેટસ પણ જાણી શકાશે.

આ સંકલન બેઠકમાં

(અનુ. આઠમા પાને)

# રાજકોટ સહિત ૮ જિલ્લાના ડીઈઓ-ડીપીઈઓનો હવાલો ઈન્ચાર્જમાં!!!

## રાજકોટ ડીઈઓનો ચાર્જ કિરીટસિંહને સોંપાયા બાદ આ અધિકારી સતત વિવાદમાં રહેતા તેમની પાસેથી ચાર્જ છીનવી ડીપીઈઓ દિક્ષિત પટેલને ચાર્જ સોંપવામાં આવ્યો હતો

**અબતક, રાજકોટ**

રાજ્યના શિક્ષણ વિભાગની ગાંધીનગર ખાતે આવેલી વિવિધ કચેરીઓમાં ૯ જેટલા વર્ગ-૧ના અધિકારીઓ ફરજ બજાવતા હોવા છતાં રાજ્યના ૮ જેટલા જિલ્લાઓમાં ડીઈઓ-ડીપીઈનો જગ્યા ચાર્જથી ચાલતી હોવાનું સામે આવ્યું છે. વર્ગ-૧ના અધિકારીઓ હોવા છતાં ઘણા જિલ્લાઓમાં મહત્વની ગણાતી ડીઈઓ-ડીપીઈઓની જગ્યા વર્ગ-૨ના અધિકારીઓથી ચાર્જમાં ચાલે છે. વડી કચેરીઓમાં બેઠેલા વર્ગ-૧ના અધિકારીઓને જિલ્લાઓમાં




કામગીરી કરવા માટે જવું ન હોવાના લીધે જિલ્લાઓમાં જગ્યાઓ ચાર્જથી ચલાવવાની ફરજ પડે છે. થોડાક સમયમાં આ વર્ગ-૧ના અધિકારીઓને ડેપ્યુટી ડાયરેક્ટરનું પ્રમોશન આવી જશે, જેથી તેઓ જિલ્લાઓમાં ફરજ બજાવ્યા વગર જ વડી કચેરીઓમાં જ ફરજ બજાવતા જોવા મળશે. રાજ્યમાં વલસાડ ડીપીઈઓ, અમદાવાદ ડીપીઈઓ, મહિસાગર ડીપીઈઓ, ભાવનગર ડીપીઈઓ, સુરેન્દ્રનગર ડીપીઈઓ, સુરત ડીપીઈઓ, વડોદરા ડીઈઓ અને રાજકોટ ડીઈઓની જગ્યા હાલમાં ચાર્જથી ચાલે છે. બીજી તરફ ગાંધીનગર સ્થિતિ શિક્ષણની કચેરીઓમાં વર્ગ-૧ના અંદાજે ૯ જેટલા અધિકારીઓ ફરજ બજાવે છે. અધિકારીઓ જિલ્લામાં જવા માંગતા નથી અને બીજી બાજુ મહત્વની જગ્યાઓ ખાલી પડી હોવાથી ચાર્જથી ચલાવવાની ફરજ પડી રહી છે. આ સ્થિતીમાં વર્ગ-૧ના અધિકારીઓને જિલ્લાોમાં મુકવામાં આવે તો તમામ જિલ્લાઓના કાયમી અધિકારીઓ મળી રહે તેમ છે. હાલમાં વર્ગ-૧ના અધિકારીઓ જે જગ્યાઓ પર કામગીરી કરી રહ્યા છે ત્યાં વર્ગ-૨ના અધિકારીઓથી પણ કામગીરી ચાલી શકે તેમ હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. રાજ્યમાં ડીઈઓ-ડીપીઈઓની જગ્યાનો ચાર્જ વર્ગ-૨ના અધિકારીઓને આપવાના લીધે ઘણી વખત વિવાદ સર્જાયા છે. હાલમાં પણ સુરેન્દ્રનગર અને વલસાડમાં વર્ગ-૨ના અધિકારી પાસે વર્ગ-૧નો ચાર્જ છે. આ સિવાય ચાર્જમાં ચાલતી જગ્યાઓમાં પણ લાંબા અંતર સુધીના ચાર્જ અપાતાં વહિવટી

(અનુ. આઠમા પાને)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું ગૌરવ: ખેલ મહાકુંભમાં હેમાલી વ્યાસ સ્વિમિંગમાં બની ચેમ્પિયન

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે આ ગર્વની વાત છે કે પીએચડીની વિદ્યાર્થીની હેમાલી વ્યાસે સ્પેશિયલ મહા કુંભમાં પેરા સ્વિમિંગમાં ગોલ્ડ મેડલ જીત્યો છે.

હેમાલી વ્યાસે અમદાવાદ ખાતે યોજાયેલ સ્પેશિયલ ખેલ મહા કુંભમાં પેરા સ્વિમરની ૫૦ મીટર ફ્રી સ્ટાઈલ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે. આ તેમની સખત મહેનત, સમર્પણ અને રમત પ્રત્યેના લગાવનું પરિણામ છે.

આ સિદ્ધિ માત્ર હેમાલી માટે જ નહીં પરંતુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને સમગ્ર ગુજરાત માટે પણ એક મોટી ઉપલબ્ધિ છે. પેરા સ્વિમિંગમાં ગોલ્ડ મેડલ જીતવો એ કોઈ નાની વાત નથી અને હેમાલીએ પોતાની ક્ષમતાઓ અને હિંમતનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. હેમાલી વ્યાસે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પીએચડી વિદ્યાર્થી તથા અર્થશાસ્ત્ર ભવનમાં એમ. એ ના પૂર્વ વિદ્યાર્થી છે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર ઉત્પલભાઈ જોશી એ હેમાલી વ્યાસની આ સિદ્ધિ બદલ અભિનંદન અને શુભેચ્છા પાઠવી છે તેમજ હેમાલી વ્યાસના માતા-પિતાને પણ બિરદાવ્યા છે.



# જીકાસ પર પ્રવેશ માટે હવે બુધવાર સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત રાજ્યની ૧૪ સરકારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ફાયદો થશે

**અબતક, રાજકોટ**

વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખી જજીકાસ પોર્ટલ પર પ્રવેશના પ્રથમ તબક્કાની ઓનલાઈન અરજી કરવાની સુવિધા ૨૧ મે સુધી લંબાવવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૨ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓએ ક્વિક રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જીકાસ પોર્ટલ પર વિદ્યાર્થીઓ સ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયામાં ક્વિક રજીસ્ટ્રેશનની કાર્યવાહી ૨૫



માર્ચથી શરૂ કરવામાં આવી હતી. સ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સમાં પ્રવેશની કાર્યવાહી માટે યુનિવર્સિટી-કોલેજો દ્વારા ૧ હજાર જેટલા ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર અને વેરિફિકેશન સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે.શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી જીકાસ પોર્ટલ મારફત વિદ્યાર્થીઓ સ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી શકે તે માટે ક્વિક રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ૨૫ માર્ચથી શરૂ કરવામાં આવી હતી. સંપૂર્ણ ફોર્મ ફીલિંગની પ્રક્રિયા તથા ઓનલાઈન અરજીના વેરિફિકેશન ૯ મેથી શરૂ થઈ છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ૧૯ મેના રોજ વિદ્યાર્થીઓને મળવાની હોવાથી તથા અસલ માર્કશીટ વિના વેરિફિકેશન નહિ થઈ શકે તેવા વિદ્યાર્થીઓ-કોલેજનો ગેરસમજને ધ્યાને રાખતાં વિદ્યાર્થીઓના હિતમાં સરકાર દ્વારા પ્રવેશના પ્રથમ તબક્કામાં ઓનલાઈન અરજી કરવાની સુવિધા ૨૧ મે સુધી લંબાવવામાં આવી છે. ઓનલાઈન અરજી અને વેરિફિકેશનમાં વિદ્યાર્થીઓ-વાલીઓને કોઈ પ્રશ્નો ન ઉદ્ભવે તથા પ્રવેશ પ્રક્રિયા સુચારુરૂપે થઈ શકે તે માટે શિક્ષણમંત્રી દ્વારા ૧૫ મેના રોજ જીકાસ પોર્ટલ સાથે સંકળાયેલી યુનિવર્સિટીઓના કુલપતિઓ સાથે બેઠક કરીને તેમને સમીક્ષા કરી હતી. જીકાસ પોર્ટલ મારફત કોઈ ટેકનિકલ મુશ્કેલી હોય તે તેઓ જીકાસ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલી છે.

૧૬ મે સુધીમાં કુલ ૨૦૮૯૮૧ વિદ્યાર્થીઓએ ક્વિક રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જેમાંથી કુલ ૧૨૨૬૧૯ વિદ્યાર્થીઓએ કોલેજ-પ્રોગ્રામની ચોઈસ કરી દીધી છે. જયારે કુલ ૧૧૭૯૯૯ વિદ્યાર્થીઓએ તેમની ઓનલાઈન અરજી સબમિટ કરી દીધી છે. સ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સમાં પ્રવેશની કાર્યવાહી માટે યુનિવર્સિટી-કોલેજો દ્વારા ૧૦૦૦ જેટલા ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર અને વેરિફિકેશન સેન્ટર કાર્યરત છે.

# ભારતીય પોસ્ટલ એમ્પ્લોયઝ યુનિયનના અધિવેશનમાં હોદેદારોની કરાય વરણી

## અધિવેશનમાં યુનિયનને લગતા પ્રશ્નો ઉઠાવાયા, સૌરાષ્ટ્ર કચ્છના આગેવાનોએ કર્મચારીઓને થતા અન્યાય સામે અવાજ ઉઠાવવા હાંકલ કરી





**અબતક, રાજકોટ**

તાજેતરમાં રાજકોટ હેડ પોસ્ટ ઓફિસના પ્રાંગણમા પોસ્ટલ એમ્પ્લોયઝની ત્રણે પાંખનું દ્વીવાર્ષિક અધિવેશનની બેઠકમાં યુનિયનને લગતા પ્રશ્નો હોદેદારોની વરણી ભવિષ્યના આયોજનની ચર્ચા કરવા આવેલ ગોંડલના એસ. કે.વૈષણવ અમદાવાદના જનરલ સેક્રેટરી અપૂર્વભાઈ કડીયા રીજીનલ સેક્રેટરી હિરેનભાઈ વાજા ગોંડલ ખાસ ઉપસ્થિત રહેલ તેમજ સૌરાષ્ટ્ર કચ્છ ના વિવિધ આગેવાનો આ અધિવેશનમાં ઉપસ્થિત રહેલ અને કર્મચારીઓ ને થતાં અન્યાય સામે અવાજ ઉઠાવવા હાકલ કરેલ

આગવા બે વર્ષ માટે પી ૩ ક્લાર્ક ના પ્રમુખ તરીકે વી.આર. જાડેજા સેક્રેટરી તરીકે વી.વી.ચાવડા એસ.પી.એમ

(અનુ. આઠમા પાને)





વિશેષ નોંધ: (૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

લવાજમ ભરવાનું સ્થળ: અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.

આજે જ સંપર્ક કરો : MO:- +૯૧ ૭૦૪૮૧ ૩૦૦૦૧, ૦૨૮૧- ૨૪૬૧૨૩૪

### વીણાબેન કેતનભાઈ શેઠ પરિવાર દ્વારા

# ધારીમાં 'સ્વસ્તિક સુવર્ણ ઉત્સવ'થી જૈન-જૈનતરોમાં ધર્મોલ્લાસ

**૭૧ આરાધકોના વર્ષીતપ પારણા - પ્રેરણા ઉત્સવની ત્રિ દિવસીય ઉજવણી**

**વેરાવળ, વડોદરા, મોરબી મુંબઈ અને સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર સહિતના આરાધકો ધારીમાં ભવ્યાતિભવ્ય ઉજવણીમાં જોડાયા**

**ગોંડલ સંપ્રદાયના સાધ્વી રત્ના સદાનંદી પૂ. સુમતિબાઈ મહાસતિજી આદિ વિશાળ સતિવૃંદની આશિર્વાદ પાઠવ્યા**

**ત્રણ દિવસ ધારીના નગરજનો પોતાના ધંધા રોજગાર બંધ રાખી તપ ધર્મની બેજોડ અનુમોદના ઉત્સવમાં જોડાયા**



**અબતક, રાજકોટ**

ધારીની ધન્ય ધરા છે. કારણકે ધારી અને તેની આજુબાજુના ક્ષેત્રોમાંથી અનેક હળુ કર્મી આત્માઓએ દીક્ષા અંગીકાર જિન શાસનની આન - બાન - શાન વધારેલ છે.

ગામ નાનું પણ ભકિત ભાવવાળા નગરજનો છે લગભગ, એક - સવા વર્ષ પહેલાની વાત છે. માતુશ્રી મૃદુલાબેન નવીનભાઈ શેઠ પરિવાર રાષ્ટ્ર સંત પૂ. ગુરુદેવ નમ્રમુનિ મ.સા.ના દર્શને આવેલ. ગુરુદેના ચરણ કમળોમા પોતાના ભાવ વ્યકત કર્યા હતો

ગુરુદેવ ની પ્રેરણાથી ધારી ધર્મ સ્થાનકનુ નૂતનીકરણ થયું હતું શાતાકારી ઉપાશ્રય થઈ ગયો.

પૂજ્ય ગુરુ ભગવંતે સદ્બોધ આપતા કહ્યું કે તપથી અનંતા કર્મોની નિર્જરા થાય છે.

જૈન - અજૈન સૌ કોઈ આદીનાથ ઋષભદેવ સહિત અનેક તીર્થંકર પરમાત્માઓએ પ્રરૂપેલ તપની જયોતને જલતી રાખે તે લક્ષે તપોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે

વીણાબેન કેતનભાઈ શેઠ પરિવાર દ્વારા અહોભાવ સાથે આરાધકોને વિનંતી કરી અને ફળશ્રુતિ રૂપે બે - પાંચ નહીં પરંતુ વિવિધ ક્ષેત્રોમાંથી ૭૧ ઉપરાંત આરાધકો અહોભાવ પૂર્વક જોડાયા હતા

ઐતિહાસિક સ્વસ્તિક સુવર્ણોત્સવ

સંયમ અર્ધ શતાબ્દી અનુમોદના અવસરમાં પૂ. મહાસતીજીઓ જેવા કે ૧) ઉર્મીલાબાઈ મહા. ૨) ડો. પૂ. ડોલર બાઈમ ૩) પૂ. કલ્પનાબાઈ મ. ૪) પૂ. સંગીતાબાઈ મ. ૫) પૂ. નદાબાઈમ ૬) પૂ. સુનંદાબાઈ મ. જેઓએ સંયમ જીવનની અર્ધશતાબ્દી પૂર્ણ કરેલ છે. અને સંયમ જીવનના ૫૦માં વર્ષમાં પૂ. અજીતાબાઈ મહા. અને પૂ. ડો. અમિતાબાઈ મહાસતીજી પ્રવેશ કરી રહ્યા છે. તપસ્વી ૭૧ - અખંડ સેવા ભાવી પૂ. ભદ્રાબાઈ મ.ના સુશિષ્યા એવા સંયમી આરાધક છઠ્ઠ વાર્ષિતપના તપસ્વીની પૂ. ભવિતાબાઈ મ. + સૌરાષ્ટ્ર ભરના ૭૦ તપસ્વી સૌરાષ્ટ્રભરના સામુહિક પારણા પ્રેરણા અનુમોદના મહોત્સવ માદરે વતન ઉપકારી માતા-પિતા એવં માતૃભૂમિ ઋણ સ્વીકાર અવસર શોભાયાત્રા, સૌથી પહેલા મહાવીરના શાસનના ધર્મધ્વજો શાસનપતિ ભગવાન મહાવીર સ્વા. ફોટાથી, નવકાર મંત્ર ફોટા પૂ. ગુરુવર્યોના ફોટા, કળશ, અષ્ટ મંગલ, ૧૪ સ્વપ્ન, શુકન કળશ લોટી નાળીયેર તલવારી ખેલતી દિકરીઓ, કુવારકા ગરબી મંડળની દીકરીઓ, ૪૦ તપ સ્લોગન, સંઘપતિ જીપ્સી, તપસ્વીના ૯ ટ્રેકટરો અહિ વિવિધ પ્રોટસ સાથે વિશાળ

(અનુ. આઠમા પાને)





# વન સાથે વાતું, કોમલ કિરણોમાં સૂર્ય સ્નાન, ઘેઘુર વૃક્ષ નીચે ધ્યાન એટલે ફોરેસ્ટ બાથીંગ!

**બ્રહ્માકુમારીઝ દ્વારા યોજાયેલા ફોરેસ્ટ બાથીંગમાં ૫૦ લોકોએ ભાગ લીધોઃ પ્રકૃતિ રક્ષાનો સુંદર સંકલ્પ લીધો**




**અબતક, રાજકોટ**

પ્રકૃતિ સોળ કલાએ ખિલી હોય અને તેની વચ્ચે આપણને પાંચ પંદર મિનિટ નહિ કિન્તુ કલાકો વિતાવવા મળે તેનાથી રુડું શું!

જિ હા, બ્રહ્માકુમારીઝ પંચશીલ સેવા કેન્દ્ર દ્વારા રીટ્રિટ સેન્ટર હેપ્પી વિલેજ ખાતે શનિ - રવિ ફોરેસ્ટ બાથીંગ યોજાયો હતો. જેમાં અંદાજે ૫૦ લોકોએ ભાગ લીધો હતો. બ્રહ્માકુમારી વિધિબેન, તનિષાબેન અને અવનીબેને સર્વને માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમ ગુજરાત ઝોન ડાયરેક્ટર વરિષ્ઠ બ્રહ્માકુમારી ભારતીદીદીજીના માર્ગદર્શન તળે યોજાયેલ હતો.

સૃષ્ટિના રચનાકાર પરમાત્માની યાદ અને હરિયાળી, વનરાઈ અને શહેરના શોરબકોરથી દૂર વન સાથે વાતો, કોમલ કિરણોમાં સૂર્ય સ્નાન આપણને સોનેરી સંકલ્પ સ્વતઃ કરાવે છે કે - હે કુદરત, હે ધરતી માઁ, હે ઘેઘુર વૃક્ષો હું આજીવન આપનું રક્ષણ કરીશ. મારા તન મન ને શાતા આપવા બદલ, શુકુન આપવા બદલ આપને શુક્રિયા. હેપ્પી વિલેજના એંજલ પાર્કમાં ઓમ મંગલ ધ્વનિ વચ્ચે આવો સુંદર અનુભવ સહુ કોઈને થયો હતો.

બ્રહ્માકુમારી વિધિબેન, તનિષાબેન, અવનીબેને કાર્યક્રમના તમામ સહભાગીઓને આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક તરીકાથી તેના સુભગ સમન્વયથી કેટલીક એક્ટિવિટી કરાવી ,જેનાથી સહભાગીઓને શાંતિ, શુકુન, તાજગી, પ્રસન્નતાનો

(અનુ. આઠમા પાને)

# કષ્ટભંજનદાદાને ૧૦૦ કિલો બદામ-૧૫૦ કિલો બુંદીના લાડુંનો અન્નકૂટ ધરાવાયો

**અબતક, રાજકોટ**

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા. ૧૯-૦૫-૨૦૨૫ ને સોમવારના રોજ કષ્ટભંજનદેવ હનુમાનજી ૧૦૦ કિલો બદામ અને ૧૫૦ કિલો બુંદીના લાડુંનો અન્નકૂટ ધરાવાયો હતો. સવારે ૫:૪૫ કલાકે આરતી પૂજારી સ્વામી દ્વારા દ્વારા કરવામાં આવી હતી. શ્રીહરિ મંદિરમાં ઠાકોરજીને ચંદનના વાઘાનો શણગાર કરવામાં આવ્યો હતો.



# ગાર્ડી વિદ્યાપીઠ અને ક્રિષ્ના કલબ દ્વારા છાત્રો માટે 'મંડલા આર્ટ' સેમિનાર સંપન્ન

**વર્કશોપમાં વિવિધ ફેકલ્ટીના ૫૫ વિદ્યાર્થીઓ લીધો ભાગ**





**અબતક, રાજકોટ**

રાજકોટની નામાંકિત ગાર્ડી વિદ્યાપીઠ ખાતે તાજેતરમાં ક્રિષ્ના કલબ હેઠળ આર્ટ સિપયર શિર્ષક સાથે વિદ્યાથીઓ માટે મંડલા આર્ટ વર્કશોપનું યોજવામાં આવ્યું હતું. જેમાં મંડલા આર્ટ દ્વારા બે દિવસ દરમિયાન ચાર અલગ અલગ ભૌમિતિક આકૃતિઓ બનાવવામાં આવી હતી.

આ વર્કશોપમાં સંસ્થાના પ્રોફેસર યશસ્વી શાહ દ્વારા તજજ્ઞ તરીકે સેવા આપવામાં આવેલ, આ દિવસના વર્કશોપમાં કુલ ૫૫ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો, જેમાં હોમિયોપેથી, આયુર્વેદ, નર્સિંગ, એમબીએ તેમજ એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ વર્કશોપ થકી વિદ્યાર્થીઓમાં કોન્સન્ટ્રેશન અને ફોકસમાં વધારો થવાના પ્રતિભાવ મળ્યા હતા. મંડલા આર્ટ એ ભારતીય ભૌમિતિક

(અનુ. આઠમા પાને)

# જયાં નજર ત્યાં નૂરઃ જનકલ્યાણ ટ્રસ્ટે ૭૦૦ આંખોમાં રોપ્યું અજવાળું

**'અબતક' સાથેની શુભેચ્છા મુલાકાતમાં ટ્રસ્ટના આગેવાનો સમગ્ર માહીતી આપી**



**અબતક, રાજકોટ**

જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ છેલ્લા સાત વર્ષથી ચક્ષુદાન, સ્કિન ડોનેશન, દેહદાન જેવી સમાજ સેવાનું કામ કરી રહી છે. તેમજ અનેક પ્રકારના વિવિધ પ્રયત્નો દ્વારા સમાજમાં જાગૃતિ માટે અવિરત કાર્યો કરતું રહ્યું છે. જનજાગૃતિ માટે ૨૦૧૭ થી રાજકોટમાં યોજાતા લોકમેળામાં સ્ટોલ રાખી સવારે ૧૦ થી રાતના ૧૧ અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનનો પ્રસાર પ્રસાર કરેલ અને સંકલ્પ પત્રો ભરેલ તેમજ સાંજે જુદા જુદા ફાયર સ્ટેશનોએ, જાહેર રસ્તાઓ, મંદિરો જેવી જગ્યાએ સાંજે ૫ થી ૭ બોર્ડ તથા બેનરો લઈ કાર્યકરો ઉભા રહેતા. તેવી જ રીતે વહેલી સવારે વોકિંગ ઝોન વિસ્તારમાં જેવા કે રેસકોર્સ રિંગ રોડ, હનુમાન મઢી વગેરે જેવા સ્થળોએ બોર્ડ તથા બેનરો લઈ જનકલ્યાણ ટ્રસ્ટની ટીમ પ્રચાર પ્રસાર માટે ઉભા રહી માહીતી સભર પેમ્પલેટનું વિતરણ કરાયા હતા.

'અબતક'સાથેની શુભેચ્છા મુલાકાતમાં ઉમેશભાઈ મહેતા ચેરમેન, કનુભાઈ પરમાર, ખજાનચી, પ્રદિપભાઈ પંડયા કાર્યાલય મંત્રી, જનાર્દનભાઈ આચાર્ય, નૈષિધભાઈ વોરા, રામશીભાઈ વરુ અતુલભાઈ શાહ, મેહુલભાઈ રાવલ, સંજયભાઈ ગાંગાણી એ વધુ વિગતો આપી હતી કે, આ ઉપરાંત સ્મશાનમાં પણ સતત છ દિવસનો સવારે ૮ થી ૧ અને સાંજે ૪ થી ૮ એમ રોજના ૯ કલાક તેઓ જાગૃતિ કાર્યક્રમ યોજેલ અને ચક્ષુદાન માટેની મેડિકલ ટીમ હાજર રાખેલ, આ સ્મશાનના છ દિવસના કાર્યક્રમો અમોએ સ્મશાનમાં જ સાત ચક્ષુદાન મેળવેલ.

આ અમારા પ્રયત્નોથી પ્રથમ સો ચક્ષુદાન થતા ચાર વર્ષ લાગેલ, બીજા સૌ ચક્ષુદાન માત્ર ૧૪ મહિનામાં ત્રીજા સો ચક્ષુદાન ૧૦માં ચોથા સો ચક્ષુદાન સવા ૮ મહિનામાં પાંચમાં સો ચક્ષુદાન માત્ર ૫ મહિનામાં અને છઠ્ઠા સો ચક્ષુદાન ૮ મહિનામાં અને આ સાતમાં સો ચક્ષુદાન માત્ર પાંચ મહિનામાં પૂર્ણ થયેલ છે. એટલે કે અત્યારે ૭૦૧ ચક્ષુદાન પૂર્ણ થયેલ છે.

આ ઉપરાંત ઉનાળામાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને નિઃશુલ્ક છાશ વિતરણ પણ કરવામાં આવે છે જે અંતર્ગત ગત વર્ષે ૨૦૨૪-૨૫ દરમિયાન ૪૨ દિવસ સુધી અંદાજે એક લાખ રૂપિયાથી વધુની

(અનુ. આઠમા પાને)


### રાજકોટની ધરોહર સમા

# દરબારગઢના દ્વાર ખોલશે ઈતિહાસના પન્ના, ટૂંકમાં સંગ્રહાલયનું ઉદઘાટનઃ માંધાતાસિંહ જાડેજા


**રાજકોટ નગરની સ્થાપના અને વૈભવશાળી અસ્તિત્વની સાંસ્કૃતિક, પરંપરાગત અને ઐતિહાસિક યાત્રાનું થશે મંગલાચરણ**

**અબતક, રાજકોટ**

સોનીબજારમાં આવેલું અને દરબાર ગઢ નામથી ઓળખાતું એક જાજરમાન સંકુલ એટલે રાજકોટના રાજવી પરિવારનું ભૂતપૂર્વ નિવાસસ્થાન. આ ૩૫૦ વર્ષની આયુષ્ય ધરાવતું આ સ્મારક રાજકોટ નગરની સ્થાપના અને તેમની વૈભવશાળી અસ્તિત્વની સાંસ્કૃતિક, પરંપરાગત, ઐતિહાસિક યાત્રામાં ખૂબ જ મહત્વપૂર્ણ છે. દરબારગઢ સંકુલમાં ૧૫ થી વધુ સ્થાપત્યો જેવાં કે રંગમહેલ, રાણીવાસ, હુઝુર ઓફિસ, અમરસિંહજી ભુવન, બાવાજીરાજ ભુવન, ટીલામેડી, આઉટ હાઉસ, શીશમહેલ, બગીખાનાંનો સમાવેશ થાય છે. કચ્છમાં સને. ૨૦૦૦ દરમિયાન આવેલાં ભયાનક ભૂકંપની રાજકોટમાં થયેલી અસર ઉપરાંત સ્થાપત્યોની ઉંમરના કારણે જર્જરિત, અસ્થિર અને ધ્રુજતી સ્થિતિમાં હતી. પરંતુ રાજકોટના રાજ પરિવારની દીર્ઘ દ્રષ્ટિ અને ઐતિહાસિક ઈમારતો પ્રત્યેની અપ્રતિમ લાગણીનાં કારણે રાજકોટ રાજ્ય ફાઉન્ડેશન દ્વારા એ ક્ષિપ્ત-વિક્ષિપ્ત સ્થાપત્યના સંરક્ષણ પુનઃસ્થાપનના વ્યાપક કાર્યો હાથ ધરવામાં આવ્યા છે.



દરબારગઢ નવીનીકરણનાં પ્રથમ તબક્કામાં સંપન્ન થયેલાં વિવિધ વિભાગોનાં દ્વાર નગરજનો, પ્રવાસીઓ અને દેશ-વિદેશનાં મહેમાનો માટે ટૂંક સમયમાં સંગ્રહાલય તરીકે ખુલ્લાં મુકવામાં આવનાર છે. સદરહુ મ્યુઝિયમ રાજકોટના એક પ્રાંત તરીકેના મુખ્ય પાસાઓ, તેના શાસકો, રાજ્ય અધિકારીઓ, નાગરિકોની જીવનશૈલી પર પ્રકાશ પાડે છે. અધ્યાત્મ જગતનાં સારથિ જગદ્દગુરુ શંકરાચાર્યજી, વિશ્વ વંદનીય રણછોડદાસજી મહારાજ, રાજર્ષિ મુનિજી ઉપરાંત રાષ્ટ્ર નાયકો સર્વ મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, નરેન્દ્રભાઈ મોદીનાં પત્રો અને પત્રવ્યવહાર, વિન્ટેજ ફર્નિચર, અત્યંત મૂલ્યવાન ચિત્રો, પ્રતિમાઓ, શસ્ત્રાગાર, શાસક દ્વારા કરવામાં આવેલા જાહેર કાર્યો અને અનેકવિધ રાજકીય વિરાસતની ઝાંખી કરાવતાં દરબાર ગઢ મ્યુઝિયમ તૈયાર કરવાનો સંકલ્પ એ રાજકોટ રાજ પરિવાર અને રાજકોટ રાજય ફાઉન્ડેશનનો સંયુકત પ્રયાસ એ ભારતીય



(અનુ. આઠમા પાને)

# ડિજિટલ ફ્રોડ વિરૂદ્ધ સાયબર ક્રાઈમ પોલીસની સર્જીકલ સ્ટ્રાઈકઃ ૧૫ દિવસમાં ૧૨ ગુના ઉકેલાયા

## ચાઈનીઝ સાયબર ક્રાઈમ ગેંગના સાગરીતો અને ડિજિટલ એરેસ્ટ જેવા વિવિધ ગુનાઓ આચરતા ભેજાબાજોને ગુજરાત પોલીસની એક્ષપર્ટ ટીમોએ ઝડપી પાડ્યા

**અબતક, રાજકોટ**

હાલના ડિજિટલ યુગમાં સાયબર ક્રાઈમ સમગ્ર વિશ્વમાં એક પડકારરૂપ બની રહ્યો છે ત્યારે દેશમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના નેતૃત્વમાં ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ સાથે સાયબર ક્રાઈમ અટકાવવા તેમજ સાયબર ક્રાઈમ કરતા ગુનેગારોને પકડવા મક્કમતાથી કાર્યવાહી થઈ રહી છે. જે અંતર્ગત ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાત પોલીસે સાયબર ક્રાઈમ રોકવા અવેરનેસ ઝુંબેશની સાથે સાથે અધ્યતન સંસાધનો અને તજજ્ઞ અધિકારીઓની ટીમની મદદથી નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. આ બજેટમાં કરોડો રૂપિયાના ખર્ચે હાઈટેક સાયબર એક્સલેન્સ સેન્ટર તૈયાર કરવા પણ ખાસ જોગવાઈ કરવામાં આવી છે.


છેલ્લા ૧૫ દિવસમાં રાજ્યના ચાર મહાનગરો - અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરાની સાયબર ક્રાઈમ ટીમો તથા સ્ટેટ સાયબર ક્રાઈમ સેલે ૧૨ મહત્વના કેસો ઉકેલીને ચાઈનીઝ સાયબર ક્રાઈમ ગેંગના સાગરીતો અને ડિજિટલ એરેસ્ટ જેવા ગુનાઓ આચરનારા ભેજાબાજોને ઝડપી પાડ્યા છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આ સફળતા બદલ ગુજરાત પોલીસની તમામ ટીમો અને તેમને માર્ગદર્શન આપનાર અધિકારીઓને અભિનંદન પાઠવ્યા છે.

અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે ૧૬ મે ૨૦૨૫ના રોજ કમ્બોડિયા અને નેપાળથી સંચાલિત ચાઈનીઝ સાયબર ક્રાઈમ ગેંગના ૬ સભ્યો મનન ગોસ્વામી, રાહુલ યાદવ, આરીફ સૈયદ, ગૌતમ ઉર્ફે માર્કો, ચિરાગ ઢોલા અને યશ યાદવને ઝડપી પાડ્યા. આ ગેંગે પ્રણય ભાવસાર નામના વ્યક્તિનું બેંક ખાતું હેક કરી રૂ. ૪૮.૮૫ લાખનું ટ્રાન્ઝેક્શન કર્યું હતું. આરોપીઓએ પ્રણયને નેપાળની હોટેલમાં ૬ દિવસ ગોંધી રાખી ડિજિટલ એરેસ્ટ, ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ અને ટેલિગ્રામ ટાસ્ક ફ્રોડ જેવા ગુનાઓ આચર્યા હતા. ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે આરોપીઓ અમદાવાદ અને સુરતથી પકડાયા હતા. આ ખાતાઓ સામે એનસીપીસીઆર પોર્ટલ પર ૨૦૦થી વધુ ફરિયાદો નોંધાઈ છે.

**ડિજિટલ એરેસ્ટ કરી રૂ. ૧૪.૯૪ લાખ પડાવનાર જનક ભાલાળા અને ભાવેશ બોરડ સુરતથી ઝડપાયાઃ** ૧૪ મે ૨૦૨૫ના રોજ અન્ય એક કેસમાં, ડિજિટલ એરેસ્ટ દ્વારા રૂ. ૧૪.૯૪ લાખની છેતરપિંડી કરનાર જનક ભાલાળા અને ભાવેશ બોરડને સુરતથી ઝડપાયા હતા. આરોપીઓએ ફરિયાદી મહિલાને મુંબઈ સાયબર ક્રાઈમ ઈન્સ્પેક્ટર તરીકે ખોટી ઓળખ આપી, ડ્રગ્સના પાર્સલનું બહાનું કરી ડિજિટલ એરેસ્ટ કરી હતી.

**કંબોડિયન-ચાઈનીઝ ગેંગનો સાગરીત દિલીપ જાગાણીને પકડી લેવાયોઃ** તે ઉપરાંત અન્ય એક કેસમાં આરોપી દીલીપ જાગાણી (ઉ.વ. ૩૩, અમદાવાદ) સાયબર ફ્રોડ અને છેતરપિંડીના ૭ ગુનાઓમાં સંડોવાયેલો છે, જેમાં ડિજિટલ એરેસ્ટ, ખોટા દસ્તાવેજો અને ઠગાઈનો સમાવેશ થાય છે. તે બેંક ખાતાઓ મેળવી, ફ્રોડના નાણાં ટ્રાન્સફર કરી, નેપાળમાં કંબોડિયન- ચાઈનીઝ નાગરિકો સાથે હેરફેર કરતો હતો. તેની પણ ધરપકડ કરવામાં આવી છે.

**દુબઈથી ડિજિટલ ફ્રોડ આચરતો અનિલ ખેનીને ઉઠાવી લેવાયોઃ** ૦૨/૦૫/૨૦૨૫ના રોજ દુબઈથી સાયબર ફ્રોડ આચરતી ગેંગના આરોપી અનિલભાઈ ખેની (ઉ.વ. ૩૫, રહે. સુરત)ને સુરત સાયબર ક્રાઈમ સેલે ઝડપ્યો, જેણે પીઓએસ મશીન દ્વારા દિરહામ ઉપાડી





ફ્રોડ કર્યું હતું. ૪ મોબાઈલ, ૫ ડેબિટ કાર્ડ, ૧૨ સિમકાર્ડ સહિતનો મુદ્દામાલ કબજે કરાયો. તે ઉપરાંત ૦૭/૦૫/૨૦૨૫ના રોજ ફોરેક્સ ટ્રેડિંગની લોભામણી ઓફર આપી રૂ. ૯,૩૦,૭૦૦ની ઠગાઈ કરનાર રાહુલ ચૌધરી (ઉ.વ. ૨૮, રહે. વાપી)ને સુરત સાયબર ક્રાઈમ સેલે ઝડપ્યો. તેણે ઈન્સ્ટાગ્રામ દ્વારા બનાવટી એપમાં રોકાણ કરાવી છેતરપિંડી કરી હતી.

**ડિજિટલ એરેસ્ટ કરી રૂ. ૧.૧૫ કરોડ ઓળવી જનાર શખ્સ લખનૌ એરપોર્ટથી ઝડપાયોઃ** ૧૫/૦૫/૨૦૨૫ના રોજ વિમા કંપનીના નામે ખોટી પોલીસી લેવડાવી રૂ. ૯૯,૫૦,૦૦૦ની ઠગાઈ કરનાર અને સુમીતકુમાર ઠાકુર (દિલ્હી)ને સુરત સાયબર ક્રાઈમ સેલે ઝડપ્યા. જેમણે ફોન/ઈમેઈલ દ્વારા ખોટી માહિતી આપી છેતરપિંડી કરી હતી. અન્ય કેસમાં ૧૬/૦૫/૨૦૨૫ના રોજ ૯૦ વર્ષના સિનિયર સિટિઝનને ડિજિટલ એરેસ્ટ કરી રૂ. ૧,૧૫,૫૦,૦૦૦ની ઠગાઈ કરનાર પાર્થ ગોપાણી (ઉ.વ. ૨૨, નેપાળ)ને લખનૌ એરપોર્ટથી ઝડપ્યો. તેણે સીબીઆઈ/ઈડીની ખોટી ઓળખ આપી ફ્રોડ કર્યું હતુ. જ્યારે ૧૬/૦૫/૨૦૨૫ના રોજ સિનિયર સિટિઝનને ડિજિટલ એરેસ્ટ કરી રૂ. ૨૨,૦૦,૪૦૦ની ઠગાઈ કરનાર કૃણાલસિંહ સિસોદીયા (ઉ.વ. ૨૧, રહે. અમદાવાદ)ને સુરત સાયબર ક્રાઈમ સેલે ઝડપ્યો. સીબીઆઈ અધિકારીની ખોટી ઓળખ આપી વિડિયો કોલ દ્વારા ફ્રોડ કર્યું.

**રઘુવીર ચૌહાણને મહારાષ્ટ્ર બોર્ડર પરથી દબોચી લેતી રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસઃ** રાજકોટ સાયબર ક્રાઈમ ટીમે ૩ મે ૨૦૨૫ના રોજ રઘુવીરસિંહ ચૌહાણને ગુજરાત-મહારાષ્ટ્ર બોર્ડર પરથી પકડ્યો, જેણે બનાવટી પ્રોફાઈલ બનાવી નાણાંની છેતરપિંડી કરી હતી. તે ઉપરાંત ૨ મે ૨૦૨૫ના રોજ, ૯ સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરો વિરુદ્ધ ઓનલાઈન ગેમ્બલિંગ વેબસાઈટ્સના પ્રમોશન બદલ કાર્યવાહી કરવામાં આવી.

**વડોદરા સાયબર ક્રાઈમે રૂ. ૧.૦૧ કરોડ રિફંડ કરાવ્યાઃ** વડોદરા સાયબર ક્રાઈમ પોલીસે મે ૨૦૨૫ સુધી રૂ. ૨.૭૧ કરોડના ફ્રોડમાંથી રૂ. ૧.૦૧ કરોડ રિફંડ કરાવ્યા. એક કેસમાં, રૂ. ૨૩ લાખના ડિજિટલ એરેસ્ટ ફ્રોડનો આરોપી પુણેથી પકડાયો, જેણે ૧૫થી વધુ બેંક ખાતાઓ દ્વારા રૂ. ૫૦ લાખનું ટ્રાન્ઝેક્શન કર્યું હતું.

**ભારતીય ચેનલોને નુકસાન પહોંચાડતી ગેંગની તપાસઃ** વડોદરામાં હસમન ગુપ્તાની ફરિયાદ પર, બોસીપ ટીવી અને આઈપી ટીવી દ્વારા ગેરકાયદે સ્ટ્રીમિંગ સેવા પૂરી પાડનાર આરોપીઓ વિરુદ્ધ તપાસ શરૂ કરાઈ, જેનાથી ભારતીય ચેનલોને આવકનું નુકસાન થયું હતું.

### ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સફળતા બદલ ગુજરાત પોલીસની તમામ ટીમોને અભિનંદન પાઠવ્યા


જાહેર નિવિદા નં.-૧/૨૦૨૫-૨૬

લોધીકા તાલુકા પંચાયત દ્વારા ગુજરાત રાજ્યના જાહેર બાંધકામ ખાતાની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ લોધીકા તાલુકાની મજુર બાંધકામ સહકારી મંડળીઓ પાસેથી અલગ અલગ કૂલ -૦૬ કામ માટે ટેન્ડરો મંગાવવામાં આવે છે, શરતો તેમજ વધુ વિગત કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર જોવા મળશે.

ટેન્ડર ફોર્મ રજાના દિવસો સિવાય બપોરના ૧૪-૦૦ થી ૧૭-૦૦ કલાક સુધી મંડળીનું અદ્યતન રજીસ્ટ્રેશન, સોલવંસી સર્ટીફિકેટ, ઈન્કમ ટેક્ષ ક્લીઅરન્સ સર્ટીફિકેટ, મંડળી બ્લેક લીસ્ટમાં ન હોવા અંગેની ખાત્રીનો આધાર, મંડળી વતી તમામ કામગીરી કરવા સુપ્રત કરાયેલ સત્તાનાં ઠરાવનો આધાર તેમજ મંડળીના હાલ ચાલુ કામોની યાદી સાથે ટેન્ડર ફી ભર્યાનું ચલણ રજુ કર્યેથી આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડર ક્રમ | ૧ થી ૬ |
| ૨ | ટેન્ડર ફી (કામ દીઠ) | રૂ. ૭૦૦/- |
| ૩ | નિયતવર્ગીકરણ શ્રેણી | 'ખ' અથવા ઉપરનો વર્ગ |
| ૪ | ટેન્ડર કોપી ઈસ્યુકરવાની તારીખ | તા. ૨૦-૦૫-૨૦૨૫ થી તા. ૩૦-૦૫-૨૦૨૫ ના રોજ ૧૭-૦૦ કલાક સુધી |
| ૫ | ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ | તા.૦૫-૦૬-૨૦૨૫ના રોજ કચેરી સમય દરમ્યાન |
| ૬ | ટેન્ડર ખોલવાની તારીખ | તા.૦૬-૦૬-૨૦૨૫ના રોજ ૧૨-૦૦ કલાકે |

ઉપરોક્ત ટેન્ડર ક્રમ નં. ૧ થી ૬ પરના કામના ટેન્ડર ઉપર દર્શાવ્યા મુજબની તારીખ સુધીમાં સીલબંધ કવરમાં રજી.પોસ્ટ એ.ડી. મારફતે તાલુકા પંચાયત કચેરી - લોધીકા, લોધીકા પોલીસ સ્ટેશન સામે, સાંગણવા રોડ, લોધીકા - ૩૬૦૦૩૫ ખાતે પહોંચતા કરવાનાં રહેશે અને જે ટેન્ડરો ઉપરોક્ત સમય મર્યાદામાં રજુ થયા હશે તેના જ ભાવો ધ્યાનમાં લેવામાં આવશે.

શરતો:- (૧) ટેન્ડર રકમથી ઉંચા ભાવો ભરી શકાશે નહીં. (૨) ફક્ત રાષ્ટ્રીયકૃત/શેડ્યુલ બેંકની ચાલુ કેલેન્ડર વર્ષની સોલવંસી જ માન્ય ગણવામાં આવશે. (૩) ટેન્ડર ફી કોઈપણ સંજોગોમાં પરત મળશે નહીં. (૪) શરતી ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહીં તથા અધુરી વિગતો વાળા ટેન્ડરો રદ ગણાશે. (૫) ઉપરોક્ત કામો માટે આવેલ કોઈપણ એક અથવા બધા જ ટેન્ડરો મંજુર કે નામંજુર કરવા અંગેનાં અધિકાર નીચે સહિ કરનારને અબાધીત રહેશે.

વિલાસબેન વી. મોરડ, પ્રમુખ, તાલુકા પંચાયત લોધીકા
પ્રદીપકુમાર આર. સિંઘવ, તાલુકા વિકાસ અધિકારી, લોધીકા


# થાન નજીક કાર અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માતમાં રાજકોટના દંપતીનું મોત, બાળકી સહિત ત્રણને ઈજા

## સુરેન્દ્રનગરના કોઢ ગામે માતાજીના દર્શને જતી વેળા એ પરિવારને રસ્તામાં જ કાળ ભેટી ગયો

**અબતક રાજકોટ**

થાનગઢ પોલીસ મથક ની હદમાં બંધ ટ્રેક્ટર પાછળ મોટર ઘૂસી જતા સહ પરિવાર દર્શનને જતા રાજકોટના પરિવારના દંપતીનું મોત નીપજ્યું હતું જ્યારે અકસ્માતમાં બાળકી સહિતના પરિવારજનોને નાની મોટી ઈજા થઈ હતી. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના દૂધસાગર રોડ પર શિવાજી નગરમાં રહેતા પ્રેમજીભાઈ ગોવિંદભાઈ ઘાટીલિયા ૬૫ તેમના પત્ની લાભુબેન ઘાટલીયા ૬૨ સહ પરિવાર પુત્ર મહેશભાઈ પત્ની અસ્મિતાબેન અને દોહિત્રી ખુશાલી'૮ સહિતનો પરિવાર કોઢ ગામે આવેલ માતાજીના દર્શને ગઈકાલે રવિવારે સવારે ૧૧ વાગે નીકળ્યા હતા, ગાડી મહેશભાઈ ચલાવતા હતા ગાડી થાનગઢ પહોંચી ત્યારે રસ્તા પર બંધ પડેલ ટ્રેક્ટર પાછળ મોટર ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ઘરના મોભી પ્રેમજીભાઈ ઘાટલીયા ૬૨ અને તેમના પત્ની લાભુબેન ૬૨ નું ગંભીર ઈજા ના કારણે રાજકોટ સિવિલમાં સારવાર મળે તે પહેલા જ પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું ત્યારે આઠ વર્ષની ખુશાલી, મહેશભાઈ અને અસ્મિતાબેન ને નાની મોટી ઈજા થઈ હતી,

રવિવારે માતાજીના દર્શન જતી વખતે પરિવારને રસ્તામા જ કાળઆંબી ગયો હતો, ભાંગે થાનગઢ પીએસઆઈ ગઢવી એ તપાસ હાથ ધરી છે

# ૨૦ વર્ષની સજાનો હુકમ હાઈકોર્ટે મોકુફ રાખી આરોપીના જામીન કર્યા મંજૂર

## વિંછીયા પંથકની સગીરાને ભગાડી જઈ દુષ્કર્મ આચરવાના સુરેન્દ્રનગર કોર્ટે ૨૦ વર્ષ કેદ ફટકારી'તી

**અબતક, રાજકોટ**

વિંછીયા પંથકની સગીરાને લલચાવી ફોસલાવી ભગાડી જઈ દુષ્કર્મ આચરવાના ત્રણ વર્ષ પહેલાંના સુરેન્દ્રનગર સ્પેશિયલ પોક્સો કોર્ટે ફટકારેલી ૨૦ વર્ષની સજાનો હુકમ હાઈકોર્ટે મોકુફ રાખી આરોપીને જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે.વધુ વિગત મુજબ, વિંછીયાના અજમેર પંથકમાં રહેતી સગીરાની માતાએ સુરેન્દ્રનગરના નાનીમોલડી પોલીસ સ્ટેશનમાં પોતાની ૧૨ વર્ષ ૧૦ માસની પુત્રીને લલચાવી ફોસલાવી વિજય ઓઘડભાઈ ધરજીયા નામના શખસે અપહરણ કરી અવાર-નવાર બળાત્કાર કર્યા અંગેની દુષ્કર્મ અને પોક્સો એક્ટની કલમ મુજબ ફરીયાદ નોંધાવી હતી. અંગેના કેસમાં સુરેન્દ્રનગર સ્પેશિયલ પોક્સો અદાલતના જજે તા.૧૨/ ૧૧/ ૨૦૨૪ના રોજ આપેલા ચુકાદામાં આરોપી વિજય ઓઘડભાઈ ધરજીયાને ૨૦ વર્ષની સજાનો હુકમ કર્યો હતો, જે હુકમ સામે આરોપીએ પોતાના વકીલ મારફત ગુજરાત હાઈકોર્ટમાં સજાના હુકમ સામે અપીલ કરતા ગુજરાત હાઈકોર્ટ સજાનો હુકમ મોકૂફ રાખી આરોપીને જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ ફરમાવ્યો છે.આ કામમાં આરોપી વતી યુવા એડવોકેટ રણજીત બી. મકવાણા, જીજ્ઞેશ એમ. સભાડ, યોગેશ જાદવ, અભય ચાવડા, વિશાલ રોજાસરા,વિક્રમ કિહલા, ગુજરાત હાઈકોર્ટમાં એમ.એસ. પાડલીયા રોકાયા હતા.


**જાહેર નિવિદા**

પાલીતાણા તાલુકાના જાળીયા (અમ) ગામે નીચે મુજબના કામ અંગેના લાગુ મટીરીયલ્સ - મજુરીના ભાવ દિવસ - ૦૭ માં બંધ કવરમાં રજી. એડી / રૂબરૂ પહોંચાડવા ટેન્ડરની શરતો પંચાયતના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરેલ છે. જેનું પાલન કરવાની શરતે

| ક્રમ | યોજના | કામનું નામ | વર્ષ | અંદાજીત રકમ |
|---|---|---|---|---|
| (૧) | ૧૫મું નાણાપંચ ગ્રા.કક્ષા | અન્ડરગ્રાઉન્ડ ગટર | ૨૪/૨૫ | ૨૨૦૮૪૭/- |
| (૨) | ૧૫મું નાણાપંચ ગ્રા.કક્ષા | વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ પાઈપનું કામ | ૨૪/૨૫ | ૧૦૦૦૦૦/- |
| (૩) | ૧૫મું નાણાપંચ તા.કક્ષા | સેગ્રીગેશન શેડ | ૨૦૨૫/૨૬ | ૫૦૦૦૦૦/- |

લી. વહીવટદારશ્રી, જાળીયા (અમ) ગ્રામ પંચાયતશ્રી

**કહ્યામાં નથી**



નરેન્દ્રકુમાર હર્ષદભાઈ બારૈયા

આથી અમો એડવોકેટ એન્ડ નોટરી રમેશકુમાર.બી.ગોહિલ પાલીતાણા તે અમારા અસીલ હર્ષદભાઈ બાબુભાઈ બારૈયા, રહે.પાલીતાણા, ઠે.તળાવ વિસ્તાર, ગોરજીની વાડી, તા.પાલીતાણા, જી.ભાવનગરવાળાની સુચનાનુસાર આ નોટીસ આપી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે,...

ઉપરોક્ત ફોટાવાળા અમારા અસીલના પુત્ર છે અને તેઓ અમારા અસીલના કહ્યામાં નથી અને મનસ્વી જીવન જીવે છે. આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે અમારા અસીલના નામે ઉપરોક્ત ફોટાવાળા સાથે કોઈપણ જાતનો નાણાકીય વ્યવહાર કરવો નહી અને જો કરશે તો અમારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહી જેની જાહેર જનતાને જાણ કરવામા આવે છે.

તા.૧૭/૦૫/૨૦૨૫

આર.બી.ગોહીલ એડવોકેટ એન્ડ નોટરી
પાલીતાણા, કોર્ટની બાજુમાં, મો.નં.૯૨૨૮૭ ૨૩૧૬૭

**પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન**

વિવિધ વિદ્યુત કાર્યો
ટેન્ડર નોટિસ નં. DRM/RJT/ E TENDER/ 2025-2026/09&10(EL) DT. 15.05.2025

કાર્યાલયનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360 001 વેબસાઈટ વિગત: "www.ireps.gov.in" 1.ટેન્ડર નં.: DRM/RJT /EL /2025-2026 /09 (i) કાર્યનું નામ: રાજકોટ ડિવિઝન: IIOT આધારિત રાજકોટ અને જામનગર સ્ટેશન પર એસ્કેલેટરનું ઓનલાઈન દેખરેખ અને નિયંત્રણ. (ii) અંદાજિત કિંમત: ₹11,77,476/- (iii) EMD કિંમત: ₹23,600/- 2. ટેન્ડર નંબર: DRM/RJT/EL/2025-26/10 (i) કામનું નામ: રાજકોટ ડિવિઝનના વિદ્યુત વિભાગના વિવિધ સ્થળોએ સ્થાપિત અગ્નિશામક ઉપકરણોના રિફિલિંગ, હાઈડ્રોલિક પરીક્ષણ, જાળવણી અને સ્પેરપાર્ટ્સનું રિપ્લેસમેન્ટ ૨ વર્ષ માટે. (ii) અંદાજિત કિંમત: ₹6,65,563.86/- (iii) EMD કિંમત: ₹13,300/- (iv) ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય: 16.06.2025 ના રોજ 15.00 કલાક સુધી. 029

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન**

વિવિધ એન્જિનિયરિંગ કામો
ઈ-ટેન્ડર નોટિસ નં. 08 વર્ષ 2025-26 તારીખ 16/05/2025

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | અંદાજિત એનગેજમેન્ટ કિંમત | અર્નેસ્ટ મની |
|---|---|---|---|---|
| 1 | DRM-RJT-2025-26-E-18 | રાજકોટ વિભાગ:લખતર ખાતે CPWI માટે પ્રસ્તાવિત ક્વાર્ટર. | 24,66,686.78 | 49,300.00 |
| 2 | DRM-RJT-2025-26-E-19 | રાજકોટ વિભાગ: - (૧) સહાયક વિભાગીય ઇજનેર - સુરેન્દ્રનગર વિભાગ હેઠળ લીક પ્રૂફ ટ્રીટમેન્ટ અને ડ્રેનેજ સિસ્ટમ દ્વારા RUB/LHS માં સુધારો. (૨) સહાયક વિભાગીય ઇજનેર - વાંકાનેર વિભાગ હેઠળ લીક પ્રૂફ ટ્રીટમેન્ટ અને ડ્રેનેજ સિસ્ટમ દ્વારા RUB/LHS માં સુધારો અને (૩) સહાયક વિભાગીય ઇજનેર રાજકોટ વિભાગ હેઠળ લીક પ્રૂફ ટ્રીટમેન્ટ અને ડ્રેનેજ સિસ્ટમ દ્વારા RUB/LHS માં સુધારો. | 6,88,33,588.13 | 4,94,200.00 |
| 3 | DRM-RJT-2024-25-E-88R | રાજકોટ વિભાગ: ફેઝ-૧ હેઠળ મુળી રોડ, રામપરડા, થાન અને વાગડિયા યાર્ડની પેસેન્જર રનિંગ લાઇનોનું સુધારણા અને અપગ્રેડેશન. | 5,38,56,690.88 | 4,19,300.00 |

ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 09/06/2025, 15:00 કલાક. ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (Eng.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત - 360 001 વેબસાઈટ: www.ireps.gov.in 030

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**શ્રદ્ધાંજલિ**



**સ્વ. પી.ડી. ગઢવી (વિદ્વાન એડવોકેટશ્રી)**

પૂર્વ ચેરમેન - કો. કો. બેન્ક, જૂનાગઢ
પૂર્વ મેનેજીંગ ડિરેક્ટર - કો. કો. બેન્ક, જૂનાગઢ

જન્મ તા.૦૫-૦૫-૧૯૫૦ • સ્વ.તા.૧૭-૦૫-૨૦૨૫

ચંદનની જેમ સર્વત્ર સુવાસ પ્રસરાવી, જીવનના આરંભથી અંત સુધી
કાર્યરત રહી, નિ:સ્વાર્થ સેવા પરાયણતા,
જીવનના નૈતિક મુલ્યો પરત્વેનો આપનો શ્રેષ્ઠ અભિગમ
હરહંમેશ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.

**ડોલરભાઈ કોટેચા**
(પૂર્વ ચેરમેનશ્રી)

સાગરભાઈ કોટેચા (ચેરમેનશ્રી) | આશિષભાઈ માંકડ (એમ.ડી.) | સુજલભાઈ દોશી (વા.ચેરમેનશ્રી) | રાજેશભાઈ મારડિયા (સી.ઈ.ઓ)

તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને કર્મચારી ગણ
ધી. જૂનાગઢ કોમર્શિયલ કો-ઓપરેટિવ બેન્ક લી. (0%NPA)



નં.જન્મ-મરણ કેસ નં.૪૬/૨૦૨૫

પ્રતિ,
રૈયાણી દિનેશભાઈ મગનભાઈ,
રહે. લાસા, ગામ-લાસા, તાલુકો-ખાંભા, જિલ્લો-અમરેલી ..........અરજદાર
વકીલશ્રી, એ.એમ.વાઘમશી ગીરગઢડા

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, નાળીયેરી મોલી, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ ..........સામાવાળા

-: જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ખાંભા તાલુકાના લાસા ગામના રહીશ રૈયાણી દિનેશભાઈ મગનભાઈ તથા રૈયાણી વિલાસબેન દિનેશભાઈના પુત્રી રૈયાણી નિરાલી દિનેશભાઈનો જન્મ તારીખ ૦૧/૦૧/૧૯૯૮ના રોજ ગીરગઢડા તાલુકાના નાળીયેરી મોલી ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, નાળીયેરી મોલી, તાલુકો-ગીરગઢડા સને-૧૯૯૮ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૦૫/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

(જી.કે.વાળા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા



નં.જન્મ-મરણ કેસ નં.૩૯/૨૦૨૫

પ્રતિ,
શ્રી રાણપરીયા અશ્વીનભાઈ દેવસીભાઈ
રહે. વડલી, ગામ-વડલી, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ ..........અરજદાર
વકીલશ્રી, એ.એમ.વાઘમશી ગીરગઢડા

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, વડલી, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ ..........સામાવાળા

-: જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના વડલી ગામના રહીશ રાણપરીયા અશ્વિનભાઈ દેવસીભાઈ તથા રાણપરીયા મનીષાબેન અશ્વિનભાઈના પુત્રી રાણપરીયા ક્રિષ્ના અશ્વિનભાઈનો જન્મ તારીખ ૧૨/૦૫/૧૯૯૯ના રોજ ગીરગઢડા તાલુકાના વડલી ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, વડલી, તાલુકો-ગીરગઢડા સને-૧૯૯૯ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૦૫/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

(જી.કે.વાળા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

તંત્રી લેખ

# સાવધાન... કાળમુખો કોરોના ફરી માથું ઉંચકી રહ્યો છે!

વિશ્વભરને સતત બે વર્ષ સુધી બાનમાં લેનાર, લોકડાઉન જેવી કયારેય કલ્પના પણ ન કરી હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ કરનાર કાળમુકો કોરોના ફરી માથુ ઉંચકી રહ્યો છે. ડરવાની કોઈ જ આવશ્યકતા નથી. માત્ર થોડી સાવધાની રાખવાની આવશ્યકતા નથી પ્રથમ વાર વર્ષ ૨૦૧૯માં દેખાયેલા કોરોનાએ છેલ્લા છ વર્ષમાં વિશ્વની સકલ ફેરવી નાખી છે. વર્ષ ૨૦૨૦માં કોરોનાના પાપે વિશ્વના અનેક દેશોએ લોકડાઉન જાહેર કરવાની નોબત આપી હતી. આ વાયરસને ચીનની લેબમાં બનાવવામાં આવ્યાની હોવાની વિશ્વભરમાં છેલ્લા છ વર્ષથી ચર્ચા થઈ રહી છે. ભારતમાં વર્ષ ૨૦૨૧માં કોરોનાએ હાહાકાર મચાવ્યો હતો. કોવિડની બીજી લહેર ભારત માટે ખૂબજ ખતરનાક રહેવા પામી હતી. લાખો લોકોના મોત નિપજયા હતા.

દર વર્ષ કોરોનાની લહેર ત્રાટકે છે પરંતુ તેનો કહેર વધતા ઓછા પ્રમાણમાં રહે છે. વિશ્વભરમાં ફરી કોરોનાએ માથુ ઉંચકયું છે. એશિયાઈ દેશોમાં કોરોનાનો પ્રકોપ થોડો વધુ જોવા મળી રહ્યો છે. હોંગકોંગ અને સિંગાપોરમાં હજારો લોકો કોવિડથી સંક્રમિત થઈ રહ્યા છે. ભારતમાં પણ કાળમુખા કોરોનાનો ફરી પગ પેસારો થયો છે. ભારતમાં કોરોનાના નવા ૫૮ કેસ નોંધાયા છે.

ભયાનક બાબત એ છે કે મુંબઈમાં બે દર્દીઓના કોરોના રિપોર્ટ પોઝિટવ આવ્યા બાદ તેઓનું મોત થયું છે. આરોગ્ય વિભાગ એલર્ટ મોડમાં આવી ગયું છે. દેશવાસીઓએ કોરોનાથી ફાટી પડવાની કોઈ જ આવશ્યકતા નથી માત્ર થોડી સાવધાની રાખવાની જરૂરીયાત છે. કોરોનાને વકરતાની સાથે જ ડામી દેવા માટે તકેદારી રાખવી પડશે.

# સ્નેહનું સિંચન: પુત્રના અવસાન બાદ સસરાએ પુત્રવધુનું 'કન્યાદાન' કર્યું

## ખોડલધામ આયોજીત વૈદિક વિવાહમાં રચાયો અનોખશે સંગમ

**અબતક, રાજકોટ**

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સાથે સમાજ ઉત્થાનની અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. ચેરમેન નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટ દ્વારા આધ્યાત્મિક, શિક્ષણ, આરોગ્ય અને ખેતીલક્ષી પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ત્યારે લગ્ન પ્રસંગોમાં ખોટા ખર્ચ ન થાય અને સમાજને એક નવીન દિશા મળે તેવા ઉદ્દેશ સાથે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા હિંદુ શાસ્ત્રોક્ત વિધિથી વૈદિક વિવાહ કરાવવામાં આવી રહ્યા છે.



રાજકોટ શહેરમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આસ્થા ચોક પાસે આવેલા ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત ભોજલરામ ઉત્કર્ષ ભવન ખાતે વૈદિક વિવાહનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વૈદિક વિવાહમાં અનોખો સંયોગ રચાયો હતો. દીકરાના નિધન બાદ પિતાએ પુત્રવધુને અન્ય જગ્યાએ પરણાવીને કન્યાદાન કર્યું હતું અને સમાજને એક નવો રાહ ચિંધ્યો હતો.

જામનગર જિલ્લાના અમરાપર ગામના નારણભાઈ ઘાડિયાના પુત્ર અંકિતભાઈ ઘાડિયાનું ગત તારીખ ૩૧ ડિસેમ્બરના રોજ નાની ઉંમરે આકસ્મિક અવસાન થયું હતું. અંકિતભાઈ ઘાડિયાના અવસાન બાદ તેમના પત્ની જાગૃતિબેનના અન્ય જગ્યાએ લગ્ન કરાવવાનું સ્વ. અંકિતભાઈના પિતા અને જાગૃતિબેનના સસરા નારણભાઈ ઘાડિયાએ નક્કી કર્યું હતું. આ લગ્ન ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ આયોજિત વૈદિક વિવાહ અંતર્ગત યોજાયા હતા. જેમાં જાગૃતિબેનના પિતા મેઘજીભાઈ સંઘાણી અને સસરા નારણભાઈ ઘાડિયાએ કન્યાદાન કરીને કાલાવડ તાલુકાના મોટી નાગાજાર ગામના રમેશભાઈ ભીખાભાઈ વાડોદરિયાના પુત્ર જયદિપકુમાર વાડોદરિયા સાથે જાગૃતિબેનના લગ્ન કરાવ્યા હતા. આમ પુત્રવધુને દીકરી સમજીને કન્યાદાન કરીને સસરાએ સમાજમાં એક અનોખું અને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આ વૈદિક વિવાહ પ્રસંગે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના માનદ મંત્રી જીતુભાઈ વસોયા અને ટ્રસ્ટી બકુલભાઈ સોરઠીયાએ હાજરી આપી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા હતા અને વર-કન્યાના પરિવારને આ અનુકરણીય પગલું ભરવા બદલ બિરદાવ્યા હતા.

મહત્વનું છે કે, રાજકોટના જે.પી. જવેલ્સના માલિક જીજ્ઞેશભાઈ પટોડીયા દ્વારા વૈદિક વિવાહમાં જોડાનાર દરેક કન્યાઓને સોનાની ચુક ભેટમાં આપવામાં આવી રહી છે.


# દોરા, ધાગા, ધુણવાનો ઢોંગ કરતા ભુવાનો પર્દાફાશ કરતું વિજ્ઞાન જાથા

## ભુવાએ જાહેરમાં માફી માંગી કપટ લીલા બંધ કરવાનું કબુલાતનામું આપ્યું

**અબતક, રાજકોટ**

કચ્છ ભચાઉમાં ૨૦ વર્ષથી દોરા-ધાગા, ધૂણવા, દુઃખ દર્દ મટાડવા ભ્રમમાં નાંખી શારિરીક શોષણ કરનાર ભુવા ભવાન કરશનભાઈ જાદવની કપટ લીલાનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે ભચાઉ પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૭૦મો સફળ પર્દાફાશ કર્યો હતો. ભુવાએ જાહરેમા માફી માંગી હતી. કબુલાતનામું આપતા પોલીસે કાયદેસર કાર્યવાહી હાથમાં લીધી હતી.

બનાવની વિગત પ્રમાણે વિજ્ઞાન જાથાએ થોડા દિવસો પહેલા ગાંધીધામ ભાનુદર્શન એપાર્ટમેન્ટમાં ૩૦ વર્ષથી ભૂઈનું કામ કરતી જયોત્સનાબેન રાજપૂતનો ભાંડાફોડ કરતાં ભચાઉના ભુવા ભવાન જાદવનું નામ ખુલ્યું હતું. મહિલાને છેડછાડ કરતો ભુવો સીસી ટીવીમાં પુરાવા આવી જતા સમગ્ર પર્દાફાશનું કારણ બન્યું હતું જાથાની ખબર મળી જતા ભુવો ભવાન ફરાર થઈ ગયો હતો, તેમાં કસ્ટમ નાકા ચાર ચોક પાસે રહેતો ભુવો ઘરમાં માતાજીનો મઢ બનાવી લોકોના દુઃખ, દર્દ સાથે બિમારને સાજા કરવા, ગરમ તેલનો તાવો કરવો, રમેણમાં ધૂણવું, માતાજીનો પ્રકોપ ભય બતાવી રૂા. ૨૫૦૦ થી શરૂ કરી પચાસ હજારની ફી વસુલતો હતો,



રાજકોટથી જાથાના રાજય વડા જયંતભાઈ પંડયાના વડપણ હેઠળ રોમિત રાજદે, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, ગુલાબસિંહ ચૌહાણ, ભક્તિબેન રાજગોર, ભાનુબેન ગોહિલ સ્થાનિક કાર્યકરો ભચાઉ પોલીસ સ્ટેશને પહોંચી ગયા, જાથાએ બોર્ડર રેન્જના આઈ.જી.પી., ગાંધીધામ પૂર્વના એસ.પી. એલ.આઈ.બી., કંટ્રોલરૂમ, ભચાઉ પોલીસ સ્ટેશનના સમગ્ર પોલીસ કર્મીઓ, પી.આઈ. જાડેજાનો વિશેષ આભાર માન્યો હતો. જાથાએ ભુવા ભવાન જાદવનો ૧૨૭૦માં પર્દાફાશમાં ભક્તિબેન રાજગોર, ભાનુબેન ગોહિલ, રવિ પરબતાણી, સોમિત રાજદવે, વગેરેએ સંનિષ્ઠ કામગીરી બજાવી હતી. રાજયમાં દોરા-ધાગાની પુરાવા સાથે માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ સંપર્ક કરવા જણાવાયું છે.

# શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માંકડીયાનો જન્મદિવસ

રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયાનો આજે સોમવારના શુભ દિવસે જન્મદિવસ છે ત્યારે પોતાના યશસ્વી જીવનના ૫૪ વર્ષ પૂર્ણ કરી ૫૫ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયા છે ત્યારે ઠેર ઠેર થી શુભેચ્છાઓ મળી રહી છે. શહેર ભાજપના પૂર્વ ઉપપ્રમુખ, મહિલા મોરચાના પૂર્વ મહામંત્રી અને શિક્ષણ સમિતિના પૂર્વ સદસ્ય તરીકે જવાબદારી સંભાળેલ છે ત્યારે વિધાનસભાની ચુંટણીમાં મધ્યપ્રદેશમાં ભોપાલના ઉદયપુરા વિધાનસભામાં મહિલા આગેવાન અને વિસ્તારક તરીકે મહિલા સંમેલનો યોજી ભાજપના ઉમેદવારને ભવ્ય વિજય અપાવ્યો હતો. તાજેતરમાં યોજાયેલ લોકસભાની ચુંટણીમાં શહેરમાં મહિલા સંમેલનોને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. ત્યારે વર્તમાનમાં તેઓ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તરીકે સતત ત્રીજી ટર્મથી જવાબદારી સંભાળી રહયા છે ત્યારે આવતીકાલે કિરણબેન માકડીયાને તેમના જન્મદિવસે મો.નં. ૯૪૨૭૫૬૫૦૧૯ ઉપર ભાજપ અગ્રણીઓ, તમામ શ્રેણીના કાર્યકર્તાઓ, મહિલા મોરચાના બહેનો, શુભેચ્છકો, પરીવારજનો તરફથી શુભેચ્છાઓ મળી રહી છે.



# ભારત વિકાસ પરિષદ દ્વારા ૨૦૦ વિધવા બહેનોને અનાજ કીટનું વિતરણ






**અબતક, રાજકોટ**

ભારત વિકાસ પરિષદ - આનંદનગર શાખા તથા અર્પણ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે પંચ સૂત્ર માના એક સેવા પ્રકલ્પ અંતર્ગત જરૂરિયાતમંદ વિધવા બહેનો માટે અનાજ કિટ અને ચપ્પલ વિતરણ કાર્યક્રમનું આયોજન તાજેતરમાં પરમ પૂજ્ય રણછોડદાસ બાપુ કોમ્યુનિટી હોલ, આનંદનગર મેઈન રોડ, રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ૨૦૦ જેટલી ગંગાસ્વરૂપ વિધવા બહેનોને અંદાજિત ₹૧૫૦૦ ના મૂલ્યની અનાજ કીટ તથા ચપ્પલ વિતરણ કરવામાં આવ્યું.

કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય દર્શિતાબેન શાહ, રાજકોટના મેયર નયનાબેન પેઢડિયા, કિશોરભાઈ રાઠોડ, રમેશભાઈ ઠક્કર (ગીરીરાજ હોસ્પિટલ) તથા યુવા સામાજિક અગ્રણી ગૌતમભાઈ ગોસ્વામી ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉત્કૃષ્ટ કાર્ય પાછળ દાતાઓ નગીનભાઈ જગડા (યુ.એસ.એ), અતુલભાઈ નગીનભાઈ જગડા (યુ.એસ.એ), દેવેનભાઈ (યુ.એસ.એ), બિંદુબેન તથા બીનાબેન વિસાણી (યુ.કે), હેમંતસિંહજી ડોડીયા (અર્પણ ફાઉન્ડેશન) તથા પ્રફુલભાઈ ગોસ્વામી (રિજનલ સંગઠન સચિવ) નો અભિનંદનપાત્ર સહયોગ રહ્યો.

આ કાર્યક્રમે માત્ર દયાભાવ અને માનવતા જ નહીં, પરંતુ રાષ્ટ્રસેવાના સંકલ્પને પણ સાકાર કર્યો છે. જરૂરિયાતમંદોના જીવનમાં આશાનું અજવાળું લાવવાનું કાર્ય યોગ્ય અર્થમાં 'સેવા પરમો ધર્મઃ' ની ભાવનાને પ્રેરણા આપી રહ્યું છે.

આ સફળ આયોજન પાછળ ભારત વિકાસ પરિષદ - આનંદનગર શાખાના અધ્યક્ષ વિજયભાઈ કુંભરવાડીયા, મંત્રી ચિરાગભાઈ ગોસ્વામી, ખજાનચી શ્રી સુખદેવભાઈ અગ્રાવત, સેવા કન્વીનર કિરીટભાઈ મૈયડ તથા સંપર્ક કન્વીનર જયંતીભાઈ ચૌહાણ, સહિતનાઓની પ્રતિબધ્ધતા અને નિષ્ઠાપૂર્વક મહેનત અભિનંદન પાત્ર છે.

# પ્રોજેકટ લાઈફ દ્વારા 'શુધ્ધિક્રિયા અને પ્રાણાયામ' વિષયક યોગ શિબિરનું આયોજન

**અબતક, રાજકોટ**

પ્રખ્યાત યોગાચાર્ય વિવેક તિવારીજીના માર્ગદર્શન હેઠળ લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેક્ટ 'લાઈફ' દ્વારા તારીખ ૨૬ થી ૩૦ મે ૨૦૨૫ સવારે ૭.૦૦ થી ૮.૩૦ 'શુધ્ધિક્રિયા અને પ્રાણાયામ અને સાંજે ૫.૦૦ થી ૬.૩૦ 'જીવનશૈલીથી ઉદિત સમસ્યાઓના યોગિક સમાધાન' વિષયક વિશિષ્ટ યોગ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરોમાં યોગના મૂળભૂત અને ઊંડાણપૂર્વકના સિધ્ધાંતો અંતર્ગત યોગાભ્યાસ કરવામાં આવશે.

યોગાચાર્ય વિવેક તિવારીજી યોગ અને નેચરોપેથીમાં પી.એચ.ડી. પૂર્ણ કરવામાં છે અને ભારતના જાણીતા યોગ નિષ્ણાત છે. તેઓ ૨૫ વર્ષથી યોગ શિક્ષણ આપી રહ્યા છે. પીઠનો દુઃખાવો, તણાવ અને કેન્સર સંબંધિત યોગ વર્કશોપ્સમાં વિશેષ નિપુણતા ધરાવે છે. તેઓ ઈન્ડિયન યોગ એસોસિએશનના લાઈફ મેમ્બર અને "યોગ ચિકિત્સા આચાર્ય તરીકે માન્ય છે. ૨૦૨૫માં સ્વામી વિવેકાનંદ યોગ આયકોનિક એવોર્ડથી સન્માનિત થયા છે. તેમણે યુગાન્ડા અને રવાન્ડા ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમ સફળતાપૂર્વક આયોજન કર્યાં છે.

આ શિબિરો રેસકોર્સ રીંગ રોડ પર આવેલા પ્રોજેકટ 'લાઈફ' બિલ્ડીંગ ખાતે યોજાશે અને તેમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. આ વર્કશોપ્સમાં વહેલા તે પહેલા ના ધોરણે મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવામાં આવશે. આ અંગેની વધુ પાહિતી માટે મો. નંબર ૮૫ ૧૧ ૩૩ ૧૧ ૩૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# રવિ રત્ન પાર્ક નાગરિક મંડળ દ્વારા નિ:શુલ્ક નોટબુક વિતરણ

**અબતક, રાજકોટ**

જરૂરિયાત મંદ વિધાર્થીઓ માટે નોટબુક વિતરણ સમારોહ નું આયોજન રવિ રત્ન પાર્ક નાગરિક મંડળ રાજકોટ દ્વારા કરવામાં આવ્યું હતું.



અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનાં પૂર્વ કાર્યકારી કુલપતિ ડો.જયદીપસિહ ડોડીયા, પૂર્વ ડી.ઈ.ઓ. વલ્લભભાઈ ભેંસદડિયા, રાજકોટ નાગરિક બેંકના હિતેશભાઈ રાચ્છ, બી. કે. ગીતાબેન, દાતાઓ ઈન્દુભાઈ હીરાણી, મહેશભાઈ પટેલ, બી.જી.રાયઠઠ્ઠા ચંદુભાઈ ભીમાણી, અશોકભાઈ વૈશ્નાણી, પરેશભાઈ બરોચીયા, પ્રવિણભાઈ મણવર, રસિકભાઈ કાલાવડિયા, છગનભાઈ સાવલિયા, જેન્તીભાઈ ઢોલરિયા, મનસુખભાઈ ધોળકિયા, જીતેશભાઈ પુનવાણી મનુભાઈ વાછાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા

સમારોહ ની સફળતા માટે આર સી પટેલ, સી એન જાવિયા, મગનભાઈ ઝાલાવડિયા, જગદીશભાઈ પટેલ, ધીરુભાઈ ઝાલાવડિયા, નરોત્તમ ભાઈ ફળદુ મગનભાઈ વાછાણી, ધીરુભાઈ ફળદુ, ભાગેવભાઈ બાવરવા વગેરે એ જહેમત ઉઠાવી હતી

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મગનભાઈ ઝાલાવડિયા તથા સ્વાગત પ્રવચન અને આભાર વિધિ સી.એન.જાવિયાએ કરી હતી.

# વોર્ડ નં.૧૪-૧૮માં જનજાગૃતિ અભિયાન અર્થે પત્રિકા વિતરણ કરતી કોંગ્રેસ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ વોર્ડ નંબર ૧૪ અને ૧૮ના પ્રભારી ગૌરવભાઈ પુજારા, વોર્ડ પ્રમુખ બિજલભાઈ ચાવડીયા, નાથાભાઈ કિયાડા, રાજુભાઈ ચાવડીયા, ભાવેશભાઈ બોરીચા, મયુરસિંહ પરમાર, રમેશભાઈ જોશી, દીપેનભાઈ ભગદેવ, ગજેન્દ્રસિંહ ઝાલા, ડેનિસભાઈ બોરીચા, પરેશભાઈ પાટડીયા, હિરેનભાઈ ચાવડીયા, રણજીતભાઈ મુંધવા, હિરેનભાઈ ખૂટ, મુન્નાભાઈ સુમરા, પ્રવીણભાઈ પીપળીયા, કેશુભાઈ, જયંતીભાઈ ડોબરીયા દ્વારા કેવડાવાડી મેઈન રોડ, ગુંદાવાડી લક્ષ્મીવાડી કોઠારીયા કોલોની શ્રમજીવી સોસાયટી ભક્તિનગર સોસાયટી સહિતના વિસ્તારોમાં લોકજાગૃતિ અર્થે કોર્પોરેટર નિલેશભાઈ મારુ, દીપકભાઈ તળાવિયા, સાગરભાઈ સોયા, સંજયભાઈ ગોસ્વામી, મહેશભાઈ રાદડિયા, કનુભાઈ કેસરિયા, તુષારભાઈ કાછડીયા, પરેશભાઈ લીમ્બાચીયા, ચંદ્રેશભાઈ ટીલારા, રાજુભાઈ બાબીયા સહિતના કોંગ્રેસના આગેવાનો દ્વારા શહેરના રોજ આ વિસ્તાર સહિતના વિસ્તારોમાં જનજાગૃતિ અભિયાન અર્થે પત્રિકા વિતરણ કરાયું હતું. પ્રમુખ, દીપકભાઈ ઘવા, વોર્ડ નંબર ૧૮, શહેર કોંગ્રેસ સમિતિ, રાજકોટ.



# ગોંડલ સંપ્રદાયના પ્રેમગુરૂવરની કાલે ૩૯મી પૂણ્યતિથિ ઉજવાશે

**અબતક, રાજકોટ**

ગોંડલ સંપ્રદાયના ક્ષત્રીયવંશી આચાર્યપ્રવર પૂ. જશાજી સ્વામીના પાટાનુપાટ ૮૦ વર્ષની જૈફ વયે ઉપલેટામાં પિતા-પુત્ર પૂજયપાદ પ્રેમગુરૂવર અને ધીરગુરૂદેવે એકી સાથે દીક્ષા અંગીકાર કરેલ.

પ્રેમગુરૂવર રોજના ૧૫ થી ૨૦ કિલોમીટર વિહાર કરતા તેમજ પ્રથમ ચાતુર્માસ દામનગર કર્યા બાદ ભાવનગર, પાલીતાણા, જૂનાગઢ, માંગરોળ, પોરબંદર, જામનગર, મોરબી, કચ્છની વિહારયાત્રા પૂર્ણ કરીને અમદાવાદ પધાર્યા બાદ ધ્રાંગધ્રા ચોમાસુ પધારતા છારોડીમાં કોલેરાનો રોગ થતા અમદાવાદ બિરાજમાન થયા હતા. ત્યારબાદ ફરી ગઢડા વગેરે ક્ષેત્રની સ્પર્શના કરી અમદાવાદથી બરોડા પધારતા અસલાલી કાર અકસ્માત થતા



નવરંગપુરામાં સ્થિરતા કરેલ છેલ્લે શાહીબાગમાં વૈશાખવદ-૮ના ૧૯૮૬માં સમાધિભાવે કાળધર્મ બાન્યા હતા.

આવતીકાલે મંગળવારે વૈશાલીનગર, વિરાણી પૌષધશાળા, ભકિતનગર, શ્રમજીવી, રૈયાધાર (સનસીટી), ગીતગુર્જરી, રામકૃષ્ણનગર, સરદારનગર, વગેરે સંઘોમાં પ્રવચન જાપ વગેરે યોજાશે.

# લોકવિજ્ઞાન કેન્દ્રમાં સિનેયર સિટીઝન માટે ત્રિ-દિવસીય સ્માર્ટફોન વિષયક વર્કશોપ

**અબતક,રાજકોટ**

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્થાપિત, સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત અને ગુજકોસ્ટ ગાંધીનગર પુરસ્કૃત ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે સિનિયર સિટીઝન માટે સ્માર્ટફોન કેવી રીતે વાપરવો તે વિષય પર ત્રિદિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે.

આ વર્કશોપમાં સિનિયર સિટીઝનને સ્માર્ટફોનમાં સેટીંગ્સ, સોશીયલ મીડિયા તેમજ તેના બીજા ફિચર્સ કેમ વાપરવા તેની પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે. લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે આ વર્કશોપનો પ્રારંભ થઈ ચૂકયો છે. જેમા સ્થળ પર નામ નોંધણી સ્વીકારવામાં આવશે. શહેરના માધ્યમાં રેસકોર્ષ ખાતે થનાર આ કાર્યક્રમનું લાભલેવા સર્વે નાગરિકોને અનુરોધ છે.

# યુવા સેના ટ્રસ્ટનું હરતું ફરતું અન્નક્ષેત્ર: દરીદ્રનારાયણ માટે આશિર્વાદરૂપ

## સેવાયજ્ઞમાં યથાશકિત આહુતિ અર્પિત કરવા યુવા સેના ટ્રસ્ટનો અનુરોધ

**અબતક, રાજકોટ**

અન્નદાન એ મહાદાન સૂત્રને સાર્થક કરતું યુવા સેના ટ્રસ્ટ - રાજકોટ હરતું-ફરતું અન્નક્ષેત્રના માધ્યમથી ઝુપડપટ્ટી તેમજ સ્લમ એરીયાઓના પરિવારોને તથા જરૂરતમંદોને જઠરાગ્નિ તૃપ્ત કરવાનું ભગીરથ સેવા કાર્ય થઈ રહયું છે.

જેમાં ૧૫૦ થી ૨૦૦ દરિનારાયણની જઠરાગ્ની તૃપ્ત કરવામાં આવે છે. જેમાં ભુખ્યાઓને ભોજન પ્રસાદ આપવાનું કામ યુવા સેના ટ્રસ્ટ એન્જીન નો ભાગ ભજવી રહી છે. આ અન્નક્ષેત્ર માં તમે પણ ભોજન પ્રસાદ આપવા માગતા હોય તો જેમ કે કોઈની તીથી, મેરેજ એનીવર્સરી કે જન્મદિવસ હોય તો અન્નક્ષેત્રમાં તમારી તારીખ નોંધાવી શકો છો. અને વધુને વધુ દાતઓ આ જઠરાગ્ની તૃપ્ત કરવામા વધુ ને વધુ દાતાઓ જોડાઈ તેવી ટ્રસ્ટની નમ્ર અપીલ છે.





સંસ્થાની નિરંતર સેવામાં ખીચડી પ્રસાદ તથા સ્વાદીષ્ટ શાક, ગરમા ગરમ રોટલી તેમજ બુંદીના લાડુ, ગાંઠીયા, ખમણ ઢોકળા, છાશ તથા ખાસ કરીને ઉનાળામાં કેરીનો રસ પુરી તથા રોટલી વગેરે દાતાઓના આદેશ મુજબ અલગ અલગ મેનુ ભાવપૂર્વક પીરસવામાં આવી રહયું છે. આ અન્નક્ષેત્રમાં શહેરીજનોને જોડાવવા માટે ટ્રસ્ટ દ્વારા આહવાન તથા અપીલ કરવામા આવે છે.

આ સેવા યજ્ઞમાં આપ અનાજ-કઠોળ, મસાલા, તેલના ડબ્બા, શાકભાજી આપીને મદદરૂપ બની શકો છો

તેમજ દર શનિવારે ૧૫૦ થી વધુ બાળકોને બટુક ભોજન તેમજ દાતાના સહયોગથી નાસ્તો પણ આપવામા આવે છે.

ટ્રસ્ટના બહોળા ખર્ચને પહોંચી વળવા ઉદારદીલ દાતાઓ, પ્રબુધ્ધનગરજનો, નગર શ્રેષ્ઠીઓનો સહકાર આવકાર્ય છે. અન્ન સેવાનો દૈનિક ખર્ચ રૂા. ૫૦૦૦/- જેટલો થઈ રહયો છે. આપ અત્રે રૂબરૂ આવી ન શકો તો ટ્રસ્ટના કાર્યાલયે મો.૯૯૧૩૩ ૧૦૧૦૦ પર ફોન કરી કાર્યકર્તા આપની પાસે આવીને દાનની રકમ એકત્રિત કરી જશે. જેની રસીદ પણઆપવામાં આવશે .

# કોર્પોરેટરોની વ્યાપક ફરિયાદ બાદ મોટો નિર્ણય: આરોગ્ય અધિકારી ડો.જયેશ વકાણીની સત્તા પર કાપ

## સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે આરોગ્ય અધિકારી ડો.વકાણીની ફરિયાદો અંગે મ્યુનિ.કમિશનરને કરેલી લેખિતમાં ફરિયાદ બાદ તુષાર સુમેરાએ ખર્ચની સત્તા પર કાપ મૂક્યો, રોજેરોજની કામગીરીનો રિપોર્ટ આપવો પડશે

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનમાં આરોગ્ય અધિકારી તરીકે ફરજ બજાવતા ડો.જયેશ વકાણીની કામગીરી સામે સતત સવાલો ઉઠી રહ્યા છે. સ્ટેન્ડિંગ કમિટીની ગત બેઠક પૂર્વે ભાજપના કોર્પોરેટરોની સંકલન બેઠકમાં પણ આરોગ્ય અધિકારીની કામગીરી સામે તમામ ૬૬ નગરસેવકોએ વ્યાપક ફરિયાદો ઉઠાવી હતી. જેને પગલે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર લાલઘૂમ થઇ ગયા હતા. તેઓએ આરોગ્ય અધિકારી સામેની ફરિયાદો અંગે મ્યુનિ.કમિશનર તુષાર સુમેરાને વિસ્તૃત પત્ર લખી ફરિયાદો કરી હતી. જેને પગલે આજે મ્યુનિ.કમિશનર દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આરોગ્ય અધિકારી પાસેથી તમામ ખર્ચની સત્તા આંચકી લેવામાં આવી છે. જ્યારે નાયબ કલેક્ટરને રોજેરોજની કામગીરીનો રિપોર્ટ કરવા પણ તાકીદ કરવામાં આવી છે.



છેલ્લા ઘણા સમયથી આરોગ્ય અધિકારી ડો.જયેશ વકાણીની કામગીરી સામે સતત સવાલો ઉભા થઇ રહ્યા છે. ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની ફરિયાદ પણ તેઓ સાંભળતા ન હોવાનો ગણગણાટ ચાલી રહ્યો છે. આરોગ્ય શાખાના કર્મચારીઓ અને અધિકારીઓને પણ તેઓ સતત દબાવમાં રાખે છે. આ ઉપરાંત ખર્ચ કરવા માટે પણ ઉપલા અધિકારીઓની મંજૂરી લેતા નથી. અરજદારો સાથે પણ ગેરવર્તણુંક કરવા સહિતની ફરિયાદો છેલ્લા ઘણા સમયથી ઉઠી રહી છે. ગત મહિને મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠક પૂર્વે મળેલી ભાજપના કોર્પોરેટરોની સંકલન બેઠકમાં શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, મેયર નયનાબેન પેઢડિયા અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર સમક્ષ આરોગ્ય અધિકારીની કામગીરી અંગે વ્યાપક ફરિયાદો કરવામાં આવી હતી. આ ઉપરાંત તેઓ ખરીદી માટે ખર્ચ કરવામાં પણ મોટી ગડબડ કરતા હોવાની ફરિયાદો ઉઠી રહી છે. નિયમ વિરૂધ્ધ કોઇપણ નિર્ણય લઇ લે છે. ઉચ્ચ અધિકારીઓને પણ ગાંઠતા નથી. જ્યારે નીચલા અધિકારીઓને પોતાના તાબે રહેવા માટે ફરજ પાડે છે.

સંકલન બેઠકમાં ફરિયાદોનો ધોધ છૂટ્યા બાદ શહેર ભાજપ પ્રમુખના અધ્યક્ષસ્થાને જ્યારે સંકલન સમિતિની બેઠક ધારાસભ્યોની ઉપસ્થિતિમાં મળી હતી ત્યારે પણ આરોગ્ય અધિકારીની કામગીરી લઇ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. એક તબક્કે તો એવી પણ ચર્ચા થઇ હતી કે આરોગ્ય અધિકારીને સરકારમાં પરત મોકલવા માટે દરખાસ્ત કરી દેવી જોઇએ. જો કે, આ પ્રક્રિયા ખૂબ જ જટીલ હોવાના કારણે હાલ આ શક્ય નથી. ટૂંક સમયમાં ઓફિસર સિલેક્શન કમિટીની બેઠક



મળશે. જેમાં કોઇ નિર્ણય લેવામાં આવશે. દરમિયાન સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઇ ઠાકરે આરોગ્ય અધિકારી ડો.જયેશ વકાણી સામે કોર્પોરેટરોની ફરિયાદ અને ખર્ચમાં ગેરરિતી સહિતના મામલે મ્યુનિ.કમિશનરને વિસ્તૃત પત્ર લખ્યો હતો. દરમિયાન આજે મ્યુનિ.કમિશનર તુષાર સુમેરાએ એક હુકમ કર્યો છે. જેમાં રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા હસ્તક જુદા-જુદા વોર્ડમાં આરોગ્ય કેન્દ્ર આવેલા છે. જેમાં લોકોને આરોગ્ય વિષયક સુવિધા પુરી પાડવામાં આવે છે. વહિવટી સરળતા માટે આરોગ્ય શાખાની રોજબરોજની કામગીરી દેખરેખની જવાબદારી નાયબ કલેક્ટર (મધ્યાહન ભોજન) કિર્તન એ. રાઠોડને સોંપી દેવામાં આવી છે. આરોગ્ય અધિકારી ડો.જયેશ વકાણી હવે એકપણ રૂપિયાનો ખર્ચ કરી શકશે નહિં. જો તેઓએ ખર્ચ કરવો હશે તો ઉચ્ચ અધિકારીની મંજૂરી લેવી પડશે. આરોગ્ય શાખાની તમામ નાણાકીય બાબતોની વિગત નાયબ મ્યુનિ.કમિશનરના ધ્યાને મૂકવાની રહેશે. આ ઉપરાંત કામગીરીનું ચુસ્ત સુપર વિઝન નાયબ કમિશનર દ્વારા કરવાનું રહેશે. ટૂંકમાં આરોગ્ય અધિકારી પાસેથી તમામ સત્તાઓ આંચકી લેવામાં આવી છે. સાથોસાથ રોજેરોજની કામગીરીનો રિપોર્ટ આપવા પણ આદેશ કરવામાં આવ્યો છે. આ હુકમનો તાત્કાલીક અસરથી અમલ કરવાનું પણ જણાવવામાં આવ્યું છે.

# કમળાનો કહેર યથાવત: સપ્તાહમાં નવા પાંચ કેસ નોંધાયા

## પાણીજન્ય રોગચાળાનો હાહાકાર છતા આરોગ્ય શાખાએ ક્લોરીન ટેસ્ટ માટે લીધેલા પાણીના તમામ ૩૯૬ સેમ્પલનો રિપોર્ટ પાસ

**અબતક, રાજકોટ**

શહેરમાં પાણીજન્ય રોગચાળો સતત વકરી રહ્યો છે. કમળાનો કકળાટ યથાવત જોવા મળી રહ્યો છે. છેલ્લા એક સપ્તાહ દરમિયાન કમળાના નવા પાંચ કેસ નોંધાતા માત્ર સાડા ચાર મહિનામાં જ શહેરમાં કોર્પોરેશનના ચોંપડે કમળાના ૪૫ કેસ નોંધાયા છે. ક્લોરીન ટેસ્ટ માટે આરોગ્ય શાખા દ્વારા લેવામાં આવેલા પાણીના તમામ સેમ્પલ પરિક્ષણમાં પાસ થઇ ગયા છે. મચ્છરોની ઉત્પતિ સબબ ૧૩૪ આસામીઓને નોટિસ આપવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

આજે કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા રોગચાળાના સાપ્તાહિક આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ગત સપ્તાહે શહેરની અલગ-અલગ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાંથી શરદી-ઉધરસના ૬૨૦ કેસ મળી આવ્યા હતા. જ્યારે સામાન્ય તાવના પણ ૬૨૪ કેસ નોંધાયા હતા. ઝાડા-ઉલ્ટીના ૨૨૯ અને ટાઇફોઇડ તથા મેલેરિયાનો પણ નવો એક-એક કેસ નોંધાયો હતો. પાણીજન્ય રોગચાળાની અટકાયત માટે શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી કોર્પોરેશન દ્વારા નળ





વાટે વિતરણ કરવામાં આવતા પાણીના ૩૯૬ સેમ્પલ લેવામાં આવ્યા હતા. તમામ સેમ્પલ પરિક્ષણમાં પાસ જાહેર કરવામાં આવ્યા છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ૨૮૫૭૪ ઘરોમાં

### શરદી-ઉધરસના ૬૨૦, સામાન્ય તાવના ૬૨૪, ઝાડા-ઉલ્ટીના ૨૨૯, મેલેરિયા અને ટાઇફોઇડનો એક-એક કેસ મળી આવ્યા: મચ્છરોની ઉત્પતિ સબબ ૧૩૪ આસામીઓને નોટિસ

પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. ફિલ્ડ વર્કરો દ્વારા ૨૭૯ ઘરોમાં ફોગીંગની કામગીરી કરાય હતી. આ ઉપરાંત જ્યાં માનવ સમુદાય વધુ એકત્રિત થાય છે તેવા વિસ્તારો જેવા કે મંદિર, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળા અને જાહેર રસ્તાઓ પર વ્હીકલ દ્વારા માઉન્ટેન ફોગીંગ કરવામાં આવ્યું હતું. બાંધકામ સાઇટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઇન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્સ, ભંગારના ડેલા, સેલર, હોલ, વાડી, પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ અને સરકારી કચેરી સહિત બિન રહેણાંક હેતુની ૬૧૪ મિલકતોમાં મચ્છરના ઉપદ્રવ અંગે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે પૈકી માત્ર ૫૪ સ્થળોએ મચ્છરના લારવા મળી આવતા નોટિસ આપવામાં આવી હતી.

જ્યારે રહેણાંક હેતુની ૮૦ મિલકતોમાં મચ્છરોનો ઉપદ્રવ જણાતા તમામને નોટિસ આપવામાં આવી છે. ગત સપ્તાહે શહેરમાં ડેન્ગ્યૂ અને ચીકનગુનિયાનો નવો એકપણ કેસ નોંધાયો નથી. જો કે, કમળા તાવનો કહેર ઘટવાનું નામ લેતો નથી.

# સિવિલ સર્વિસીસ પ્રિલિમિનરી પરીક્ષા રવિવારે લેવામાં આવશે

**અબતક, રાજકોટ**

યુપીએસસી પરીક્ષાનું ટાઇમ ટેબલ જાહેર કરવામાં આવ્યું છે. આ પરીક્ષાઓ બે શિફ્ટમાં યોજાશે. યુનિયન પબ્લિક સર્વિસ કમિશન પરીક્ષાની તૈયારી કરી રહેલા યુવાનો માટે યુપીએસસીએ સિવિલ સર્વિસીસ પ્રિલિમિનરી પરીક્ષા-૨૦૨૫ માટેનું ટાઇમ ટેબલ જાહેર કર્યું છે. જાહેરાત મુજબ, આ પરીક્ષા રવિવાર-૨૫ મેએ યોજવામાં આવશે. જે ઉમેદવારોએ આ પરીક્ષા માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે, તેઓ યુપીએસસીની સત્તાવાર વેબસાઇટ upsconline.gov.in પરથી તેમનું ઇ-એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી શકે છે. યુપીએસસીએ તમામ વિદ્યાર્થીઓને એડમિટ કાર્ડ પરની સૂચનાઓ ધ્યાનથી વાંચવાની સલાહ આપી છે. પરીક્ષા બે શિફ્ટમાં યોજાશે. પ્રથમ શિફ્ટમાં સવારે ૯:૩૦થી ૧૧:૩૦ વાગ્યા સુધી સામાન્ય અભ્યાસની પરીક્ષા યોજાશે, જ્યારે બીજી શિફ્ટ બપોરે ૨:૩૦ થી ૪:૩૦ વાગ્યા દરમિયાન સીએસએટી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. યુપીએસસીએ ઉમેદવારોને કહ્યું છે કે, તેઓ આધાર કાર્ડ, પાન કાર્ડ અથવા ડ્રાઇવિંગ લાઇસન્સ જેવા ફોટો આઇડી-કાર્ડ લઇને આવે. દસ્તાવેજો વિના તમને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.ઉપરોક્ત જે બંને પરીક્ષા યોજાવાની છે, તે હિન્દી અને અંગ્રેજી ભાષાઓમાં છે. દરેક પેપર માટે બે કલાકનો સમય આપવામાં આવશે. જ્યારે સીએસએટી પેપર ફક્ત ક્વોલિફાઇંગ છે, તેના ગુણ મેરિટમાં ઉમેરાતા નથી. જ્યારે સીએસએટી પાસ કરવા માટે ઉમેદવારે ઓછામાં ઓછા ૩૩ ટકા ગુણ (૬૬ ગુણ) મેળવવા ફરજિયાત છે તેમજ તેની મુખ્ય પરીક્ષા ૨૨ ઓગસ્ટ-૨૦૨૫થી શરૂ થવાની સંભાવના છે.

# વિવિધ કેસોમાં સુનાવણી: શુક્રવારે લેન્ડ ગ્રેબિંગ કમિટીની બેઠક મળશે

## સમિતિ દ્વારા આ કેસોના સંદર્ભમાં ૨૦ જેટલા અરજદારોને રૂબરૂ સાંભળવામાં આવશે

**અબતક, રાજકોટ**

રાજકોટ કલેક્ટરના અધ્યક્ષ સ્થાને લેન્ડ ગ્રેબિંગ સમિતિની બેઠક આગામી તારીખ ૧૭ મે, શુક્રવારના રોજ યોજાશે. આ બેઠકમાં સમિતિ દ્વારા કુલ ૪૦ જેટલા કેસો પર ગહન ચર્ચા કરવામાં આવશે અને ૨૦ લોકોને રૂબરૂ બોલાવવામાં આવ્યા છે.

વધુમાં, સમિતિ દ્વારા આ કેસોના સંદર્ભમાં ૨૦ જેટલા અરજદારોને રૂબરૂ સાંભળવામાં આવશે. અરજદારોને તેમની



રજૂઆત કરવાનો અને પુરાવા રજૂ કરવાનો મોકો મળશે, જેના આધારે સમિતિ તટસ્થ મૂલ્યાંકન કરી શકશે. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય જમીન પચાવી પાડવાના કેસોનો ઝડપી અને યોગ્ય નિકાલ લાવવાનો છે, જિલ્લા કલેક્ટર દ્વારા તમામ સંબંધિત અધિકારીઓને બેઠકમાં હાજર રહેવા સૂચના આપવામાં આવી છે. આ બેઠક જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને મળશે.બેઠક દરમિયાન બન્ને પક્ષને રૂબરૂ સાંભળવામાં આવશે. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર ઉપરાંત પોલીસ વિભાગના અધિકારીઓ પણ હાજર રહેશે.

# ભારત એશિયાકપ નહિ રમે તો સમગ્ર ટુનાર્મેન્ટ રદ થઇ શકે!

## બીસીસીઆઇએ આવતા મહિને શ્રીલંકામાં યોજાનાર ઇમર્જિંગ મહિલા એશિયા કપમાંથી પણ ખસી જવા અંગે મૌખિક રીતે જાણ કરી હોવાનો દાવો

**અબતક, નવી દિલ્હી**

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા વિવાદ વચ્ચે, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે એશિયન ક્રિકેટ કાઉન્સિલની તમામ ટુર્નામેન્ટમાંથી અનિશ્ચિત સમય માટે બહાર રહેવાનો નિર્ણય લીધો છે. બીસીસીઆઇ કપ ૨૦૨૫ ના આગામી સંસ્કરણમાંથી ખસી જવાનો વિચાર કરી રહ્યું હોવાના અહેવાલ છે.બીસીસીઆઇએ એસીસીને આવતા મહિને શ્રીલંકામાં યોજાનાર મહિલા ઇમર્જિંગ ટીમ્સ એશિયા કપ અને સપ્ટેમ્બરમાં યોજાનાર પુરુષ એશિયા કપમાંથી ખસી જવાના પોતાના નિર્ણયની જાણ કરી છે. ઉલ્લેખનીય છે કે, એસીસીના વર્તમાન પ્રમુખ પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસીન નકવી છે, જે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ પણ છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત મેન્સ એશિયા કપ ૨૦૨૫નું યજમાન છે અને બીસીસીઆઇઆઇના વલણથી ટુર્નામેન્ટ પર પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું થયું છે. ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન અને શ્રીલંકાનો સમાવેશ કરતી આ ટુર્નામેન્ટ હાલ પૂરતી મુલતવી રાખવામાં આવી છે.જો એશિયા કપ ન થાય, તો એસીસી એ સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઇન્ડિયા સાથે તેના પ્રસારણ કરાર પર ફરીથી વાટાઘાટો કરવી પડશે, જેણે ૨૦૨૪ માં આગામી ૮ વર્ષ માટે ૧૭૦ મિલિયનમાં અધિકારો ખરીદ્યા હતા. એસીસીના પૂર્ણ સભ્ય દેશો ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા અને અફઘાનિસ્તાનને પ્રસારણ આવકમાંથી ૧૫-૧૫% મળે છે, જ્યારે બાકીનો હિસ્સો સહયોગીઓ અને આનુષંગિકોમાં વહેંચવામાં આવે છે. પાકિસ્તાન એશિયા કપ ૨૦૨૩નું યજમાન હતું, પરંતુ આ ટુર્નામેન્ટ હાઇબ્રિડ મોડેલમાં આયોજિત કરવામાં આવી હતી. સરહદી તણાવ વચ્ચે બીસીસીઆઇને ટીમ ઇન્ડિયાને પાકિસ્તાન જવાની મંજૂરી આપવાનો ઇનકાર કરી દીધો હતો. ભારતે તેની બધી મેચ શ્રીલંકામાં રમી હતી અને કોલંબોમાં યોજાયેલી ફાઇનલમાં શ્રીલંકાને હરાવીને ટાઇટલ જીત્યું હતું.

# મનરેગા કૌભાંડમાં મંત્રી બચુ ખાબડના બીજા પુત્રની પણ ધરપકડ

## કિરણ ખાબડને વહેલી સવારે વડોદરા-હાલોલ હાઇવે પરથી પોલીસે પકડ્યો : પૂછપરછ ચાલુ

**અબતક, રાજકોટ**

દાહોદમાં મનરેગા યોજના કૌભાંડ બચુ ખાબડના બીજા પુત્રની પણ ધરપકડ કરાઇ છે. પોલીસે ફરાર મંત્રી પુત્ર સહિત ૩ ને ઝડપી પાડ્યા છે. મંત્રી બચુભાઇ ખાબડના બીજા પુત્ર કિરણ ખાબડની પણ ધરપકડ કરાઇ છે. કીરણ ખાબડ, દેવગઢબારીઆના એપીઓ દિલિપ ચૌહાણ, ધાનપુરના તાલુકા વિકાસ અધિકારી રાઠવાની પણ ધરપકડ કરાઇ છે.

દાહોદ મનરેગા કૌભાંડ મામલે મોટા સમાચાર સામે આવ્યા છે. મંત્રી બચુભાઇ ખાબડના બીજા દીકરા કિરણ ખાબડની ધરપકડ કરવામાં આવી છે. અગાઉ બળવંત ખાબડની ધરપકડ થઇ હતી. તેના બાદ હવે કિરણ ખાબડની ધરપકડ કરાઇ છે. પોલીસે ફરાર મંત્રી પુત્ર સહિત ત્રણને ઝડપી પાડયા છે.

અગાઉ ૧૭ મેએ દાહોદ મનરેગા કૌભાંડ મામલે કૃષિ અને પંચાયત રાજ્ય મંત્રી બચુ ખાબડના પુત્રની ધરપકડ કરવામાં આવી હતી. દેવગઢ બારિયા તેમજ ધાનપુર તાલુકામાં મનરેગા યોજનામાં કરોડો રૂપિયાના કૌભાંડ મામલે પોલીસે મંત્રી પુત્ર બળવંત ખાબડ સાથે તત્કાલીન ટીડીઓ દર્શન પટેલની પણ ધરપકડ કરી છે.

દાહોદ કોર્ટે આરોપી બળવંત ખાબડના ૫ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

### કોઇ લાભાર્થી અનાજથી વંચિત નહિ રહે

# E-KYC બાકી હોય તેવા ગ્રાહકોને સ્થળ પર E-KYC કરી અનાજ અપાશે

**અબતક, રાજકોટ**

શહેરનાં લાભાર્થીઓ હોય કે છેવાડાનાં ગામનાં લાભાર્થીઓ હોય, જરૂરિયાતમંદ સૌ લાભાર્થીઓને અનાજ મળે તેની દરકાર સરકાર રાખે છે. જે રેશનકાર્ડ ધારકોનું E-KYC પુર્ણ થયેલ હોય, તેઓને અનાજ વિતરણ કરવામાં આવશે અને જે રેશનકાર્ડ ધારકોનું E-KYC બાકી હોય, તેઓને સ્થળ પર E-KYC કરી અનાજ મળશે. કુદરતી આફતો અથવા ગંભીર સમસ્યાઓના અપવાદો માટે ડીઓએફપીડી તરફથી પૂર્વ મંજૂરી સિવાય મેન્યુઅલ/ઓફલાઇન વિતરણ થઇ શકશે નહિ. આમ કોઇ લાભાર્થી અનાજથી વંચિત નહિ રહે. પણ અનાજ મેળવવા ઈ-કેવાયસી જરૂરી છે. માટે તમામ ગ્રાહકોએ ઈ-કેવાયસી કરાવવું. રાજકોટ જિલ્લામાં મે-માસ દરમિયાન અનાજનો ૧૦૦% જથ્થો ફાળવવામાં આવેલ છે. અને તે મુજબ વિતરણ પણ ચાલુ છે. જુન માસના વિતરણ દરમિયાન જે લાભાર્થીઓએ E-KYC કરાવેલ હશે તેઓને અનાજ મળશે તે સુનિશ્વિત કરવામાં આવેલ છે. E-KYC ની મોટાભાગની કામગરી પુર્ણ થયેલ છે. જે લાભાર્થીઓને ઈ-કેવાયસીની કામગીરી બાકી છે તેઓને સ્થળ પર જ ઈ-કેવાયસી કરી અનાજ વિતરણ કરવામાં આવશે તેમ જિલ્લા પુરવઠા અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

# કાલે કોર્પોરેશનમાં 'ટીપી' બોર્ડ: કોંગ્રેસ શાસકો - અધિકારીઓની કરશે 'અગ્નિ' પરીક્ષા

## ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા જીવલેણ અગ્નિકાંડની પ્રથમ પુણ્યતિથિ પૂર્વે વિપક્ષ કોંગ્રેસ શાસક પક્ષ અને વહિવટી પાંખ પાસે કરશે ન્યાયની ઉઘરાણી: બોર્ડ તોફાની બની રહેવાના એંધાણ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં આવતીકાલે સવારે ૧૧ કલાકે મેયર નયનાબેન પેઢડિયાના અધ્યક્ષસ્થાને જનરલ બોર્ડની બેઠક મળશે. બોર્ડમાં રજૂ કરાયેલી ૧૧ પૈકી ૭ દરખાસ્તો તો માત્ર ટીપી શાખાની હોય બોર્ડને ટીપી બોર્ડ કહેવામાં આવે તો પણ કોઇ અતિશિયોક્તિ નથી. ગત વર્ષે શહેરના ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા જીવલેણ અગ્નિકાંડની પ્રથમ પુણ્યતિથિએ વિપક્ષ કોંગ્રેસ પીડિતોને ન્યાય પ્રશ્ને ઉઘરાણી કરી શાસકો અને અધિકારીઓની આકરી કસોટી કરશે. બોર્ડમાં કુલ ૧૬ કોર્પોરેટરોએ ૩૦ સવાલો રજૂ કર્યા છે. જનરલ બોર્ડ તોફાની બની રહે તેવા સ્પષ્ટ એંધાણો હાલ દેખાઇ રહ્યા છે.

ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડની ઘટનાની પ્રથમ પુણ્યતિથિ પૂર્વે કોંગ્રેસ દ્વારા કાલથી સતત એક સપ્તાહ સુધી પીડિતોને ન્યાય અપાવવા માટે આંદોલાત્મક કાર્યક્રમો જાહેર કરવામાં આવ્યા છે. આવતીકાલે જનરલ બોર્ડમાં વિપક્ષ કોંગ્રેસ મ્યુનિસિપલ કમિશનર અને મેયર પાસે ટીઆરપી ગેમ ઝોનની ઘટના અંગે વિસ્તૃત માહિતી મેળવે તેવી શક્યતા દેખાઇ રહી છે. જો કે, વિપક્ષ બોર્ડમાં હંગામો મચાવે તે પૂર્વે જ તેઓને ગ્રાઉન્ડમાંથી જ અટકાયત કરી લેવામાં આવે તેવી શક્યતા પણ નકારી શકાતી નથી. જનરલ બોર્ડના એક કલાકના પ્રશ્નોત્તરી કાળમાં ભાજપના ૧૩ કોર્પોરેટરોએ ૨૧ પ્રશ્નો, કોંગ્રેસના ત્રણ કોર્પોરેટરોએ ૯ પ્રશ્નો રજૂ કર્યા છે. બોર્ડની વણલખી પરંપરા મુજબ માત્ર એક જ કોર્પોરેટરના પ્રશ્નની સાચી-ખોટી ચર્ચામાં એક કલાકનો પ્રશ્નોત્તરી કાળને વેડવી નાંખવામાં આવે છે. જો વિપક્ષના કોર્પોરેટરનો સવાલ પ્રથમ ક્રમે હોય તો તેને પૂરક સવાલોનો કોઇ જ જવાબ આપવામાં આવતો નથી. ખોટો હંગામો મચાવી વિપક્ષના પ્રજાલક્ષી પ્રશ્નને પણ દબાવી દેવામાં આવે છે. દરમિયાન કાલે બોર્ડમાં કોંગ્રેસના કોર્પોરેટરો અગ્નિકાંડની ઘટનાને એક વર્ષ પુરૂં થયું હોય જેને લઇ આશ્ચર્યજનક અને આક્રમક કાર્યક્રમ આપવાના મૂડમાં હોવાનું જાણવા મળી રહ્યું છે. જનરલ બોર્ડમાં કુલ ૧૧ દરખાસ્તો રજૂ કરવામાં આવી છે. જેમાં કામચલાઉ પ્રારંભિક નગરરચના યોજના-૧૮ (રાજકોટ)માં સમાવિષ્ટ સમૂહચિત સત્તામંડળને ફાળવવામાં આવેલા જાહેર હેતુના અંતિમ ખંડો તથા ટીપી રસ્તાની દરખાસ્ત પરામર્શ આપવા, ટીપી સ્કિમ નં.૪૬ (ઘંટેશ્વર) બનાવવા માટે ઇરાદો જાહેર કરવા, પ્રારંભિક ટીપી સ્કિમ નં.૩૧ (રાજકોટ)માં કોર્પોરેશન ફાળવવામાં આવેલા જાહેર હેતુના અંતિમ ખંડો અને રસ્તા અન્વયેની કામ ચલાઉ પુનઃરચનાની દરખાસ્ત પરામર્શ આપવા, ટીપી સ્કિમ નં.૧ (રાજકોટ)ના અનામત પ્લોટ નં.૧૦૮૫ને બસ ટર્મિનશના હેતુમાંથી રહેણાંક હેતુ માટે જમીનનો હેતુ ફેર કરવા અને ઇરાદો જાહેર કરવા, ટીપી સ્કિમ નં.૨૩ મોટા મવા (રાજકોટ)માં સમાવિષ્ટ સત્તામંડળને ફાળવવામાં આવેલા જાહેર હેતુના અંતિમ ખંડો અને ટીપી રસ્તાની દરખાસ્તને પરામર્શ આપવા, ટીપી સ્કિમ નં.૨૨ મોટા મવા (રાજકોટ)માં પણ રૂડાને ફાળવવામાં આવેલા ટીપીના પ્લોટ અને રસ્તાની દરખાસ્તોને પરામર્શ આપવા ઉપરાંત મોટા મવા વિસ્તારમાં ટીપી સ્કિમ નં.૪૪ બનાવવા માટેનો ઇરાદો જાહેર કરવા સહિતની ૧૧ દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવશે. એકસાથે જનરલ બોર્ડમાં ટીપીની અલગ-અલગ દરખાસ્તો રજૂ કરવામાં આવી હોય જનરલ બોર્ડને ટીપી બોર્ડ પણ કહી શકાય તેમ છે. કાલે બોર્ડ-બેઠક થોડી તોફાની બની રહે તેવી શક્યતા પણ નકારી શકાતી નથી.

# વઢવાણ: એક તરફી પ્રેમમાં પાગલે યુવતીની કરી હત્યા


## કંપનીમાં નોકરીએ જતી યુવતીનો પિછો કરી છરીના ઘા ઝીંકી ઢીમ ઢાળી દીધું

## પોલીસની સમજાવાટ બાદ મૃતદેહ સ્વીકાર્યો: આરોપીને ઝડપી લેવાયો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

વઢવાણ ગણપતિ ફાટસર વિસ્તારમાં રહેતી યુવતીની દિન-દહાડે છરીના ઘા ઝીંકી એક યુવકે હત્યા નીપજાવતા ચકચાર મચી જવા પામી છે જે મામલે મૃતકના પરિવારજનો દ્વારા જ્યાં સુધી હત્યા નીપજાવનાર આરોપીને ઝડપી પાડવામાં નહિં આવે ત્યાં સુધી લાશને સ્વીકારવાનો ઈન્કાર કરતા પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. જ્યારે પોલીસે આરોપીને ઝડપી પાડ્યા બાદ પરિવારજનોએ લાશનો સ્વીકાર કર્યો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ વઢવાણ ગણપતિ ફાટસર વિસ્તારમાં રહેતા ડાયાભાઈ સોલંકીની પુત્રી પાયલ સોલંકી જે એક કંપનીમાં કામ કરી સમગ્ર પરિવારનું ગુજરાન ચલાવે છે તે રાબેતા મુજબ સવારના સમયે ઘરેથી કંપનીમાં કામ પર જઈ રહી હતી તે દરમ્યાન ગણપતિ ફાટસર વિસ્તારમાં આવેલ ગલીમાં પહોંચતા દિન-દહાડે અમન નથુભાઈ રાઠોડ નામનો યુવક છરી સાથે આવી પહોંચ્યો હતો અને યુવતી સાથે બોલાચાલી કરી છરીના ઘા ઝીંકી હત્યા નીપજાવી નાસી છુટ્યો હતો યુવતીના મૃતદેહને પીએમ અર્થે સરકારી ગાંધી હોસ્પીટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. બી-ડિવીઝન પોલીસ સ્ટાફ ઘટના સ્થળે તેમજ હોસ્પીટલ ખાતે ઉમટી પડ્યો હતો



જ્યારે ભોગ બનનાર યુવતીના પરિવારજનોના જણાવ્યા મુજબ છેલ્લા ઘણા સમયથી હત્યા નીપજાવનાર યુવક યુવતીનો પીછો કરતો હોવાનું અને છેલ્લા ઘણા સમયથી યુવતીને હેરાન-પરેશાન કરતો હતો તેમજ એક તરફી પ્રેમ કરતો હતો પરંતુ યુવતીને આ પસંદ નહિં હોવાથી દિન-દહાડે હત્યા નીપજાવી હોવાનું સામે આવ્યું છે.

જે અંગે ભોગ બનનાર યુવતીના પિતાએ વઢવાણ પોલીસ મથકે હત્યા અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં હત્યા નીપજાવનાર યુવક અમન રાઠોડને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તેમજ ભોગ બનનાર યુવતિના પરિવારજનો અને સમાજના આગેવાનો પણ સમજાવતા બપોર બાદ સરકારી હોસ્પીટલ ખાતેથી યુવતીની લાશનો સ્વીકાર કરી અંતિમ વિધિની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# કોંઢ ગામે ઉદ્ઘાટનના આમંત્રણ બાબતે બે જુથ વચ્ચે સશસ્ત્ર મારામારી

## એગ્રીકલ્ચરની દુકાનના ઉદ્ઘાટન પ્રસંગે થયેલી બોલાચાલીમાં ફાયરીંગ: બંને પક્ષે મળી ૧૫ સામે ફરિયાદ

**અબતક સલીમ ઘાંચી, ધાંગધ્રા**

કોઢ ગામે દુકાનના ઉદઘાટનના પ્રસંગને લઈને બોલા ચાલી થતા ઉગ્રૅસ્વરૂપ ધારણ કર્યું હતું અને બનાવની બન્ને પક્ષો વચ્ચે બોલાચાલી થતા ફાયરિંગ અને ધારીયા જેવા હથીયાર દ્વારા ખુની હુમલાનો બનાવ બનતા ધ્રાંગધ્રા તાલુકા પોલીસમાં બંને પક્ષો દ્વારા કુલ ૧૫ શખ્સો સામે ખૂની હુમલો કરી મારમારી અને ધમકી આપ્યાની ફરિયાદ નોંધવામાં આવી છે આમ બનાવને લઈને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ધાંગધ્રા ડીવાયએસપીની આગેવાની નીચે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ધાંગધ્રાના કોઢ ગામે ગત સાંજના એગ્રીકલ્ચરની દુકાનના ઉદ્ઘાટનના પ્રસંગને લઈને આમંત્રણ આપવા બાબત લઈને બોલાચાલી થતા ઉગ્ર સ્વરૂપ ધારણ થતાં ફાયરીંગ અને ધારીયા જેવા હથીયાર દ્વારા ખુની



હુમલાનો બનાવ બનેલ ત્યારે ધ્રાંગધ્રા એપીએમસી પૂર્વ ચેરમેન કનકસિહ ભુપતસિંહ ઝાલાને માથાના ભાગે ધારીય જેવા હથીયાર થી ગંભીર ઈજા થતા સુરેન્દ્રનગર સી યુ શાહ હોસ્પીટલ દાખલ કરવામાં આવતા તેઓ દ્વારા આરોપી કરણભાઈ નારસંગભાઈ પઢીયાર. નારસંગભાઈ રૂપાભાઈ પઢીયાર, ભાવેશભાઈ ધનાભાઈ પઢીયાર. રહે ત્રણેય કોઢ મોહબતભાઈ રૂપાભાઈ ટાકં. હર્ષદભાઈ ટાકં. ભવાનભાઈ ભાણો ત્રણેય રહે કલ્યાણપૂર અને ત્રણ અજાણ્યા શખ્સો સામે ખુની હુમલો કરી માથાના ભાગે ધારીયા જેવા હથીયાર થી ગંભીર ઈજા કર્યાંની ફરીયાદ ધ્રાંગધ્રા તાલુકા પોલીસમાં નોધાવી જ્યારે સામા પક્ષે ફરીયાદી ભરતભાઈ રૂપસંગભાઈ પઢીયાર રહે કોઢ વાળા દ્વારા આરોપી કનકસિહ ભુપતસિંહ ઝાલા. ગજેન્દ્રસિંહ પ્રતાપસિંહ ઝાલા. શકિતસિંહ લખુભા ઝાલા અને ત્રણ અજાણ્યા શખ્સો દ્વારા દુકાનના ઉદ્દઘાટન પ્રસંગે આમંત્રણ આપવા બાબને લઈને બોલાચાલી કરી દુકાન મા તોડ ફોડ કરી પચ્ચાસ હજારનું નુકસાન કરી બધુકમાથી ફાયરીંગ કર્યાંનો ધ્રાંગધ્રા તાલુકા પોલીસમાં ફરીયાદ નોંધાવતા બન્ને પક્ષોની ફરીયાદ નોધી કોઈ અનિચ્છનીય બનાવ નો બન્ને તે માટે ધ્રાંગધ્રા ડીવાયએસપી જે ડી પુરોહિતના માર્ગૅદર્શૅન નીચે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ એસઓજી એલસીબી દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

### (પહેલા પાનાનું ચાલું) ત્રિકમજી મંદિર...

ઓકટોબર ૧૯૯૯માં શિવરામદાસજી વૈષ્ણવ અને મહંત ગુરૂમોરલીદાસજી મંદિરની જમીન ઓનર્સ એસોસિએશન વતી બાબુભાઈ શાહને વેચાણે આપવામાં આવી હતી. પરંતુ, આ જમીનના વેચાણ માટે ચેરીટી કમિશનરની મંજુરી લેવામાં આવી નહોતી. જે અનુસંધાનમાં કોર્ટમાં કેસ દાખલ થયો હતો. ત્યારબાદ હાઈકોર્ટમાં સહલ ઓનર્સ એસોસિએશન વિરૂદ્ધ દાવો કરવામાં આવ્યો હતો. જેમાં હાઈકોર્ટના ચુકાદા અનુસંધાનમાં સહલ ઓનર્સ અને ચેરીટી કમિશનર જમીન વેચાણ કે અન્ય કોઈ નિર્ણય ન લઈ શકે અને ૧૯૯૯માં બનાવવામાં આવેલો દસ્તાવેજ કોર્ટમાં સુનાવણીમાં હતો.

સહલ ઓનર્સ એસોસિએશન દ્વારા ડિસેમ્બર, ૨૦૧૬માં બોગસ ઠરાવ પસાર કરાવીને ઓનર્સ એસોસિએશનના વહીવટદાર મોહંમદ અસગર પઠાણને અશક્ત બતાવીને શેખ નિઝામુદ્દીન રહેમાનની વહીવટદાર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. આ ઠરાવમાં બાબુલાલ શાહ અને અસગર શેખની સહી હતી. ત્યારબાદ નિઝામુદ્દીન શેખના પૌત્ર બિલાલ હનીફ શેખે નિયમ વિરૂદ્ધ જઈને વર્ષ ૨૦૨૩માં જિલ્લા કલેક્ટર કચેરીમાં જમીન વેચાણ અંગે મંજુરી માંગી હતી. અને આ જમીનનો દસ્તાવેજ કરવામાં આવ્યો હતો. જ્યારે આ જમીનનો ૧૯૯૯નો દસ્તાવેજ કોર્ટમાં હતો. ત્યારબાદ આ જગ્યા પર બિલાલ શેખ અને તેના મળતિયાઓ સીમરન ગ્રૂપે ગેરકાયદે કબજો લીધો.

આ અંગે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પીઆઈ સી.વી. ગોસાઈએ જણાવ્યું કે વર્ષ ૨૦૨૩ના દસ્તાવેજમાં ઉલ્લેખ છે કે આ જમીન બાબુલાલ શાહ, મોહંમદ અસગર અને શેખ નિઝામુદ્દીન દ્વારા બિલાલ શેખ, રોહન કાદરી, ઝીશાન કાદરી અને સદામહુસૈનને વેચાણ આપવામાં આવી હતી. આ આરોપીઓએ ચેરીટી કમિશનરની માલિકીની જમીન પચાવી લીધી હતી. આ માટે ૨.૩૬ કરોડ રૂપિયાના દસ્તાવેજ થયા હતા. અનેક બોગસ દસ્તાવેજ તૈયાર કરાવ્યા હતા. આ બાબતે કલેકટર કચેરીમાં જમીન વેચાણ અંગેની મંજૂરી અંગે પણ તપાસ કરવામાં આવશે.

નોંધનીય છે કે ૧૯૯૯માં જે દસ્તાવેજ થયો હતો, તે વિવાદાસ્પદ હોવાથી કોર્ટે સુનાવણીમાં પોતાની પાસે રાખ્યો હતો. જ્યારે ૨૦૨૩માં આ જમીન ખાનગી હોવાનો દાવો કરીને ગેરકાયદે દસ્તાવેજ થયો હતો. આમ, આ કૌભાંડમાં અનેક મોટા ખુલાસા થવાની શક્યતા છે.

### (ત્રીજા પાનાનું ચાલું) રમેશ ટિલાળા...

વિધાનસભા-૭૦ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ પ્રાણી રંજાડ શાખા અને બાંધકામ શાખા લગત ત્રણ પ્રશ્નો રજુ કર્યા હતા. જે તમામ પ્રશ્નોનું મ્યુનિસિપલ કમિશનરના અધ્યક્ષ સ્થાને નિરાકરણ કરવામાં આવેલ તેમજ ધારાસભ્ય દ્વારા અન્ય ફાયર શાખા, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા અને દબાણ હટાવ શાખાના લગત પ્રશ્નોની રજૂઆત ઓફલાઈન કરવામાં આવેલ. આ તમામ પ્રશ્નો અંગે સત્વરે યોગ્ય નિરાકરણ લાવવા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ સંબંધિત વિભાગોના અધિકારીઓને સૂચના આપી હતી.

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાની અધ્યક્ષતામાં યોજાયેલ સંકલન સમિતિની બેઠકમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાની, ચેતન નંદાણી, હર્ષદ પટેલ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ડીઈઓ...

કામગીરીમાં પણ મૂશ્કેલી સર્જાઈ હોવાના આક્ષેપો થઈ રહ્યાં છે. તાજેતરમાં રાજકોટમાં વર્ગ-૨ના અધિકારીનો ચાર્જ લઈ લેવામાં આવ્યો હોવાની પણ વિગતો સામે આવી છે. ૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતીના શાસનાધિકારી તરીકે ફરજ બજાવતાં વર્ગ-૨ના અધિકારી કિરિટસિંહ પરમારને રાજકોટ ડીઈઓનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો. રાજકોટ ડીઈઓનો ચાર્ચ સોંપાયા બાદ આ અધિકારી સતત વિવાદમાં રહેતા તેમની પાસેથી ચાર્જ છીનવી ડીપીઈઓ દિક્ષિત પટેલને ચાર્જ સોંપવામાં આવ્યો છે.

### ભારતીય પોસ્ટલ એમ્પ્લોયઝ...

સોરઠીયાવાડી ટ્રેઝરર તરીકે ખ્યાતિબેન સોલંકી હેડ પોસ્ટ ઓફિસ રાજકોટ પોસ્ટમેન એમટીએસ પ્રમુખ તરીકે વી.એન.રાઠોડ સેક્રેટરી રામદેવ રામાવત મોરબીની વરણી કરવામાં આવેલ છે તેમજ ગ્રામીણ ડાક સેવ પ્રમુખ તરીકે નવલસિંહ જાડેજા પડધરી સેક્રેટરી બીપીનભાઈ દવે માધાપર ઉપપ્રમુખ ખોડુભા જાડેજા મોટાવડા આર.એમ.જાદવ દહીસરાની પણ સર્વાનુમતે વરણી કરવામાં આવી આ અધિવેશનમાં ડી.યુ.સોલંકી શરદભાઈ તૈરેયા દેવાઈતભાઈ જયદેવસિંહ વાળા પી ૪ સેકેન્ડરી પ્રભાતભાઈ ડાંગર મુન્નાભાઈ ગરચર ઉપસ્થિત રહેલ તેમજ હાર્દિકભાઈ ત્રિવેદી મયુરભાઈ ગોસ્વામીએ કાર્યક્રમ ને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ તેમજ કાર્યક્રમ નું સંચાલન કરેલ.

### (ચોથા પાનાનું ચાલુ) સ્વસ્તિક સુવર્ણ ઉત્સવ...

શોભાયાત્રા શ્રી સ્થાનવાસી જૈન ધારી સંઘના ઉપાશ્રયથી પૂ. મનિષાબાઈ મહા ના માંગલીકથી ભવ્યાભી ભવ્ય શોભાયાત્રાની શરુઆત થઈ હતી.

નમ્રમુનિ મહારાજની ઉપસ્થિતિ અને તેમના પ્રવચનથી તો સમગ્ર વાતાવરણ વધુ પાવન બન્યું હશે. ૧૫૦૦ સભ્યોની હાજરી અને સૌરાષ્ટ્રના વિવિધ ગામોમાંથી આવેલા પ્રતિનિધિઓ આ પ્રસંગની મહત્તા દર્શાવે છે. મૃદુલાબેન અને નવીનભાઈ શેઠનું ઋણ સ્વીકાર અને વડીલ વંદનાનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો વીણાબેન શેઠ દ્વારા કરવામાં આવેલું સમગ્ર કાર્યક્રમનું વ્યવસ્થાપન ખરેખર પ્રશંસનીય છે.આવા ધાર્મિક અને સામાજિક પ્રસંગો સમાજને એક નવી દિશા અને પ્રેરણા આપે છે.૧૬,૧૭ અને ૧૮ ત્રિદિવસીય તપ પારણા - પ્રેરણા ધર્મોત્સવ ધારીની ધન્ય ધરા ઉપર ઉલ્લાસભેર ઉજવાયો હતો

ધારી સંઘમાં અનેરો ધર્મોલ્લાસ છવાયો હતો ભાગ્યશાળી ધારી સંઘ તથા માતુશ્રી મૃદુલાબેન એન શેઠ પરિવાર તરફથી આરાધાકોની વર્ષીનતપ આયોજન કરવામાં આવ્યું હતું

આ પ્રસંગમાં બીએપીએસ સ્વામીનારાયણ સંસ્થા દ્વારા દરેક તપસ્વીઓનું ઉતારા માટે વ્યવસ્થા કરી આપવામાં આવેલ તથા અનુપમમિશન દ્વારા પ્રસંગ માટે શ્રીયોગીજીમહારાજ વિદ્યાલયનો હોલ તથા કોલેજ ગ્રાઉન્ડ વાપરવા આપેલ. જે ખૂબજ અનુમોદનીય કાર્ય છે. લોહાણા સમાજવાડી પટેલ સમાજવાડી પણ આપણને પ્રાપ્ત થયેલ. જે નાના ગામ ધારીમાં પરસ્પર સમાજની એકતાનું પ્રતિક સમાન છે.

### ફોરેસ્ટ બાથીંગ...

દિવ્ય અનુભવ થયો હતો.

આ વિશ્વ નાટક ના પરમ સ્રોત પરમશક્તિ નું સાનિધ્ય મેડીટેશન દ્વારા સૌ કોઈએ કર્યું

બ્રહ્માકુમારી વિધિબેને આ તકે કહ્યું હતું કે, વૃક્ષો સાથેના મૌન સંવાદથી વિચારોની ગતિ શાંત બને છે. મનની આ સ્થિતિ વાહન હંકારતી વખતે જરૂરી છે, તેનાથી અકસ્માત ઘટે છે.

જાપાની સાહિત્યમાં એક વાર્તા છે. જેમાં યુવક એક વૃક્ષને બથ ભરીને ધ્રુસકે ધ્રુસકે રડે છે. કેમ કે તે તેનાથી દૂર જઈ રહ્યો હોય છે. વિદેશમાં નેચર થેરાપી પ્રચલિત છે. જેમાં ડિપ્રેસન હોય તેને વન ગમન કરવાની સલાહ અપાય છે.

યાદ રહે, શ્રી રામચંદ્રજિ વનવાસ બાદ વધુ ઊર્જાવાન થઈને અયોધ્યા પરત ફર્યા હતા.

### મંડલા આર્ટ...

ભીંત ચિત્ર શૈલી અને બૌધ્ધકાળના વિચારો અને સંજ્ઞાઓને યોગ્ય રંગો અને આકારો થકી પ્રદર્શીત કરવાની કલા છે જેમાં મહદ અંશે ગોળાકાર એટલે કે મંડળ આકારમાં જ કૃતિઓ તૈયારી થતી જોવા મળે છે. આ વર્કશોપનો મુખ્ય હેતુ વિદ્યાથીઓ મોબાઈલથી દુર થાય અને પોતાની અંદર રહેલી સુષુપ્ત કલાઓને જાણી વધુમાં વધુ સમય સર્જનાત્મક પ્રવૃતિમાં વિતાવે તે હતો. વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ચેતસ ઓઝા દ્વારા કરવામાં આવેલું.

આ પૂર્વે ક્રિષ્ના કલબ અંતર્ગત થિયેટર તેમજ ડાન્સના વર્કશોપ પણ આયોજીત થયા હતા અને આગામી દિવસોમાં અન્ય કલાઓના વર્કશોપનું પણ આયોજન કરવામાં આવશે.

આ સેમીનારના સફળ આયોજન બદલ ગાર્ડી વિદ્યાપીઠના ચેરમેન ડી.વી. મહેતા અને મેનેજીંગ ડિરેકટર જય મહેતા દ્વારા ક્રિષ્ના કલબના સભ્યો અને આયોજકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### જનકલ્યાણ ટ્રસ્ટ...

છાશ વિતરણ કરી હતી. આ વર્ષે પણ ૩૦-૪-૨૫ થી છાશ વિતરણ શરુ કરેલ છે જે વરસાદ આવે ત્યાં સુધી દરરોજ સવારે આશરે ૨૫૦૦ ની છાશ વિતરણ ચાલુ છે.

આ ટ્રસ્ટ દ્વારા ચાલુ કરેલ વિદ્યાર્થીઓ માટેની મફત પાઠ્યપુસ્તક યોજના બુક- બેંક પણ આગામી ૨૦-૫ થી શરુ કરવા જઈ રહ્યા છીએ.

આ ટ્રસ્ટ દ્વારા દર વર્ષે ચક્ષુદાતા, દેહદાતા વગેરેના પરિવારજનોનું સન્માન કરવાનો કાર્યક્રમ પણ સમાજ શ્રેષ્ઠઈઓની ઉપસ્થિતિમાં કરવામાં આવે છે. આ બધી પ્રવૃતિઓમાં સર્વે સમાજના દાતાઓનો આર્થિક સહયોગ મળતો રહે છે. કોઈપણ કામ માટે અમારુ કાર્યાલય જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ ૧૦, ક્રાંતિ પ્રકાશ, મનીષ લેધર ઉપર, પુનમ ફર્નીચર પાસે, ઢેબર રોડ ઉપર આવેલ છે. દરરોજ સાંજે ૫ થી ૮ ખુલ્લું હોય છે. જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૭૦૧ ચક્ષુદાન, ૩ સ્કીન ડોનેશન, ૬૦ દેહદાન કરાવેલ છે. વધુ વિગત મળેવવા માટે ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

### માંધાતાસિંહ જાડેજા...

મૂલ્યો, નૈતિક્તા, વારસા પ્રત્યેની ફરજને પુનઃસ્થાપિત કરવાનો અને ભારતીય જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો છે. એક સમયે લુપ્ત થવાની કગાર પર પહોચેલાં દરબાર ગઢ સ્થિત સઘળાં સ્થાપત્યોને પુનજીવિત કરવાના અભિગમ સાથે આરંભાયેલાં નવીનીકરણ કાર્યમાં મોટા પ્રમાણમાં સંશોધકો, વિશ્લેષકો, સંબંધિત સલાહકારો, નિષ્ણાંતોએ તેમની સેવાઓ પુરી પાડી છે.

### પાનાનં.૧૩નું ચાલુ ભાનુબેન બાબરીયા

લાખથી વધુ લાભાર્થીઓ પોષણ ઉત્સવમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ પ્રસંગે ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર વિતરણ, વ્હાલી દીકરી યોજનાના મંજુરી હુકમનું વિતરણ, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજનાનાં મંજુરી હુકમ મંત્રીના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનાં મંજુરી હુકમનું વિતરણ, મહિલા સ્વાવલંબન યોજનાનાં મંજુરી ચેકનું વિતરણ, માતા યશોદા એવોર્ડ વિતરણ, પોષણ ઉત્સવ વાનગી સ્પર્ધામાં વિજેતાઓને ઈનામ વિતરણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહિલા કલ્યાણ નિયામકશ્રી પુષ્પા નિનામા દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શિલ્પાબેન પટેલ, આઈ.સી.ડી.એસના સંયુક્ત નિયામક અવંતિકા દરજી, ડે. કમિશનર મનીષાબેન પટેલ,મિશન ડાયરેક્ટર જિજ્ઞાસા પંડ્યા, જીઆરસી નિયામકશ્રી અમીબેન પટેલ સહિત મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીશ્રી તથા કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં આંગણવાડી કાર્યકરો હાજર રહ્યા હતા.

### એઈમ્સની આરોગ્ય સેવાઓ

અને પેરીઓપરેટિવ કેર વિભાગે નવા ઓપરેશન થિયેટરને કાર્યરત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી,આ કાર્યક્રમમાં એનેસ્થેસિયોલોજી અને પેરીઓપરેટિવ કેર વિભાગનું પ્રતિનિધિત્વ પ્રો. ડો. વિક્રમ વર્ધન, સહાયક પ્રોફેસરો ડો. અભિલાષ ડી. મોટેગરે અને ડો. નિવેદિતા જે. બોદરા અને સિનિયર નર્સિંગ ઓફિસર ગીતાએ કર્યું હતુંઆ પ્રસંગે મહાનુભાવો માં ડીન રિસર્ચ પ્રો. ડો. સંજય ગુપ્તા, અને ડેપ્યુટી ડિરેક્ટર એડમિનિસ્ટ્રેશન લેફ્ટનન્ટ કર્નલ અંકુર પ્રતાપ સિંહ અને એકાઉન્ટ્સ ઓફિસર શ્રીધર વસાણી હાજર રહ્યા હતા . તેમની હાજરી એઈમ્સ રાજકોટના મિશનને આગળ વધારવા માટેના સહયોગી પ્રયાસો અને વહીવટી સમર્થન મળ્યું હતું .

### વર્ચ્યુઅલ લોકાર્પણ

મુસાફરોને સ્પષ્ટતાથી માર્ગદર્શન આપે છે અને કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરે છે.

નવા ડિઝાઈનને સુગમતાને સૌથી આગળ રાખવામાં આવી છે. દિવ્યાંગજનોને અનુકૂળ માળખાકીય સુવિધાઓ, જેમાં સુગમ્ય સંકેતો અને બે પૈડાવાળા વાહનો માટે સમર્પિત પાર્કિંગ સ્થળોનો સમાવેશ થાય છે,

જામનગરથી લગભગ ૩૧ કિલોમીટર દૂર આવેલું જામવણથલી રેલ્વે સ્ટેશન લાંબા સમયથી ગુજરાતના રેલ્વે નેટવર્કમાં એક નાનું પરંતુ મહત્વપૂર્ણ સ્ટોપેજ તરીકે સેવા આપી રહ્યું છે. કૃષિ સમૃદ્ધિ માટે જાણીતા આ વિસ્તારમાં ઊંડે સુધી સમાયેલું આ સ્ટેશન હવે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ તેના વ્યાપક પરિવર્તન પછી એક નવી ઓળખ સાથે ઉભરી આવ્યું છે. પુનર્વિકાસનું કામ ૩ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે હાથ ધરવામાં આવ્યું છે, જેને સ્ટેશનની પ્રાદેશિક સુસંગતતા જાળવી રાખીને મુસાફરોની સુવિધાઓ અને માળખાકીય સુવિધાઓને સુધારવા માટે વિચારપૂર્વક અમલમાં મૂકવામાં આવ્યું છે.અગાઉ મર્યાદિત મુસાફરોવાળું એક સાદું સ્ટોપેજ સ્થળ, જામવણથલી રેલ્વે સ્ટેશન, જેને હાલમાં એન.એસ.જી.-૫ કેટેગરીના સ્ટેશન તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે, હવે એક આધુનિક, સમાવિષ્ટ અને કાર્યક્ષમ પરિવહન કેન્દ્ર તરીકે ફરીથી કલ્પના કરવામાં આવ્યું છે. નવીનીકરણમાં આરામ, પહોંચ અને સૌંદર્ય શાસ્ત્ર પર સંપૂર્ણ ધ્યાન આપવામાં આવ્યું છે, જેથી તમામ મુસાફરો માટે એક બહેતર અનુભવ સુનિશ્ચિત કરી શકાય.

### (૧૪માં પાનાનું ચાલુ) શુભમન ગિલ અને સાંઈ સુદર્શન

કિશોરનો શિકાર બન્યો હતો. તે ૧૯ બોલમાં ૩૦ રન કરીને આઉટ થયો હતો. આ પછી અક્ષર પટેલ ક્રીઝ પર આવ્યો અને ૨૫ રન કરી પેવેલિયન પાછો ફર્યો. ગુજરાત સામે કેએલ રાહુલે પોતાના કરિયરની પાંચમી સદી ફટકારી હતી. તે ૬૫ બોલમાં ૧૧૨ રન બનાવીને અણનમ રહ્યો હતો. આ ઉપરાંત ટ્રિસ્ટન સ્ટબ્સે ૨૧ રન ફટકાર્યા હતા. ગુજરાત તરફથી અરશદ ખાન, પ્રસિદ્ધ કૃષ્ણા અને સાઈ કિશોરે એક-એક વિકેટ લીધી હતી.

કેએલ રાહુલે ટી૨૦ ક્રિકેટમાં વધુ એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. તેણે ૮૦૦૦ રન પૂરા કર્યા છે અને આ સિદ્ધિ હાંસલ કરનાર વિશ્વનો ત્રીજો સૌથી ઝડપી બેટ્સમેન બન્યો છે. રાહુલે માત્ર ૨૨૪ ઈનિંગ્સમાં આ સિદ્ધિ હાંસલ કરી વિરાટ કોહલી (૨૪૩ ઈનિંગ્સ) અને મોહમ્મદ રિઝવાન (૨૪૪ ઈનિંગ્સ) ને પાછળ છોડી દીધા હતા. વેસ્ટ ઈન્ડીઝનો ક્રિસ ગેઈલ (૨૧૩ ઈનિંગ્સ) આ યાદીમાં ટોચ પર છે જ્યારે પાકિસ્તાનનો બાબર આઝમ (૨૧૮ ઈનિંગ્સ) બીજા સ્થાને છે. કેએલ રાહુલે ઘરેલુ ટી૨૦, આઈપીએલ અને આંતરરાષ્ટ્રીય ટી૨૦ મેચોને જોડીને આ રન બનાવ્યા છે.

### વેરાવળ ગ્રામ પંચાયત

જેટલા નળ કનેક્શન છે અને તમામમાં 'નળથી જળ' અપાય છે. ઝુંપડપટ્ટી વીજ કનેક્શન યોજના હેઠળ સાડા ચાર હજાર વીજજોડાણ આપવામાં આવ્યા છે.

વેરાવળના તલાટી પરાગ વસોયાએ જણાવ્યું હતું કે, શ્રમિકો, ખેડૂતોને સરળતા રહે તે માટે રાતે ૧૦ કે ૧૦.૩૦ સુધી જરૂરિયાત મુજબ પંચાયતની કામગીરી ચાલુ રહે છે. જેમાં આવકના દાખલા, નોન ક્રિમિલેયર સર્ટી, રાશનકાર્ડ ઈ-કેવાયસી, ખેડૂતોને વિવિધ યોજનાઓ, સહાય માટેના ફોર્મ ઓનલાઈન ભરી આપવા, લગ્ન સર્ટી, જન્મ-મરણના દાખલા, પંચાયતના વિવિધ વેરાની વસૂલાત સહિતની કામગીરી થાય છે. રાતે મોડે સુધી નાગરિકોના કામ થતા હોવા છતાંય સવારે પંચાયત કચેરી નિયત સમયે ખુલી જાય છે અને રોજિંદી કામગીરી શરૂ થઈ જાય છે. અમારી પાસે પાંચ ઓપરેટર છે, જેની મદદથી આ સમગ્ર કામગીરી કરવામાં આવે છે અને સ્ટાફ ઉત્સાહથી કામ કરે છે અને ગામલોકોનો પણ પૂરો સહયોગ મળે છે.

### રાજકોટ રંગાયું દેશભક્તિના રંગે

જયમીનભાઈ ઠાકર, વોર્ડ નં. ૧૯ માં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, વોર્ડ નં. ૧૮ માં પ્રદેશ મંત્રી બિનાબેન આચાર્યએ સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહી તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ તિરંગા યાત્રાની બાઈક રેલીને સફળ બનાવવા રાષ્ટ્રીય એક્તા સમિતિના શૈલેષ જાની, અનુપમ દોશી, અજય પટેલ, સુનિલ વોરા અને વિરાભાઈ હુંબલએ જહેમત ઉઠાવી હતી.

### કાલે વિશ્વ મધમાખી દિવસ

લાભાર્થી બે મધમાખીની પેટીઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે, જેથી તેઓ સરળતાથી મધમાખી પાલન શરૂ કરી શકે.

આજે ગુજરાતના ઘણા ખેડૂતો મધમાખી પાલનથી મધ, મીણ, પ્રોપોલીસ, બી-વેનમ, રોયલ જેલી જેવી પેદાશોનું વેચાણ કરીને આર્થિક રીતે સક્ષમ બન્યા છે. મધમાખી ઉછેરમાં રસ ધરાવતા ખેડૂતોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજના હેઠળ પ્રોત્સાહન, સહાય અને તાલીમ આપવામાં આવી રહી છે. મિશન મધમાખી હેઠળ અત્યાર સુધીમાં રાજ્યના ૧૧,૩૦૦ જેટલા લાભાર્થી ખેડૂતોને મધમાખી ઉછેરની અદ્યતન તાલીમ આપવામાં આવી છે.આવતીકાલે વિશ્વ મધમાખી દિવસ નિમિત્તે પણ રાજ્ય સરકારના બાગાયત વિભાગ દ્વારા અરવલ્લી, રાજકોટ, સુરેન્દ્રનગર અને વલસાડ જિલ્લા ખાતે મધમાખી પાલન અંગેના એક વિશેષ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

### (છેલ્લા પાનાનું ચાલુ) કમોસમી વરસાદ...

તાપમાન ૩૮.૧ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૭.૨ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૪.૮ ડિગ્રી, દમણનું તાપમાન ૩૫.૬ ડિગ્રી, કચ્છના ભુજનું તાપમાન ૩૭.૯ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૫.૪ ડિગ્રી અને કંડલા પોર્ટ પરનું તાપમાન ૩૮.૨ ડિગ્રી નોંધાયું છે.

રાજ્યમાં માવઠાનું સંકટ યથાવત રહેશે. દરમિયાન જુન માસના પ્રથમ પખવાડીયામાં સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતમાં વાવણી લાયક વરસાદ પડી જવાની શક્યતા વર્ષ વિજ્ઞાન પરિસંવાદમાં વ્યક્ત કરવામાં આવી છે.

### જીપીએસસીની ભરતી...

ગોટાડા થાય તેમ હોય નામ. સુપ્રીમ કોર્ટના સૂચનને ધ્યાનમાં લઈને ઈન્ટરવ્યૂ ભારાંક ૧૦% કરવાની માંગ કરવામાં આવી હતી.

હાલમાં કોંગ્રેસ પક્ષ દ્વારા ન્યાયિક ઈન્ટરવ્યૂ પદ્ધતિના માંગના બાદ ઘણા ઉમેદવાર પાસેથી જાણવા મળ્યું કે રાજ્યનાં ૨૭ સરકારી વિભાગો અને ૧૭ મ્યુનીસીપલ કોર્પોરેશન અને નિગામોમાં મોટાભાગની વર્ગ૧/૨ પ્રોફેશનલ / ટેક્નિકલ કેડરમાં જેવી કે આસિસ્ટન્ટ પ્રોફેસર, એન્જીનીયર, તબીબી નિષ્ણાંત, સહિતની અન્ય મોટાભાગની કેડરમાં સીધી ભરતીના નામ નીચે ૫૦% ઈન્ટરવ્યૂનો ભારાંક રાખીને લેખિતના ટોપર ને અન્યાય કરવામાં આવે છે. ૫૦% ઈન્ટરવ્યૂનો ભારાંક કેટલો અન્યાયકારી છે. ઈન્ટરવ્યુ ભારાંક ૧૦ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરવાની માંગણી કોંગ્રેસના પ્રદેશ પ્રવકતા ડો.મનિષ દોશી દ્વારા કરવામાં આવી છે.

### 'ક્યુઆર' કોડ...

૫૦,૦૦૦થી વધુ કોચિંગ સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરે છે. ફેડરેશનન અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, મહેસાણા, ભાવનગર, જેતપુર, જુનાગઢ, હિંમતનગર, પાલનપુર, પોરબંદર, ધાંગધ્રા, સુરેન્દ્રનગર, સુરત, વરાછા, કતારગામ, કેશોદ, ગાંધીનગર સહિતના એસોસિએશનનું પ્રતિનિધિત્વ કરે છે

આરટીઈના કાયદા મુજબ કોઈપણ શાળાના શિક્ષકો શાળાના સમય દરમિયાન કે શાળાના સમય બાદ વેતન કે અવેતન કોઈપણ પ્રકારની ટ્યુશન પ્રવૃત્તિ કરી શકે નહીં. ગુજરાતમાં ઘણી જગ્યાએ શાળાના શિક્ષકો ટ્યુશન બિનઅધિકૃત રીતે કરાવી રહ્યા છે અને શાળાઓ પણ ડે સ્કૂલમાં ગેરકાયદેસર ટ્યુશન કરાવી રહી છે તેવી અસંખ્ય ફરિયાદો વારંવાર ફેડરેશનને અને તેના ઘટક સંઘોને મળતી રહે છે. ફેડરેશન દ્વારા ગુગલ લિંક અને ક્યુ આર કોડ રજૂ કરવામાં આવ્યો છે કે જેમાં વાલી તથા વિદ્યાર્થીઓ પોતાની ઓળખ છુપી રાખીને ડે સ્કૂલ અને શાળાના ટ્યુશન કરતા શિક્ષકોની માહિતી આપી શકશે. અને આવી બદીને ડામવા માટે થઈને ફેડરેશન એક ટાસ્ક ફોર્સની રચના કરશે અને વાલી વિદ્યાર્થીઓને સાથે રાખીને 'જનતા રેડ' કરશે. ધોરણ ૧૦ ની બોર્ડની પરીક્ષા વિદ્યાર્થી ૧૦૦ માર્કસની આપે છે છતાં રિઝલ્ટમાં તેના ૮૦ માર્કર્સ જ ગણવામાં આવે છે અને ૨૦ માર્ક ઈન્ટર્નલ શાળાઓ દ્વારા આપવામાં આવે છે. આ બાબતે વર્ષોથી ગેરનીતિઓ થતી હોય છે અને વિદ્યાર્થીઓને ઈન્ટર્નલ માર્કસને ધ્યાનમાં રાખીને ટ્યુશન માટે બ્લેકમેલિંગ કરાય છે માટે ફેડરેશન દ્વારા ઈન્ટર્નલ માર્ક નાબૂદ કરવા માટે સરકારને અનુરોધ કરવામાં આવશે.

## દુ:ખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

### ડો. ભાવીન કોઠારીના પિતરાઈ ભાઈ પ્રફુલભાઈ કોઠારીનું નિધન



**રાજકોટ:** સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ સિન્ડીકેટ સભ્ય ડો. ભાવિન કોઠારીના પિતરાઈ ભાઈ પ્રફુલભાઈ વિનોદરાય કોઠારીનું (ઉ.વ.૭૦) નું અવસાન થયેલ છે. તે મગનલાલ ધરમસિંહ રવાણી (કાલાવડના જમાઈ), તે ઈલાબેનના પતિ, નિશાંત, સિધ્ધાર્થના પિતા, અમી, જૈમીના સસરા, પ્રકાશભાઈ, અશોકભાઈ, મુકેશભાઈ, મીનાબેન, પારુબેન, ફાલ્ગુનીબેનના ભાઈનું અવસાન થયેલ છે. તેમની સ્મશાન યાત્રા આજે સવારે ૧૦ વાગ્યે સપ્તક ૨ જલારામ, જાનકી માર્ગ રોડ રાજકોટ ખાતેથી નીકળી હતી.



**રાજકોટ:** જીવદયાપ્રેમી શ્વાનપ્રેમી હીનાબેન સત્યેનભાઈ ઝાલાના પત્ની, સ્વ. રજનીભાઈ શાંતિલાલ કોઠારી, ગં.સ્વ.નીરૂબેન રજનીભાઈ કોઠારી ના પુત્રી, શ્વેતાબેન તથા હેલીબેન(એમએસી ફોર વી ફાઉન્ડેશન મેમ્બર) નાં માતુશ્રી, તે સ્વ. ઉપેનભાઈ રજનીભાઈ કોઠારી તથા યતીનભાઈ રજનીભાઈ કોઠારી ના મોટા બહેન તારીખ ૧૮/૫/૨૫, રવિવારના અવસાન થયેલ છે.

સદગતનું ઉઠમણું તા. ૨૨ , ગુરૂવારના સાંજે ૫:૦૦ થી ૬:૩૦ દરમિયાન રામેશ્વર મંદિર, રામેશ્વર ચોક, સુભાષ નગર, જુના એરપોર્ટ ની બાજુમાં, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** રણછોડભાઈ ગાંડુભાઈ કાકડીયા (ઉ.વ.૬૪) તે સ્વ. ગાંડુભાઈ કાકડીયા, રંભાબેનના પુત્ર (મુળ ડાંગરવાળા) હાલ રાજકોટ તે કાંતાબેનના પતિ, પરાગ, વિપુલના પિતા, મનીષાબેનના સસરા, યુગના દાદાનું તા. ૧૮ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૯ ને સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિર જનકપુરી સોસાયટી, ગંગોત્રી ડેરીવાળી શેરી, સાધુવાસવાણી રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ગો.વા. સોની વસંતલાલ મોહનલાલ રાણપરા (કરાંચીવાળા) ના પત્ની જશવંતીબેન (ઉ.વ.૮૧) તે ભરતભાઈ દિપકભાઈ, મીલનભાઈ, શીલાબેન કિરણબેનના માતા, સ્નેહ, આર્ય, સ્વરાના દાદી, ગો.વા. નાનાલાલ છટનલાલ પાટડીયા (ઢોલરાવાળા)ના દીકરી, સ્વ. વિક્રમભાઈ નલીનભાઈ કુમારભાઈ મુકેશભાઈના બેનનું અવસાન થયેલ છે. બન્ને પક્ષનું બેસણું તા. ૧૯ ને સોમવારે સાંજે ૪ થી ૬ દરમિયાન કેશરીવાડી કરણપરા ચોક, પાસે રાજકોટ ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સિહોર :** ઠળિયા વાળા હાલ સિહોર સ્વ.હિંમતભાઈ ભાણજીભાઈ પીઠડિયા પરમારના મોટા દીકરા ભરતભાઈના પત્ની ભારતીબેન (ઉ. વ. ૫૮) તે મુકેશભાઈ, અશોકભાઈ, પ્રકાશભાઈ એલઆઈસી એજન્ટ, શૈલેષભાઈ, રેખાબેન પ્રવિણકુમાર વાઢેર સિહોર તથા જુલીબેન પરાગકુમાર વાઘેલા ભાવનગરના ભાભી, જગદીશભાઈ નટવરલાલ પરમાર, શરદભાઈ, વિપુલભાઈ, કૌશિકભાઈ શાંતિભાઈ પરમારના કાકાના દીકરાના પત્ની થાય તેમજ ખુશાલ, નીરવ, ઉર્વશી, ડો.શ્રુતિ, બ્રિજેશના ભાભુ, સાગરભાઈ, યોગેશભાઈ, શીતલબેન જીતેન્દ્રકુમાર રૈયાણી, પરિતાના મામી તથા ચિરાગભાઈ, અજયભાઈ, આશિષભાઈ, દીપિકાબેન ચેતનકુમાર ગોહેલ નોંધણવદર, કાજલબેન હિરેનકુમાર માંડલિયા ભાવનગરના કાકી તેમજ રતિલાલ દેવજીભાઈ લખાણી બોટાદની દીકરી, તુલસીભાઈ, ભરતભાઈ, કમલેશભાઈ, વનરાજભાઈના બેનનું તા.૧૭ને શનિવારે અવસાન થયેલ છે. તેમની સાદડી આજે દેસાઈ સઈ-સુથાર જ્ઞાતિની વાડી, પ્રગટનાથ રોડ, હનુમાનની લીંબડી સામે, સિહોર મુકામે સમય ૪:૦૦ થી ૬:૦૦ રાખેલ છે.

**રાજકોટ:** ગુજરાતી શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ રાજકોટ નિવાસી સ્વ. કિશોરચંદ્ર ત્રિપુરાશંકર પંડ્યાના પુત્ર તે સુરેન્દ્રચંદ્ર કાંતિલાલ પંડ્યા, મહેન્દ્રભાઈ કાંતિલાલ પંડ્યા, સ્વ. યોગેશભાઈ કિશોરચંદ્ર પંડ્યા, અરૂણભાઈ અતુલભાઈ, ચંદ્રપ્રભાબેન પ્રવીણકુમાર જોશી, સ્વ કલ્પનાબેન રાજેન્દ્રકુમાર જોશીના ભાઈ, સ્વ. હિંમતલાલ હરિલાલ જોશીના જમાઈ, પ્રદીપભાઈ વિમલભાઈ અભયભાઈના બનેવી, ફાલ્ગુનીબેન વિજયકુમાર મહેતા, ધારિણીબેન કિરીટકુમાર જોશી, જીજ્ઞાબેન હિમાંશુકુમાર ત્રિવેદી, જયોતિબેન કૌશિકકુમાર પંડયાના પિતા કપિલરાય કિશોરચંદ્ર પંડ્યા (ઉ.વ.૭૪) નું તા. ૧૮-૫-૨૫ રવિવારના રોજ અવસાન થયેલ છે. જેમનું બન્ને પક્ષનું ઉઠમણું - બેસણું તા. ૨૨-૫ ને ગુરુવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬ દરમિયાન ધારેશ્વર મંદિર, ભક્તિનગર સર્કલ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

## ડ્રગ્સના દૂષણ સામે જંગ

# ૨૪ કલાકમાં અમદાવાદ, પાટણ અને સુરતમાં એસએમસીના ત્રણ દરોડા

## એસએમસી પોલીસ સ્ટેશન બન્યું ત્યારથી અત્યાર સુધીના ચાર મહિનામાં ૧૨ મોટા એનડીપીએસના કેસો શોધી ૨૫ ડ્રગ કાર્ટેલ અને પેડલર્સને ઝડપી લેવાયા

### કોકેઈન, એમડી, ગાંજો અને ઓપિયમ આલ્કલોઈડ્સ જેવા રૂ.૪.૧૪ કરોડની કિંમતના ડ્રગ્સ સહિતનો મુદ્દામાલ જપ્ત

### ડ્રગ્સ માફિયાઓ વિરુદ્ધ આકરી કાર્યવાહી સતત ચાલુ રહેશે : એસએમસીને અભિનંદન પાઠવતા હર્ષ સંઘવી

**અબતક, રાજકોટ**

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા-નિર્દેશ હેઠળ રાજ્યના યુવાઓને ડ્રગ્સની બદીથી બચાવવા માટે રાજ્ય સરકારે ડ્રગ્સ વિરુદ્ધ રીતસરની જંગ છેડી છે. આ અભિયાન અંતર્ગત, જાન્યુઆરી ૨૦૨૫માં વિશેષ સત્તાઓ સાથે શરૂ થયેલા સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી) પોલીસ સ્ટેશન દ્વારા માત્ર ચાર મહિનામાં ૧૨ મોટા એનડીપીએસ (નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ)ના કેસો શોધી કાઢવામાં આવ્યા છે. આ કેસોમાં ૨૫ ડ્રગ કાર્ટેલ અને પેડલર્સને ઝડપી લેવામાં આવ્યા છે, જેમની પાસેથી કોકેઈન, એમડી, મેફેડ્રોન, ગાંજો અને ઓપિયમ આલ્કલોઈડ્સ જેવા રૂ. ૪.૧૪ કરોડની કિંમતના ડ્રગ્સ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જેમાં બે વિદેશી (નાઈજિરિયન) આરોપીઓનો પણ સમાવેશ થાય છે.



એસએમસી પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા અમદાવાદના જુહાપુરા, પાટણ અને સુરત શહેરમાં એનડીપીએસના ત્રણ કેસો કરવામાં આવ્યા છે, જે આ સફળતાનો ભાગ છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના સીધા માર્ગદર્શન આ કામગીરી કરી રહેલા એસએમસીના વડા નિર્લિપ્ત રાય અને તેમની ટીમને આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ ખાસ અભિનંદન પાઠવ્યા છે.

હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, ગુજરાત સરકારના આ નિર્ણાયક પગલાં રાજ્યને ડ્રગ-મુક્ત બનાવવાના લક્ષ્યને વધુ વેગ આપે છે. રાજ્યમાં એક ગ્રામ ડ્રગ પણ ન મળવું જોઈએ. એસએમસીની ટીમે સ્થાનિક પોલીસની નજરમાંથી ચૂકી ગયેલી ડ્રગ્સની હેરાફેરી પર નજર રાખીને માફિયાઓ સુધી પહોંચવાનું શાનદાર કામ કર્યું છે. આ લડાઈ આગળ પણ ચાલુ રહેશે.

નોંધનિય બાબત છે કે, અગાઉ એસએમસી દારૂ, જુગાર અને ક્રિકેટ સટ્ટા જેવા કેસો પર કામ કરતું હતું. પરંતુ, એસએમસીને અલગ પોલીસ સ્ટેશન તરીકે સ્થાપિત કરી ઓર્ગેનાઈઝ ક્રાઈમ પર નિયંત્રણ લાવવા ખાસ જવાબદારી સોંપવામાં આવી છે જેમાં ડ્રગ્સની હેરાફેરી પકડવાનો પણ સમાવેશ થાય છે. આ નિર્દેશને આધારે એસએમસીએ ડ્રગ માફિયાઓ સુધી પહોંચવા માટે તપાસને વેગ આપ્યો છે, જેના પરિણામે આ નોંધપાત્ર સફળતા પ્રાપ્ત થઈ છે.

### સુરતના પલસાણામાં ૧૪ કિલો ગાંજા સાથે ત્રણ ઝડપાયા



સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે સુરતના પલસાણા ખાતે પાડેલા દરોડામાં ૧૪.૦૪૧ કિલોગ્રામ ગાંજાનો જથ્થો ઝડપી પાડી નશાના ત્રણ કારોબારીઓની ધરપકડ કરવામાં કરી હતી. જ્યારે બેની શોધખોળ શરૂ કરવામાં આવી છે. એસએમસીએ પાડેલા દરોડાની વિગત પર નજર કરવામાં આવેલ તો પલસાણાના જોડવા ગામે આરાધના પેલેસ રોડ પર આવેલ આરાધના બ્લોક નંબર બે અને ત્રણ રસ્તા નજીક એસએમસી પીઆઈ સી એચ પનારા અને પીએસઆઈ વી સી જાડેજાની ટીમે દરોડો પાડી રૂ.૧.૪૦ લાખની કિંમતના ૧૪.૦૪૧ કિલોગ્રામ ગાંજાનો જથ્થો કબજે કર્યો હતો. એસએમસીએ ગાંજો, રોકડ, મોબાઈલ અને બે વાહનો મળી કુલ રૂ. ૪.૭૧ લાખના મુદ્દામાલ સાથે રત્નાકર કવિરાજ સવાઈ(ઉ.વ.૨૯ રહે જોલવા ગામ, વાડી ફરિયુ, પલસાણા, સુરત અને મૂળ રહે. ઓરિસ્સા), રાજુ વિજય પટેલ (ઉવ ૪૫ રહે આરાધના બ્લોક નંબર બે, પલસાણા, સુરત મૂળ રહે દેવરીયા, યુપી) અને અભિષેક રામાશંકર પાંડે (ઉ.વ.૨૫ રહે આરાધના બ્લોક નંબર ત્રણ, પલસાણા, સુરત મૂળ રહે ભદિયા, યુપી) ની ધરપકડ કરી હતી. જ્યારે ગાંજાનો જથ્થો મોકલનાર પલસાણાનો રવિ અને મંગાવનાર ચિનુ ગોંડાની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

### અમદાવાદના જુહાપુરાથી રૂ.૯. ૭૯ લાખના એમડી ડ્રગ્સ સાથે બે 'ભાણીયા'ની ધરપકડઃ મામાની શોધખોળ



એસએમસીની ટીમે અમદાવાદના જુહાપુરામાં દરોડો પાડી ૯૭.૯૭૦ ગ્રામ ના જથ્થા સાથે બેલડી ધરપકડ કરી છે. દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર અમદાવાદના જુહાપુરા રોડ પર બુસરા હોસ્પિટલની સામેની ખુલી જગ્યામાં પીઆઈ બી એચ રાઠોડ અને પી.એસ.આઈ.સી વી એ શેખની ટીમે દરોડો પાડી રૂ. ૯,૭૯,૭૦૦ ની કિંમતનો ૯૭.૯૭૦ ગ્રામ મેફેડ્રોનનો જથ્થો કબજે કર્યો હતો. એસએમસીની ટીમે ડ્રગ્સ, મોબાઈલ, રોકડ અને બે વાહન મળી કુલ રૂ. ૨૩,૭૮,૭૦૦ નો મુદ્દામાલ કબજે કરી ડ્રગ્સ વેચનાર અલ્તાફ સિરાજભાઈ શેખ (ઉ.વ.૩૫ રહે અંબા ટાવર પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનમાં, સરખેજ, અમદાવાદ) અને મેફેડ્રોન ખરીદનાર પાર્થ રાજેશભાઈ પટેલ(ઉ.વ.૩૪ રહે. ઘર નંબર ૨૯, દસકોઈ, અમદાવાદ) ની ધરપકડ કરી હતી. જ્યારે રાજસ્થાનથી જથ્થો મોકલનાર મામા નામના શખ્સની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

# બેફામ વાણી વિલાસ કરનાર બન્ની ગજેરાને નૈનિતાલથી ઝડપી લેવાયો

## જયરાજસિંહ જાડેજા અને અલ્પેશ ઢોલરીયા વિરુદ્ધ વીડિયો બનાવવા પૈસા આપનાર પિયુષ રાદડિયાની પણ ધરપકડ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયા વિરુદ્ધ સોશિયલ મીડિયામાં બેફામ વાણી વિલાસ કરનાર ભાવિન ઉર્ફે બન્ની ગજેરાને નૈનિતાલથી ઝડપી લેવામાં આવ્યો છે. બાદમાં બન્નીને વિડીયો બનાવવા પૈસા આપનાર પિયુષ રાદડિયાની પણ ધરપકડ કરવામાં આવી છે. રાજકોટ રૂરલ એલસીબી બ્રાન્ચે જેતપુરના બન્ની ગજેરાને નૈનિતાલથી ઝડપી પાડ્યો છે. બાતમીના આધારે પકડાયેલા બન્ની વિરુદ્ધ ગોંડલ તાલુકા અને સુલતાનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદો નોંધાયેલી છે.

નૈનિતાલથી બુધવારે પકડાયેલા બન્નીને ગુરુવારે રાજકોટ લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને ધોરાજી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો. ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ એ.ડી.પરમાર અને સ્ટાફે તેની પૂછપરછ કરી હતી.તપાસમાં બહાર આવ્યું કે બન્નીને ગોંડલના પિયુષ રાદડિયા મદદ કરતો હતો. પોલીસે બંનેની ધરપકડ કરી હતી. શનિવારે બન્નીને કોર્ટમાં રજૂ કરતા એક કેસમાં જામીન મળ્યા હતા, પરંતુ તરત જ અન્ય પોલીસ સ્ટેશનના સ્ટાફે તેની ધરપકડ કરી હતી.

બન્ની વિરુદ્ધ રાજકોટ જિલ્લાના





ગોંડલ તાલુકા, સુલતાનપુર, જેતપુર તાલુકા અને ઉપલેટા પોલીસ સ્ટેશનમાં કુલ પાંચ ફરિયાદ નોંધાયેલી છે. રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અને ગોંડલ એપીએમસી ચેરમેન અલ્પેશ ઢોલરીયા અને તેમના પરિવાર વિરુદ્ધ બેફામ નિવેદન બદલ બન્નીને ૧૦ કરોડની માનહાનિની નોટિસ પણ મળી છે. પોલીસે કેસની આગળની કાર્યવાહી શરૂ કરી છે.

### બન્ની વિરુદ્ધ ૧૦ કરોડનો માનહાનીનો દાવો દાખલ કરતા અલ્પેશ ઢોલરીયા

વિવાદિત યુટ્યુબર અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર બન્ની ગજેરા સામે વધુ એક નોટિસ જાહેર થઈ છે. રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાએ યુટ્યુબર બન્ની ગજેરાને ૧૦ કરોડની નોટિસ પાઠવી છે. યુટ્યુબર બન્ની ગજેરાએ તેમના વિરુદ્ધ ખોટો પ્રચાર કરતા વિડિયો બનાવી વાયરલ કર્યા તમામ વીડિયો દૂર કરી લેખિતમાં માફી માંગવા તાકીદ કરી છે.અલગ અલગ સોશિયલ મીડિયાના માધ્યમથી અલ્પેશભાઈ ઢોલરીયા અને તેના પરિવારની બદનક્ષી થાય તેવા વીડીઓ બનાવી પબ્લિશ કર્યા હતા.ગજેરાએ અલ્પેશભાઈ સામે ગોંડલ યાર્ડમાંથી કાઈ કામ કર્યા વગર કરોડો લઈ લીધાનો પાયાવિહોણો આક્ષેપ પણ કર્યો છે, તેથી તેના વિરુદ્ધ અલ્પેશભાઈ બદનક્ષી અંગે નોટિસ મોકલી છે.

### બન્ની ગજેરા અને પિયુષ રાદડીયાની ગોંડલ તાલુકા બાદ સિટી પોલીસે ધરપકડ કરી

સોશ્યલ મીડીયા માં ગોંડલ નાં આગેવાનો અને સમાજ લક્ષી બેફામ વાણીવિલાસ કરનાર ભાવિન ઉર્ફે બન્ની ગજેરા તથા તેના સાગ્રીત પિયુષ રાદડીયા સામે તાલુકા પોલીસ માં ફરિયાદ થયા બાદ પોલીસે બન્નેની ધરપકડ કરી કાર્યવાહી કર્યા બાદ બન્નેનો જામીન પર છુટકારો થતા ગોંડલ એ'ડીવીઝન પોલીસે નોંધાયેલી ફરિયાદ ના કામે બન્નેની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

ગોંડલ નાં સુખનાથ નગર માં રહેતા નિલેશભાઈ ગોવિંદભાઈ સાવલીયા એ બન્ની ગજેરા સામે સોશ્યલ મીડીયા માં ગોંડલ નાં રાજકારણ વિરુધ્ધ અપમાન જનક ટીપ્પણીઓ કરી હોય તથા પાટીદાર તથા ક્ષત્રીય સમાજ વચ્ચે વૈમેનસ્ય સર્જાય તેવા વીડીયો વાયરલ કરવા અંગે એ'ડીવીઝન પોલીસ માં ફરિયાદ કરી હોય પીઆઇ. એ.વી.ડામોરે બન્ની તથા પિયુષ ની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરીછે.

# માજી સાંસદ રામજીભાઈ માવાણીનો આજે જન્મદિવસ

રામજીભાઈ બી.માવાણીનો જન્મ તા.૧૯/૦૫/૧૯૪૩ નાં ધૌરાજી મુકામે શ્રીમાંત (નાના) કિસાન કુટુંબમા થયો છે. ઉપલેટા મ્યુનિ.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં તેઓએ બી.એ. (અર્થશાસ્ત્ર)ની પદવી મેળવી છે. એલએલ.બી.ની ઉપાધી તેઓએ અમદાવાદની ખ્યાતનામ સર એલ.એ. શાહ લો કોલેજમાં પ્રાપ્ત કરેલ છે. અભ્યાસમાં તેઓ કાયમ પ્રથમ હરોળમા રહયા છે. એલએલ.બી.માં તેઓએ સર એલ.એ.શાહ લો કોલેજમાં ગોલ્ડ મેડલ મેળવેલ છે.



શ્રી રામજીભાઈ માવાણી વિદ્યાર્થી અવસ્થાથી જાહેર જીવનમાં સેવાકીય પ્રવૃતિઓ સાથે સતત સંકડાયેલ રહ્યા છે. ઉપલેટા કોલેજમા વિદ્યાર્થી યુનિયનના પ્રમુખ તથા મંત્રી તરીકે તેઓ ચુંટાયેલ હતા. અમદાવાદની સર એલ.એ.શાહ કોલેજમા પણ તેઓ સેક્રેટરી તરીકે ચુંટાયા હતા. તેઓ સંસદ સભ્ય તરીકેની કામગીરીમાં સફળ રહયા છે. સૌરાષ્ટ્ર-કચ્છ સ્ટોક એકસચેન્જના તેઓ સ્થાપક પ્રમુખ રહ્યા છે.રાજકોટ જીલ્લા પંચાયતના પ્રમુખ તરીકે પણ તેઓએ સફળ કામગીરી બજાવેલ છે. અત્યારે તેઓ અનેક રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તથા પ્રવૃતિઓ સાથે જીવંત રીતે સંકળાયેલ છે. હાલમાં તેઓ આંતરરાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષાની પ્રવૃત્તિઓ સાથે સંકડાયેલ છે. તેવો આંતરરાષ્ટ્રીય સંસ્થા કન્ઝયુમર કોર્ડોનેશન કાઉન્સીલ,ન્યુ દિલ્હીના પૂર્વ વાઈસ ચેરમેન છે.રામજીભાઈ માવાણીની ગ્રાહકોની નોંધનિય સેવાકીય પ્રવૃતિઓને ધ્યાનમાં લઈ રાજકોટ શહેર/જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળને બે વખત કેન્દ્ર સરકાર દ્વારા ''સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય એવોર્ડ'' અને બે વખત ગુજરાત સરકારના એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. રામજીભાઈ માવાણીને તાજેતરમાં નાગપુર ખાતે ''ડો. બી.આર આંબેડકર લીગલ સર્વિસ નેશનલ એવોર્ડ'' થી નવાઝવામાં આવ્યા હતા. રામજીભાઈ માવાણીનો મો.નં. ૯૪૨૬૨ ૦૧૬૧૧ શુભેચ્છાની વર્ષા થઈ રહી છે.

# જેતપુરના ગોંડલ દરવાજા નજીક બુટલેગર સાજીદ શેખની બોથડ પદાર્થના ઘા ઝીંકી હત્યા

## ડીવાયએસપી સહિતનો કાફલો દોડી ગયો : મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આરોપીઓને પકડી પાડવા જેતપુર સીટી પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

જેતપુરના સામા કાંઠા વિસ્તારમાં રહેતા બુટલેગર સાજીદ શેખની ફૂલવાડી વિસ્તારમાં અજાણ્યાં શખ્સો હત્યા કરી નાસી છૂટતાં ચકચાર મચી ગઇ હતી. ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસનો ધમધમાટ આદર્યો હતો.ગઈકાલે સાજીદ શેખને માથાકૂટ થયાં બાદ તેને ઢોર માર માર્યો હતો, સારવારમાં ખસેડાયા બાદ ત્યાંથી નાસી ગયો હતો, આજે ફરીવાર માથાકૂટ થઈ અને અજાણ્યાં શખ્સોએ બોથડ પદાર્થના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દિધો હોવાનું પ્રાથમિક સામે આવી રહ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ જેતપુરના ભાદરના સામા કાંઠે રહેતા સાજીદ ભાઈ ઉર્ફે સાજલો હાજીભાઈ શેખ ૨૫ ની આજે સવારે ફૂલવાડી વિસ્તાર નજીકથી હત્યા કરાયેલી લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી બનાવની જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ૧૦૮ ને જાણ કરતા દોડી આવેલ ૧૦૮ ની ટીમે યુવાનને તપાસી મૃત જાહેર કર્યો હતો. ઘટના સ્થળે પહોંચેલ પોલીસની ટીમે તપાસનો ધમધમાટ આદરી બનાવનું કારણ તેમજ આરોપી સુધી પહોંચવા તજવીજ આદરી હતી.

વધુમાં મળતી વિગત મુજબ, મૃતક દેશી દારૂનો ધંધાર્થી છે અને ચારેક માસ પહેલાં જ પાસામાંથી જેલમાંથી છૂટી આવ્યો હતો. દરમિયાન ગઈકાલે તેમને કોઈ શખ્સો સાથે ઝઘડો થયો હતો અને તેને શરીરે ગંભીર ઈજા પહોંચતા સારવારમાં ખસેડાયો હતો. જો કે, તેમની પાસે પોલીસ વિગત લેવા પહોંચે તે પહેલા જ તે હોસ્પિટલેથી ભાગી ગયો હતો. જે બાદ આજે સવારે તેને અજાણ્યાં શખ્સો સાથે ફરીવાર ઝઘડો થતાં આરોપીઓએ બોથડ પદાર્થનો ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધાનું પ્રાથમિક સામે આવી રહ્યું છે. જો કે, પોલીસ તપાસ હજુ યથાવત છે.

### ચાર માસ પૂર્વે જ પાસા કાપીને છૂટેલા શખ્સની મારામારીમાં ખૂન કરી દેવાયાની આશંકા

# ગાંધીનગર ખાતે 'સક્ષમ' બેઠકમાં વિજયભાઈ રૂપાણીએ આપ્યું માર્ગદર્શન

### સક્ષમની ગુજરાત પ્રાંત બેઠકમાં દિવ્યાંગોના શિક્ષણ અને રોજગાર પર ચર્ચા

**અબતક રાજકોટ**



ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સહ વિચાર ગામી સંસ્થા સક્ષમની ગુજરાત પ્રાંતની બેઠકમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં સક્ષમ સંસ્થાના કાર્યો અને આગામી આયોજનો અંગે ચર્ચા કરવામાં આવી હતી.સક્ષમ સંસ્થા દિવ્યાંગ લોકોના કલ્યાણ માટે કાર્યરત છે.

આ બેઠકમાં દિવ્યાંગ લોકોના સશક્તિકરણ માટેના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

વિજયભાઈ રૂપાણીએ સક્ષમ સંસ્થાના કાર્યોની પ્રશંસા કરી હતી અને સરકાર તરફથી શક્ય તમામ મદદ આપવાની ખાતરી આપી હતી. સંસ્થા દ્વારા દિવ્યાંગોને સમાજમાં સમાન તક મળે તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.આ બેઠકમાં આગામી સમયમાં સંસ્થા દ્વારા યોજાનાર વિવિધ કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. સક્ષમ સંસ્થા દિવ્યાંગોના શિક્ષણ, રોજગાર અને પુનર્વસન માટે કાર્યરત છે.આ બેઠકમાં દિવ્યાંગોને સમાજમાં સન્માનજનક સ્થાન મળે તે માટેના પ્રયાસો પર ભાર મૂકવામાં આવ્યો હતો.

# ભુપગઢ ગામમાં રાકેશ રાઠોડનો રંજાડ : ગ્રામજનોની પો. કમિશનરને રજુઆત

## વારંવાર એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદો નોંધાવી ત્રાસ આપતો હોવાનો આક્ષેપ

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ ભુપગઢ ગામના રહીશોને રાકેશ રાઠોડ નામનો શખ્સ વારંવાર ટાર્ગેટ કરીને એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદો કરી ત્રાસ આપતો હોય તેવા આક્ષેપ સાથે ગ્રામજનો પોલીસ કમિશ્નર કચેરી ખાતે દોડી આવ્યા હતા અને રાકેશ રાઠોડના રંઝાડમાંથી મુક્તિ અપાવવા રજુઆત કરવામાં આવી હતી.



પોલીસ કમિશ્નર કચેરી ખાતે રજુઆત કરવા આવેલા ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો કે, અમારા ગામ ભુપગઢ ખાતે રાકેશભાઈ જસાભાઈ રાઠોડ રહે છે અને તેઓ અનુસુચિત જાતિના હોય તેઓ પોતાની જાતિને લઈને કાયદાનો દૂરઉપયોગ કરીને ગ્રામજનોનો બ્લેક મેઈલ કરવા માટે વારંવાર ગ્રામજનો વિરૂદ્ધ યેનકેન પ્રકારે ખોટી ફરીયાદો, આવેદનો આપીને ટાર્ગેટ કરે છે. વધુમાં ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો કે, રાકેશ જસાભાઈ રાઠોડ એક જ જ્ઞાતિને ટાર્ગેટ કરે છે અને તેના વિરૂદ્ધ વૈમનસ્ય રાખીને ખોટી ફરીયાદો કરે છે. રાકેશના પિતા વિરૂદ્ધ લેન્ડ ગ્રેબિંગનો કેસ થયેલ હતો અને તેમાં તેને સજા થયેલ હતી જે બાબતનો ખાર રાખીને કાયદાનો દૂરઉપયોગ કરીને ગ્રામજનો વિરૂદ્ધ તેઓ વારંવાર ખોટી ફરીયાદો અને આવેદનો આપીને હેરાન-પરેશાન કરતા રહે છે અને માનસિક અને આર્થિક રીતે લોકોને બરબાદ કરવાના ઈરાદાથી આવા કાર્યો કરતા રહે છે.

ગ્રામજનોએ જણાવ્યું હતુ કે, રાકેશ જસાભાઈએ આજદિન સુધી કરેલ ફરીયાદો, આવેદનોની તપાસ કરવામાં આવે તો સત્ય બહાર આવી શકે તેમ છે. ભુપગઢ ગામના લોકો સાથે મળીને રહે છે પણ અગાઉ ચૂંટણીમાં સરપંચ તરીકે અનુસુચિત જ્ઞાતિના કેન્ડીડેટને જંગી બહુમતીથી ચૂંટેલ હોય અને સામા પક્ષે તેમના કેન્ડીડેટની હાર થતા રાજકીય ખાર રાખીને પણ એક યા બીજા પ્રકારે લોકોને પરેશન કરે છે. વધુમાં ગ્રામ પંચાયત તરફથી ગામ માટે થતા વિકાસના કાર્યોમાં પણ ખોટી અરજીઓ કરીને ગામનો વિકાસ રૂંધાય અથવા ઢીલમાં પડે તેવા તેના સતત પ્રયાસો રહે છે. રાકેશ અને તેના પિતા દેશી દારૂના હાટડા ચલાવે છે, ગ્રામજનો વિરુદ્ધ બેફામ વાણી વિલાસ કરે છે અને ગ્રામજનોમાં વૈમનશ્ય ફેલાય તેવા નિવેદનો જાહેરમાં આપે છે અને તેને કોઈ સમજાવટ કરવા જાય તો એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ કરવાની ધમકીઓ આપે છે. જેથી રાકેશ રાઠોડના ત્રાસમાંથી મુક્તિ અપાવવામાં આવે તેવી રજુઆતો ગ્રામજનો દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટ જિલ્લામાં સરેરાશ ૩૨ ઈંચ વરસાદ પડશે: વર્ષ ૧૨ આની રહેશે

## જુનના પ્રથમ પખવાડીયામાં ગુજરાતમાં વાવણી લાયક વરસાદના યોગઃ ચોમાસામાં ૫૬ દિવસ વરસાદી વાતાવરણ રહેશેઃ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાયો વર્ષા-વિજ્ઞાન પરિસંવાદ






**અબતક, દર્શન જોશી , જૂનાગઢ**

ગુજરાતમાં જૂન માસના પ્રથમ સપ્તાહમાં જ વાવણી લાયક વરસાદ પડી જશે. સૌરાષ્ટ્રમાં સરેરાશ ૨૩ ઈંચ જેટલો વરસાદ પડશે. વર્ષ ૧૨થી ૧૫ આની રહેશે. ચોમાસાની સિઝનમાં ૫૬ દિવસ વરસાદી વાતાવરણ રહેશે.

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે તાજેતરમાં યોજાયેલ ૩૧ માં વરસાદ વિજ્ઞાન પરિસંવાદમાં લગભગ ૫૦ જેટલા આગાહીકારો માંથી મોટાભાગના આગાહીકારોના મતે વર્ષ ૨૦૨૫ માં સરેરાસ વરસાદ ૧૪ થી ૧૬ આની જેટલો પડે તેવું પૂર્વાનુમાન કરવામાં આવ્યું છે. તથા ચોમાસુ વહેલું બેસે અને જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં વાવણીની શક્યતાઓ દર્શાવી છે. તે સાથે પાક માટે સમગ્ર વર્ષ અનુકૂળ માહોલમાં રહેશે, તેમજ ઓક્ટોબર માસમાં ચોમાસાની વિદાય થશે છે તેવા અનુમાન સાથે વાયરા વિશે આગાહી કરતા આગાહીકારોએ જુન, જુલાઈમાં બે વાવાઝોડા થશે તેવું અનુમાન પણ કર્યું છે.

આ સાથે આગાહીકારોના મતે જૂન મહિનામાં તા. ૧૦ થી ૧૪, અને તા. ૨૫ થી ૩૦ એમ કુલ ૧૨ દિવસ, જુલાઈ મહિનામાં તા. ૩ થી ૧૩ અને ૨૧ થી ૨૫ એમ ૧૬ દિવસ, ઓગસ્ટ મહિનામાં તા. ૭ થી ૧૨ અને તા. ૨૨ થી ૨૭ એમ કુલ ૧૨ દિવસ, સપ્ટેમ્બર મહિનામાં તા. ૫ થી ૯ અને તા. ૧૯ થી ૨૩ એમ કુલ ૧૦ દિવસ તથા ઓક્ટોબર મહિનામાં તા. ૩ થી ૮ એમ કુલ ૬ દિવસ મળી આ વર્ષે કુલ ૫૬ દિવસ વરસાદી રહેશે તેવું અનુમાન સામે આવ્યું છે.

જો આગાહીકારો એ કરેલ સૌરાષ્ટ્રમાં જિલ્લા વાર વરસાદનું પૂર્વાનુમાન જોઈએ તો, જુનાગઢ જિલ્લામાં ૪૦ ઈંચ / ૧૫ આની, ગીર સોમનાથમાં ૩૮ ઈંચ / ૧૪ આની, પોરબંદર જિલ્લામાં ૩૬ ઈંચ / ૧૩ આની, અમરેલી જિલ્લામાં ૩૪ ઈંચ / ૧૨ આની, રાજકોટ જિલ્લામાં ૩૨ ઈંચ / ૧૨ આની, ભાવનગર જિલ્લામાં ૩૦ ઈંચ / ૧૨ આની, બોટાદ જિલ્લામાં ૨૮ ઈંચ / ૧૧ આની, સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૪ ઈંચ / ૧૦ આની, મોરબી જિલ્લામાં ૨૦ ઈંચ / ૧૦ આની, જામનગર જિલ્લામાં ૨૬ ઈંચ / ૧૧ આની, દેવભૂમિ દ્વારકામાં ૨૨ ઈંચ / ૧૦ આની, આમ એકંદરે સૌરાષ્ટ્રમાં ૨૩ ઈંચ જેટલો એટલે કે ૧૨ આની થી ૧૫ આની વરસાદ થવાનું પૂર્વાનુમાન આગાહીકારો દ્વારા કરવામાં આવ્યું છે.વર્ષા વિજ્ઞાન મંડળ સાથે જોડાયેલા આગાહીકારો આકાશમાં ગર્ભ બંધાતા તેના નિરીક્ષણો, વનસ્પતિના નિરીક્ષણો, પશુ - પક્ષીઓની ચેષ્ટાઓ, કીડી, મકોડા અને માખીઓનું હલનચલન, હવામાનમાં ભેજ, ગરમી ઠંડીની અસર, ભડલી વાક્ય અને જ્યોતિષ વિજ્ઞાનના આધારે વરસાદની આગાહી કરે છે. તથા ગત વર્ષે ૩૦ માં વરસાદ વિજ્ઞાન પરીસંવાદમાં ઉપસ્થિત ૩૦ માંથી ૫ આગાહીકારોની પરંપરાગત જ્ઞાનના આધારે ૧૦૦ ટકા આગાહી સાચી પડી હતી, અન્ય ૭ આગાહીકારોની એક જિલ્લાને બાદ કરતાં ૯૦ ટકા આગાહી સાચી પડી હતી, એકંદરે ૬૦ ટકા જેટલી આગાહી સાચી રહી હતી. દરમિયાન જુનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ વર્ષા વિજ્ઞાન મંડળ અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા આયોજિત ૩૧ મો વિજ્ઞાન મંડળ પરીસંવાદ યોજાયો હતો જેમાં રાજ્યના વિવિધ ક્ષેત્રના નિષ્ણાંત આગાહીકારો, કૃષિ યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના વડા ડીન, પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા તે સાથે રાજ્યના કૃષિ અને જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ સહભાગી બન્યા હતા.

કૃષિ મંત્રી એ આ પરિસંવાદને ખુલ્લો મુકતા અધ્યક્ષ સ્થાનેથી જણાવ્યું કે, આપણી સંસ્કૃતિના ભાગરૂપ વરસાદની આગાહી માટેના પરંપરાગત જ્ઞાનનો વારસો ખેડૂતો માટે માર્ગદર્શક અને ઉપયોગી તો છે જ. આ સાથે આપણું પરંપરાગત જ્ઞાન જળવાઈ રહે તે પણ એટલું જ જરૂરી છે. મંત્રી એ વર્ષા વિજ્ઞાન મંડળને પરંપરાગત જ્ઞાનને સાચવી રાખવા અને તેના જતન માટે પણ વિશેષ અભિનંદન આપ્યા હતા. ઉપરાંત આ પરંપરાગત જ્ઞાનના વાહકોને આવનારી પેઢીને આપવા અનુરોધ કર્યો હતો.

### ગોઝારો રવિવાર

# આગની બે અલગ - અલગ ઘટનામાં ૨૫ના મોત, અસંખ્ય ઘાયલ

## હૈદરાબાદમાં લાગેલી આગે ત્રણ પેઢીના ૧૭ લોકો અને મહારાષ્ટ્રની કાપડ ફેક્ટરીની આગે ૮ લોકોના ભોગ લીધા

**અબતક, રાજકોટ**

રવિવારે પરિવાર સાથે હળવાશનો સમય વિતાવતા પરિવારે ક્યારેય નહીં વિચાર્યું હોય કે આ ગોઝારો રવિવાર તેમના પરિવાર માટે કાળ બનીને આવશે. જીવનનો કોઈ જ ભરોસો નથી, ત્યારે આવી જ હૈદારાબાદ અને મહારાષ્ટ્રમાં બનેલી ગોઝારી ઘટનાઓએ લોકોના કાળજા કંપાવી દીધા છે. હૈદરાબાદના ચારમીનાર નજીક આવેલી એક સદી જૂની ત્રણ માળની ઈમારતમાં રવિવારે વહેલી સવારે આગ લાગતાં એક જ ઝવેરી પરિવારના ત્રણ પેઢીના ૧૭ સભ્યો ભડથું થઈ ગયા. રજાઓમાં પોતાના પૈતૃક ઘરે ભેગા થયેલા આ લોકોમાં ૨ વર્ષથી લઈને ૭૩ વર્ષના લોકો અને આઠ બાળકોનો પણ સમાવેશ થાય છે. અધિકારીઓએ જણાવ્યું કે તેઓ દાઝી જવાથી અથવા ગૂંગળાઈ જવાથી મૃત્યુ પામ્યા. તો બીજી ઘટનામાં મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લામાં અક્કલકોટ રોડ એમ.આઈ.ડી.સી. સ્થિત એક ટુવાલ બનાવવાની કાપડ ફેક્ટરીમાં રવિવારે વહેલી સવારે આગ લાગતાં દોઢ વર્ષના બાળક અને ૮૭ વર્ષીય માલિક સહિત આઠ લોકોનાં મોત નીપજ્યાં.

હૈદરાબાદમાં સવારે ૬ વાગ્યે લાગેલી આ આગમાં પરિવારના ચાર સભ્યો અને તેમના કેટલાક કામદારો બચી ગયા છે, જે આગનું કારણ ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવે છે. ફાયર બ્રિગેડને આગ કાબૂમાં લેતા બે કલાકથી વધુ સમય લાગ્યો ત્યાં સુધીમાં રહેણાંક અને વ્યાપારિક હેતુ માટે વપરાતી આ ઈમારતનો મોટો ભાગ નાશ પામ્યો હતો. ફાયર બ્રિગેડે ગ્રાઉન્ડ ફ્લોર પરની મુખ્ય ઈલેક્ટ્રિકલ પેનલને આગનું મૂળ કારણ ગણાવ્યું છે, જ્યાં પરિવારની ત્રણ પેઢીથી ચાલતી જ્વેલરીની દુકાનો આવેલી છે, જેમાંથી એક ૧૯૦૬થી કાર્યરત હતી.

ફાયર સર્વિસના ડીજી વાય નાગી રેડ્ડીએ જણાવ્યું કે શોર્ટ સર્કિટના કારણે નીકળેલી તણખી લાકડાના પેનલમાં ફેલાઈ અને એસીના કોમ્પ્રેસર યુનિટમાં વિસ્ફોટ થયો, જેના કારણે આગ વધુ ભયાનક બની. તેમણે વધુમાં જણાવ્યું કે ઈમારતમાં માત્ર એક જ પ્રવેશ અને બહાર નીકળવાનો સાંકડો રસ્તો હોવાથી અને સીડી પણ સાંકડી હોવાથી લોકો બહાર નીકળી શક્યા નહીં અને ધુમાડાના કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ.

બચાવ કામગીરી માટે ૧૧ ફાયર એન્જિન, એક ફાયર ફાઈટિંગ રોબોટ અને ૭૦ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા અને સમયસર પહોંચીને આગ બુઝાવી દેવામાં આવી હતી. દુર્ઘટનામાં અસરગ્રસ્ત થયેલા ૧૭ લોકોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા પરંતુ કોઈને બચાવી શકાયા નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ દુઃખ વ્યક્ત કર્યું છે અને પ્રત્યેક મૃતકના પરિવારજનોને અનુક્રમે ૨ લાખ અને ૫ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

સોલાપુરની સેન્ટ્રલ ટેક્સટાઈલ કંપનીમાં વહેલી સવારે ૩.૩૦ થી ૪ વાગ્યાની વચ્ચે લાગેલી આગનું કારણ ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ હોવાનું મનાય છે. મૃતકોમાં માલિક ઉસ્માન મન્સુરીના પરિવારના ચાર અને ત્યાં રહેતા એક કામદારના પરિવારના ચાર સભ્યોનો સમાવેશ થાય છે. મુખ્ય પ્રવેશદ્વાર પાસે ધાર્મિક બાંધકામને કારણે બચાવ કાર્યમાં મુશ્કેલી પડી હતી. ફાયર ફાઈટરોએ સીડી અને પાછળની દિવાલ તોડીને પ્રવેશ કર્યો અને ત્રણ લોકોને જીવતા બચાવ્યા, પરંતુ ગાઢ ધુમાડો અને જ્વાળાઓને લીધે વધુ લોકોને બચાવી શકાયા નહીં. આગમાં ત્રણ ફાયર ફાઈટરોના હાથ અને ચહેરા પણ દાઝી ગયા હતા. લાંબા પ્રયત્નો બાદ આઠ મૃતદેહો મળી આવ્યા. મિલકતનું અંદાજિત નુકસાન રૂ. ૧ કરોડ છે અને આગ લાગ્યા પહેલાં રહેવાસીઓએ જોરદાર અવાજ સાંભળ્યો હતો. આગને સંપૂર્ણપણે કાબૂમાં લેવામાં અને બચાવ કામગીરી પૂરી કરવામાં ૧૨ કલાકથી વધુ સમય લાગ્યો હતો.

### આગથી બચાવવા ચાર બાળકોને બાથમાં લઈને બેઠેલી 'માઁ'ના મૃતદેહે હૃદય કંપાવ્યું !!

હૈદરાબાદમાં ગુલઝાર હૌઝમાં રવિવારે લાગેલી આગની ભયાનકતાનું વર્ણન કરતાં સ્વયં સેવકોએ જણાવ્યું કે તેમણે એક વૃદ્ધ મહિલાને ચાર મૃત બાળકોને ગળે લગાવેલી હાલતમાં જોઈ, જે દર્શાવે છે કે તેણીએ બાળકોને બચાવવાનો પ્રયાસ કર્યો હશે. સ્વયંસેવક મીર ઝાહિદે જણાવ્યું કે મહિલાએ ટોર્ચ ચાલુ રાખીને મોબાઈલ પકડ્યો હતો, જે સૂચવે છે કે ધુમાડાને કારણે તે જોઈ શકતી નહોતી. સાથી સ્વયંસેવક મોહમ્મદ અઝમતે આ દ્રશ્યને અસહ્ય ગણાવ્યું અને જણાવ્યું કે તે ક્ષણે તેમને ખબર પડી ગઈ હતી કે કોઈ બચશે નહીં. તેમને તે જ રૂમમાં બીજા બે મૃતદેહ પણ મળ્યા હતા. આ દર્દનાક દ્રશ્ય આગની ભયાનકતા અને તેમાં ફસાયેલા લોકોની લાચારીની સાક્ષી પૂરે છે.

# નિકાસમાં પેટ્રોલિયમ ઉત્પાદનો અને ડાયમંડને પાછળ રાખી સ્માર્ટફોને મેદાન માર્યું

## વર્ષ ૨૦૨૪-૨૫માં સ્માર્ટફોનની નિકાસ ૫૫ ટકા વધીને ૨૪.૧૪ બિલિયન ડોલરે પહોંચી

**અબતક, નવી દિલ્હી**

સ્માર્ટફોન નિકાસમાં ભારત સતત આગળ વધી રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં ભારતમાંથી ૨૪.૧૪ બિલિયન ડોલરના સ્માર્ટફોનની નિકાસ કરવામાં આવી હતી. આ ગયા વર્ષની ૧૫.૫૭ બિલિયન ડોલરની નિકાસ કરતાં ૫૫ ટકા વધુ છે. તાજેતરમાં જાહેર કરાયેલા સરકારી ડેટા અનુસાર, આમાંથી મોટાભાગના સ્માર્ટફોન યુએસ, નેધરલેન્ડ, ઈટાલી, જાપાન અને ચેક રિપબ્લિકમાં મોકલવામાં આવ્યા હતા.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં, ભારતે ફક્ત અમેરિકામાં ૧૦.૬ બિલિયન ડોલરના સ્માર્ટફોનની નિકાસ કરી હતી. આ એક વર્ષ પહેલા અમેરિકામાં નિકાસ કરાયેલા ૫.૫૭ બિલિયન ડોલરના સ્માર્ટફોન કરતા બમણા છે. ભારતમાંથી સ્માર્ટફોનની નિકાસ પેટ્રોલિયમ ઉત્પાદનો અને હીરાની નિકાસ કરતાં વધી ગઈ છે. આનો અર્થ એ થયો કે ભારત હવે પેટ્રોકેમિકલ્સ અને હીરા કરતાં વધુ સ્માર્ટફોન નિકાસ કરે છે.

અમેરિકા ઉપરાંત, નેધરલેન્ડ્સે ગયા નાણાકીય વર્ષમાં ભારતમાંથી ૨.૨ બિલિયન ડોલરના આઈફોન આયાત કર્યા હતા. તેવી જ રીતે, ૧.૨૬ અબજ ડોલરના સ્માર્ટફોન ઈટાલી અને ૧.૧૭ અબજ ડોલરના ચેક રિપબ્લિક મોકલવામાં આવ્યા હતા. ટોક્યોમાં સ્માર્ટફોન નિકાસ પણ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં માત્ર ૧૨૦ મિલિયન ડોલરથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ૫૨૦ મિલિયન ડોલર થવાની ધારણા છે.

ઉત્પાદન-લિંક્ડ ઈન્સેન્ટિવ યોજના સહિત સરકારી પ્રયાસોને કારણે છેલ્લા બે નાણાકીય વર્ષોમાં સ્માર્ટફોન નિકાસમાં વધારો થયો છે. દેશમાં ઘણા સ્માર્ટફોન યુનિટ પણ ખુલ્યા છે. આના કારણે, આ ક્ષેત્રમાં ભારતની સપ્લાય ચેઈન મજબૂત થઈ રહી છે અને વધુ રોકાણ આકર્ષિત થઈ રહ્યું છે. આઈફોન બનાવતી એપલ જેવી મોટી કંપનીઓ પણ તેમનો ઉત્પાદન આધાર ચીનથી ભારતમાં ખસેડી રહી છે. આનાથી ભારતમાં સ્માર્ટફોન ઉત્પાદન કેન્દ્ર તરીકે વિશ્વાસ વધ્યો છે, તેમ છતાં ઉત્પાદન ખર્ચમાં ૫-૮ ટકાનો વધારો થયો છે.

# બાંગ્લાદેશ ઉપરની રોકથી ભારતના કાપડ ઉદ્યોગને રૂ.૧૦૦૦નો વધુ વેપલો થવાની આશા

## શિયાળાની ઋતુ દરમિયાન સપ્લાય ચેઈનને અસર થવાની સંભાવના, કાપડના ભાવમાં વધારો આવે તેવી પણ શકયતા

**અબતક, નવી દિલ્હી**

ભારતે બાંગ્લાદેશથી જમીન માર્ગે કપડાંની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે, જેના કારણે બાંગ્લાદેશને કરોડો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. પરંતુ ભારત દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયથી દેશના કાપડ ઉદ્યોગને વેગ મળશે. દેશમાં બનતા કપડાના વેપારમાં ૧૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થશે, જેનાથી કાપડ ઉદ્યોગમાં કામ કરતા લોકોની આવકમાં પણ વધારો થશે અને તે જ સમયે ભારતના એમએસએમઈ ક્ષેત્રનો પણ વિકાસ થશે.

અહેવાલ મુજબ, કાપડ ઉદ્યોગનો વ્યવસાય વધશે. જોકે, શિયાળાની ઋતુ દરમિયાન સપ્લાય ચેઈનને અસર થઈ શકે છે. તેથી, ડેનિમ અને વૂલન કપડાં જેવા શિયાળાના કપડાંના ભાવ વધી શકે છે. તેમની કિંમતમાં ૨-૩ ટકાનો વધારો થઈ શકે છે. ગયા શનિવારે, વિદેશી વેપારના મહાનિર્દેશકે બાંગ્લાદેશથી જમીન માર્ગે કપડાંની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો, ત્યારબાદ બંને દેશો વચ્ચે કાપડ ઉદ્યોગના ભવિષ્ય વિશે ચર્ચા શરૂ થઈ હતી. જોકે, ભારત સરકારે ફક્ત જમીન માર્ગ પર પ્રતિબંધ મૂક્યો છે. બાંગ્લાદેશ હજુ પણ કોલકાતા અને ન્હાવા શેવા બંદરો દ્વારા નિકાસ કરી શકે છે. ભારતના કાપડ ઉદ્યોગ દ્વારા લાંબા સમયથી બાંગ્લાદેશથી કપડાંની આયાત પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી રહી હતી, કારણ કે શૂન્ય ટેરિફને કારણે, ત્યાંથી ભારતમાં આવતા ઉત્પાદનોની સંખ્યા બમણી થઈ ગઈ હતી, જેની સીધી અસર ભારતીય કાપડ ઉદ્યોગ પર પડી રહી હતી. આ પગલાથી ચીની કાપડની બેકડોર આયાત પર પણ અંકુશ આવવાની અપેક્ષા છે, જે અન્યથા ૨૦% આયાત ડ્યુટીને આકર્ષિત કરે છે. વ્યાપાર અને ઉદ્યોગ જગત સર્વસંમતિથી માને છે કે આયાત નીતિમાં ફેરફારને કારણે, બાંગ્લાદેશને ભારત કરતાં વધુ નુકસાન સહન કરવું પડશે.

ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન ના ચેરમેન (પૂર્વ ક્ષેત્ર) બિમલ બેંગાણીએ જણાવ્યું હતું કે, ભારતને વધારે નુકસાન થવાનું નથી... બાંગ્લાદેશ માટે દરિયાઈ માર્ગે આયાત કરવી મુશ્કેલ બનશે. ઈન્ડિયન ટેક્સપ્રિન્યોર્સ ફેડરેશનના કન્વીનર પ્રભુ ધમોધરને જણાવ્યું હતું કે આ પગલાથી આયાત ઘટાડીને સ્થાનિક ઉત્પાદનને મજબૂત બનાવવામાં મદદ મળશે અને સ્થાનિક ઉત્પાદકોને ટેકો મળશે.

# અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડનને પ્રોસ્ટેટ કેન્સર

## કેન્સર હોવા અંગેની જાણ થયા બાદ તુરંત ૮૨ વર્ષીય જો બાઈડનને સારવાર અર્થે ખસેડાયા

**અબતક, રાજકોટ**

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ૮૨ વર્ષીય જો બિડેનને પ્રોસ્ટેટ કેન્સર હોવાનું નિદાન થયું છે, તેમના કાર્યાલયે રવિવારે આ વાતની જાહેરાત કરી. આ નિદાન તાજેતરની તબીબી તપાસ બાદ થયું છે, જેમાં તેમના પ્રોસ્ટેટમાં એક નાની ગાંઠ મળી આવી હતી. શુક્રવારે, ડોક્ટરોએ પ્રોસ્ટેટ કેન્સરની હાજરીની પુષ્ટિ કરી, જેના કોષો તેમના હાડકાંમાં ફેલાઈ ગયા હતા. જો કે, તેમનું કેન્સર હોર્મોન-સંવેદનશીલ હોવાનું જણાયું છે, જે સારવાર માટે સક્ષમ છે. બિડેન અને તેમનો પરિવાર તેમના ચિકિત્સકો સાથે સારવારના વિકલ્પોની સમીક્ષા કરી રહ્યા છે.

પ્રોસ્ટેટ કેન્સરને ૧ થી ૧૦ ના ગ્લીસન સ્કોર સાથે રેટ કરવામાં આવે છે, જેમાં બિડેનનો સ્કોર ૯ છે, જે દર્શાવે છે કે તેમનું કેન્સર ખૂબ જ આક્રમક છે. અહેવાલ અનુસાર આ અઠવાડિયાની શરૂઆતમાં, પ્રોસ્ટેટ નોડ્યુલની શોધ બાદ બિડેનનું તબીબી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. ભૂતકાળમાં, બિડેનને નોન-મેલાનોમા ચામડીના કેન્સરને દૂર કરવા માટે મોહ્સ સર્જરી પણ કરાવી હતી.

ફેબ્રુઆરી ૨૦૨૪ માં ડો. કેવિન ઓ'કોનોર દ્વારા સ્વાસ્થ્ય અને ફરજ માટે જવા સક્ષમ હોવાનું જાહેર કરવામાં આવ્યા હોવા છતાં, બિડેનને તેમની ઉંમર અને માનસિક સ્પષ્ટતા અંગે જાહેર શંકાઓનો સામનો કરવો પડ્યો હતો. આ ચિંતાઓએ ૨૦૨૪ ની પુનઃચૂંટણીની રેસમાંથી દૂર થવાના તેમના નિર્ણયને પ્રભાવિત કર્યો હોવાનું માનવામાં આવતું હતું. જાન્યુઆરીમાં પદ છોડ્યા પછી, બિડેન પ્રમાણમાં ખૂબ જ ઓછા મીડિયામાં જોવા મળ્યા છે.

# ન્યાયતંત્ર, કારોબારી કે વિધાનસભાએ બંધારણ સર્વોપરી છે તેમ જ વર્તવું પડે : ચીફ જસ્ટિસ

## લોકશાહીના આ ત્રણેય અંગોએ બંધારણ મુજબ સાથે મળીને કામ કરવું પડશે : સુપ્રીમ કોર્ટ દ્વારા રાજ્યપાલો અને રાષ્ટ્રપતિ માટે નક્કી કરાયેલ સમયમર્યાદા અંગેની ચર્ચામાં સીજેઆઈનું મહત્વપૂર્ણ નિવેદન

**અબતક, મુંબઈ**

સુપ્રીમ કોર્ટ દ્વારા રાજ્યપાલો અને રાષ્ટ્રપતિ માટે નક્કી કરાયેલ સમયમર્યાદા અંગે ચાલી રહેલી ચર્ચા વચ્ચે, ભારતના મુખ્ય ન્યાયાધીશ ભૂષણ ગવઈએ રવિવારે કહ્યું કે ન્યાયતંત્ર, કારોબારી કે વિધાનસભા કરતા પણ ભારતનું બંધારણ ''સર્વોચ્ચ'' છે અને લોકશાહીના આ ત્રણેય અંગોએ બંધારણ મુજબ સાથે મળીને કામ કરવું પડશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સુપ્રીમ કોર્ટને ૧૪-મુદ્દાનો રાષ્ટ્રપતિ સંદર્ભ મોકલ્યાના થોડા દિવસો બાદ જ આ નિવેદન આવ્યું છે, જેમાં પૂછવામાં આવ્યું હતું કે શું કોર્ટ મંજૂરી માટે મોકલવામાં આવેલા અથવા વિચારણા માટે અનામત રાખવામાં આવેલા રાજ્ય બિલો સાથે વ્યવહાર કરતી વખતે રાજ્યપાલો અને રાષ્ટ્રપતિના વર્તનને ''સમયરેખા'' ''લાદી'' શકે છે અને નિર્દેશિત કરી શકે છે. કેન્દ્રએ સુપ્રીમ કોર્ટ પર કારોબારીના અધિકારક્ષેત્રમાં દખલ કરવાનો આરોપ લગાવ્યો હતો. ગયા અઠવાડિયે ૫૨મા સીજેઆઈ તરીકે શપથ ગ્રહણ કરનારા જસ્ટિસ ગવઈ મહારાષ્ટ્ર અને ગોવા બાર કાઉન્સિલ દ્વારા આયોજિત સન્માન સમારોહમાં બોલી રહ્યા હતા.

''મૂળભૂત માળખું મજબૂત છે,'' જસ્ટિસ ગવઈએ કહ્યું, બંધારણના તમામ અંગોએ એકબીજા પ્રત્યે આદર દર્શાવવો જોઈએ. સંસદ પાસે બંધારણમાં સુધારો કરવાની સત્તા છે, પરંતુ તે ''મૂળભૂત માળખા'' ને સ્પર્શી શકતી નથી. 'મૂળભૂત માળખું' સિદ્ધાંત માને છે કે બંધારણની કેટલીક મૂળભૂત વિશેષતાઓ, જેમ કે તેની સર્વોપરિતા, કાયદાનું શાસન અને ન્યાયતંત્રની સ્વતંત્રતા, સંસદ દ્વારા બંધારણીય સુધારા દ્વારા સુધારી અથવા રદ કરી શકાતી નથી. તાજેતરમાં, રાષ્ટ્રપતિના સંદર્ભમાં બંધારણની કલમ ૧૪૩ (૧) હેઠળ સુપ્રીમ કોર્ટના સલાહકાર અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેથી સમયમર્યાદા નક્કી કરી શકાય કે નહીં તે નક્કી કરી શકાય.

રાષ્ટ્રપતિનું આ પગલું ૮ મેના રોજ ન્યાયાધીશ જેબી પારડીવાલા અને આર મહાદેવનની બેન્ચ દ્વારા તમિલનાડુ સરકારની અરજી પર આપેલા નિર્ણયથી ઉદ્ભવ્યું છે, જેમાં વિધાનસભા દ્વારા બીજી વખત પસાર કરાયેલા બિલોને મંજૂરી આપવામાં રાજ્યપાલના વિલંબ અને રાષ્ટ્રપતિના વિચારણા માટે તેમને અનામત રાખવાના તેમના પગલાને પડકારવામાં આવ્યો હતો.સંદર્ભમાં જણાવાયું છે કે ''ભારતના બંધારણની કલમ ૨૦૧ હેઠળ ભારતના રાષ્ટ્રપતિની સંમતિ વાજબી છે કે કેમ તે અંગે સુપ્રીમ કોર્ટના વિરોધાભાસી નિર્ણયો છે''.એપ્રિલમાં, મુખ્ય ન્યાયાધીશ તરીકેની નિમણૂક પહેલાં બે કેસોની સુનાવણી કરતી વખતે, જસ્ટિસ ગવઈએ કહ્યું હતું કે, ''જેમ છે તેમ, અમારા પર સંસદીય અને કારોબારી કાર્યો પર અતિક્રમણ કરવાનો આરોપ છે.'' પશ્ચિમ બંગાળમાં હિંસા સંબંધિત કેસની સુનાવણી કરતી વખતે, કારોબારીએ સ્પષ્ટ ન્યાયિક અતિરેક પર પ્રશ્ન ઉઠાવ્યો હતો

સ્પષ્ટ ઓનલાઈન સામગ્રી સંબંધિત અન્ય એક કેસમાં, ન્યાયાધીશ ગવઈએ મૌખિક રીતે અવલોકન કર્યું હતું કે આ સંદર્ભમાં નિયમો ઘડવાનો અધિકાર સંઘનો છે. તેમણે કહ્યું હતું કે, ''જેમ છે તેમ, હવે આપણી ટીકા થઈ રહી છે કે આપણે કારોબારી કાર્યો, કાયદાકીય કાર્યોમાં દખલ કરી રહ્યા છીએ.'' ગવઈએ રવિવારે કહ્યું કે તેઓ ખુશ છે કે દેશ માત્ર મજબૂત બન્યો નથી પરંતુ સામાજિક અને આર્થિક ન્યાયના મોરચે પણ વિકાસ પામ્યો છે. 'બુલડોઝર ન્યાય' વિરુદ્ધના પોતાના ચુકાદાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે આશ્રયનો અધિકાર સર્વોચ્ચ છે. ''આશ્રયનો અધિકાર એ મૂળભૂત અધિકાર છે. કોઈ વ્યક્તિ ગુનાનો આરોપી હોય કે દોષિત હોય, જો પરિવારનું ઘર કાયદેસર રીતે કબજે કરેલું હોય, તો તેને બહાર કાઢી શકાતું નથી કે તોડી શકાતું નથી. કાયદાના શાસનનું પાલન કરવું જોઈએ.''

# સ્કોર્પિયો કારમાં સ્ટન્ટ કરનાર ચાર શખ્સોને કાયદાના પાઠ ભણાવતી પોલીસ

## સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થતાં એ ડિવિઝન પોલીસે ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

શહેરના આરએમસી ચોક અને યાજ્ઞિક રોડ પર કાળા રંગની ચાર સ્કોર્પિયો કારના ચાલકો જાહેરમાં સ્ટન્ટ કરતા હોય તેવો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં એ ડિવિઝન પોલીસે ચારેય સ્કોર્પિયો કારના ચાલકોની ઓળખ કરી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મામલામાં એ ડિવિઝન પોલીસે નોંધેલા ગુનાની પ્રાપ્ત વિગત અનુસાર સોશિયલ મીડીયામાં એક વિડીયો વાયરલ થયેલ હતો. જે વીડીઓ બાબતે ખરાઈ કરતા વીડીયો યાજ્ઞીક રોડ ઉપરનો હોય અને તેમાં અલગ-અલગ કાળા કલરની સ્કોર્પિયો કાર બેદરકારીપુર્વક ચલાવી રોડ ઉપર પસાર થતા અન્ય રાહદારીની જીંદગી તથા સલામતી જોખમાઈ તે રીતે કાર પુરપાટ ઝડપે ચલાવી સ્ટંટ કરતા વીડીયોમાં જીજે-૩૬-એફ-૦૦૫૨ નંબર વાળી સ્કોર્પીયો કાર તથા અન્ય સ્કોર્પીયો કારો જોવા મળેલ હોય જે વાયરલ થયેલ વિડીયોમાં સ્ટંટ કરતા ઈસમોને પકડવા માટે ઉપરી અધિકારીએ સુચના આપેલ હોય જે સુચના અન્વયે વીડીયોમાં દેખાતા સ્કોર્પીયો કાર નંબર જીજે-૩૬-એફ-૦૦૫૨ ના માલીકની ખરાઈ કરતા આકીબભાઈ યાસીનભાઈ જલવાણી (ઉ.વ.-૨૫ રહે. રામનાથપરા, હુસેની ચોક, કુંભારવાડા મેઈન રોડ, રાજકોટ) વાળો હોવાનુ જાણવા મળેલ હતું.



જેથી કાર માલિકને પોલીસ સ્ટેશન ખાતે બોલાવી વાયરલ વિડીયો બતાવતા વીડીયોમા પોતાની કાર હોવાનુ જણાવતો હોય અને બાદ વીડીયોમા જોવામા આવતી બીજી અલગ અલગ કાળા કલરની સ્કોર્પીયો કાર બાબતે પુછતા તેના મિત્રો ફરહાદ મહેબુબભાઈ સુમરા, સાહીલભાઈ અયુબભાઈ ટોપા, સેનીફભાઈ રફીકભાઈ સૈયદની સ્કોર્પીયો કાર હોવાનુ જણાવેલ હતું.

ત્રણેય ઈસમોને આકીબે ફોન કરી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે સ્કોર્પિયો કાર સાથે બોલાવી નામની ખરાઈ કરતા સ્કોર્પીયો કાર નંબર જીજે-૦૩-એનપી-૦૯૦૨ નો માલિક ફરહાદ મહેબુબભાઈ સુમરા (ઉ.વ.-૨૪ રહે. રામનાથપરા, હુસેની ચોક) અને ત્રીજી સ્કોર્પિયો કાર જીજે-૦૩-એનપી-૦૧૨૪ નો માલિક સેનીફભાઈ રફીકભાઈ સૈયદ (ઉ.વ.-૧૯ રહે. થોરાળા પોલીસ સ્ટેશનની સામે, મનહર સોસાયટી શેરી નંબર-૬, ભાવનગર રોડ,રાજકોટ) તરીકે ઓળખ થઈ હતી.

બાદમાં ચારેય શખ્સોંની પૂછપરછ કરતા આરોપીઓએ કેફીયત આપી હતી કે, ગત તા-૨૪/૦૪/૨૦૨૫ ના રોજ યાજ્ઞીક રોડ ઉપર લગ્નમાંથી જતી વખતે રાત્રીના અઢી વાગ્યાની આસપાસ આર.એમ.સી. ચોક પર ચારેય ઈસમોએ પોતાના હસ્તકની સ્કોર્પીયો કાર ચલાવી સ્ટંટ કરેલ હોવાનું જણાવ્યું હતું. આમ ચારેય શખ્સોંએ જાહેર રોડ પર મનુષ્ય જિંદગી જોખમાય તેમ સ્ટન્ટ કરવા બદલ બી.એન.એસ.ની કલમ ૧૨૫, ૩(૫), ૨૮૧ તથા એમ.વી એકટ કલમ ૧૮૪, ૧૭૭ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# રાજકોટમાં બે હત્યાથી ચકચાર : લોઠડાં અને જામગઢ ગામે લોથ ઢળી

## લોઠડાંમાં કાનની કડી ચોરી લીધાનો આળ મૂકી ગોપાલ સોલંકીને ઢોર માર મરાતા મોત : પરબત અને તેના પુત્ર સામે ગુનો

**અબતક, રાજકોટ**

રાજકોટમાં બે હત્યાના બનાવથી ચકચાર મચી જવા પામી છે. લોઠડા અને જામગઢમાં ખૂની ખેલ ખેલાયો હતો. બાળકીના કાન વિંધતી વખતે કળી ખોવાતા ગોપાલ સોલંકીએ ચોરી કરી હોવાની શંકાએ ઢોર માર મરાયો, ૨૪ કલાક બાદ વીડીમાંથી મૃતદેહ મળ્યો, લોઠડાના પરબત અને તેના પુત્ર સહિતના સામે આજીડેમ પોલીસે ગુનો દાખલ કર્યો છે. જામગઢમાં વાડીએ સુતેલા મુકેશ વાવડિયાની ધારદાર હથિયારોના ઘા ઝીંકી હત્યા કરાઈ. જેમાં અજાણ્યા આરોપી સામે કુવાડવા રોડ પોલીસે ગુનો દાખલ કર્યો છે.

લોઠડાની હત્યામાં ફરિયાદી બચુભાઈ ભદુભાઈ સોલંકી (ઉ.વ.૩૬, રહે.લાપાસરી ગામની સીમ ધનાભાઈના ઈંટોના ભઠ્ઠામાં ગોરધન હોટલની સામે તા.જી રાજકોટ, મુળ ગામ કરીયાણા (કીડી) તા.બાબરા જી. અમરેલી)એ જણાવ્યું કે, હું ઈંટોના ભઠ્ઠામાં મજુરી કામ કરું છું.અમો ચાર ભાઈઓ છીએ. જેમા સૌથી મોટા સવાભાઈ તેમનાથી નાનો હું, અને મારાથી નાના ગોપાલભાઈ ભદુભાઈ સોલંકી (ઉં.વ.૩૨) હતા. જેઓ પોતાના પત્ની સોનલબેન તથા બાળકો જેમાં ચાર દીકરી તથા એક દીકરા સાથે અમારી સાથે જ રહેતા હતા. અને ગોપાલભાઈ કાન નાક વીંધવાનું અને કટલેરી વેચવાની ફેરી કરતો હતો. સૌથી નાના પોપટભાઈ છે. તેમ જ મારા માતા હીરાબેન તથા પિતાજી ભદુભાઈ ભાવનભાઈ કરીયાણા (કીડી) ગામે રહે છે.

તા.૧૭/૦૫/૨૦૨૫ ના રોજ સવાર ના સાડા આઠેક વાગ્યે મારો નાનો ભાઈ ગોપાલભાઈ પોતાનુ બાઈક લઈ કાન નાક વીંધવા તેમજ કટલેરી વેચવા માટે લોઠડા ગામ બાજુ જવાનુ કહી ને ઘરેથી નીકળેલ હતો. હું પણ મજુરી કામે ઈશ્વરીયા મહાદેવ મંદીર તરફ ગયેલ હતો. સાંજના છએક વાગ્યે મારા ઘરે આવેલ ત્યારે મારો ભાઈ ગોપાલ ઘરે આવેલ ન હોય જેથી તેના પત્ની સોનલબેનને પુછતા તેણે કામ ઉપરથી આવેલ નહી હોવાનુ જણાવેલ. ફોન કરતા તેમનો મોબાઈલ સ્વીચ ઓફ આવતો હતો.

મોડી રાત થઈ ગયેલ હોય જેથી અમો ઘરે બધા સુઈ ગયેલા તા. ૧૮/૦૫/૨૦૨૫ ના રોજ સવારના હું તથા અમારી બાજુમા રહેતા મારા મામાના દીકરા બાબુ ભાઈ રૂપાભાઈ સોલંકી તથા તેમનો ભત્રીજો મુકેશભાઈ ભુપતભાઈ સોલંકી મારા ભાઈ ગોપાલની તપાસ કરવા માટે લોઠડા ગામે ગયેલ અને લોઠડા ગામે જઈ તપાસ કરતા અમને વાતો વાતથી જાણવા મળેલ કે, તા. ૧૭/૦૫/૨૦ ૨૫ ના રોજ સવારના સાડા દશ અગીયારેક વાગ્યે એક નાક કાન વીંધવા વાળા ભાઈ પોતાનુ મોટર સાયકલ લઈ ને આવેલ હતા અને તેઓ લોઠડા ગામમા રહેતા પરબત ભીમાભાઈ કોળીના ઘરે ગયેલ ત્યારે કોઈ કારણસર ઝગડો થતા તેને ત્યાં પરબત અને તેના દીકરા તેમજ બીજા લોકોએ માર મારેલ અને ત્યાંથી ઈકો ગાડીમાં નાખી સાથે બે બાઈકમાં અમુક લોકો ગામની વીડીમાં લઈ ગયેલ. ત્યાં પણ મારા ભાઈને આ તમામ લોકોએ કોઈ હથીયારથી તેમજ ઢીકાપાટુનો આડેધડ માર મારી તેમને ત્યાં જ મુકી જતા રહેલ હોય અને બાદ મારા ભાઈ બેભાન હાલતમાં પડેલ હોય કોઈ એ ૧૦૮ એમ્બ્યુલન્સ ને ફોન કરતા ૧૦૮ આવી ગયેલ અને મારા ભાઈ ગોપાલભાઈને મરણ ગયેલ જાહેર કરેલ હતો. આજીડેમ પોલીસનો પોલીસ સ્ટાફ આવી ગયેલ અને મારા ભાઈની લાશને પી.એમ. કરવા માટે લઈ ગયેલ. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, બાળકીના કાન વિંધતી વખતે કળી ખોવાતા ગોપાલે ચોરી હોવાની શંકાએ માર મરાયો હતો. પોલીસે આરોપીઓને અટકાયતમાં લેવા તજવીજ કરી હતી.

### જામગઢમાં વાડીએ સુતેલા મુકેશ વાવડિયાની ધારદાર હથિયારોના ઘા ઝીંકી હત્યા : અજાણ્યા આરોપી સામે ગુનો દાખલ

હત્યાના બીજા બનાવમાં ફરિયાદી વિનુભાઈ ઉર્ફે વિનો વેલાભાઈ વાવડીયા જાતે કોળી ઉ.વ, ૪૦ ધંધો ખેતીકામ રહે. જામગઢ ગામ તા.જી.રાજકોટ)એ જણાવ્યું કે, અમો બે ભાઈઓ તથા ૨ બહેનો છીએ જેમા સૌથી મોટો હું, મારાથી નાના શોભનાબેન, જે જીવાપર ગામ તા.વાંકાનેર સાસરે છે. તેનાથી નાના ભાનુબેન જે બેટી ગામ ખાતે સાસરે છે. તેનાથી નાનો ભાઈ મુકેશભાઈ વેલાભાઈ વાવડીયા (ઉ.વ.૩૩)નો હતો. મારા પિતા વેલાભાઈ છે. નિવૃત જીવન ગાળે છે. મારી માતા બચુબેન છે. જે નિવૃત જીવન ગાળે છે. તા.૧૭/૦૫/૨૦૨૫ ના રોજ મુકશ આઠેક વાગ્યે ઘરેથી જમીને બહાર ગયેલ. તે દરરોજ રાત્રીના જમીને અમારી વાડીએ સુવા માટે જતો. હું પણ જમીને ગામમાં ગયેલ.અમારા ગામમાં વનરાજભાઈની કેબીને બીડી લેવા ગયેલ. પછી ઘરે જઈ સુઈ ગયેલ.

તા. ૧૮/૦૫/૨૦૨૫ ના રોજ સવારના આશરે ૬ વાગ્યે ઉઠીને ચા પાણી પી ગાયને દોહી હુ મારા ઘરેથી અમારી નકટી નામની વાડીએ ગયેલ હતો ત્યા અમારી વાડીમાં જોતા ત્યા ખાટલા ઉપર મારોભાઈ મુકેશ લોહી લુહાણ હાલતમાં પડેલ હતો.તેને મોઢાના ભાગે તથા આંખના ભાગે તથા કપાળનાભાગે કોઈ હથીયાર વડે ઈજા કરેલના નિશાન હતા. મારી પત્ની કોમલને કાકાના દિકરા ધનજીભાઈ સાથે વાત કરાવવા કહ્યું, ધનજીભાઈ વાડીએ આવ્યા.

૧૦૮માં ફોન કરતા ૧૦૮ આવી જતા મારાભાઈ મુકેશભાઈને જોઈ તપાસ મૃત જાહેર કરેલ. કુવાડવા રોડ પોલીસ સ્ટાફના માણસો આવતા મારાભાઈની લાશ ઉપર ઈન્કવેસ્ટ પંચનામુ કરી પી.એમ કરાવવાની કાર્યવાહી કરવામા આવેલ. પોલીસે આ મામલે અજાણ્યા શખશો સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# મારા વિસ્તારમાં પોલીસને આવવાની મનાઈ છે કહી રફીક પઠાણે પોલીસકર્મીનો કાંઠલો પકડ્યો

## હવે વિસ્તારમાં આવીશ તો જીવતો નહિ જવા દઉં કહી વધુ એકવાર ભગવતીપરામાં પોલીસમેનને ધમકી : ફરજમાં રૂકાવટનો ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના ભગવતીપરા વિસ્તારમાં ચેકિંગ માટે ગયેલા પોલીસમેન સાથે અહીં રહેતા શખસે માથાકૂટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે કોન્સ્ટેબલની ફરિયાદ પરથી બી ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, બી ડિવિઝન પોલીસ મથકમાં લોકરક્ષક તરીકે ફરજ બજાવનાર અજયભાઈ વિઠ્ઠલભાઈ ચૌહાણ દ્વારા નોંધાવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે ભગવતીપરામાં રહેતા રફીક પઠાણનું નામ આપ્યું છે.ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમને બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં અગાઉ પોલીસ ચોપડે ચડી ચૂકેલા ગુનેગારોને ચેક કરવાની કામગીરી સોંપવામાં આવી હોય જેથી તેઓ આ કામગીરીમાં હતા. દરમિયાન તેમને પિતરાઈ ભાઈ રાહુલ રસ્તામાં મળતા તેને ઓમ પાર્કમાં જવાનું હોય જેથી ફરિયાદીએ તેને હું તને ઘરે મૂકી દઈશ તેવું કહ્યું હતું. બે ત્રણ એમસીઆર ચેક કરવાના છે ચેક કરી તેને ઘરે મૂકી જઈશ. બાદમાં ભગવતીપરા શેરી નંબર ૧૪ માં રહેતા સલીમ ઉર્ફે સલુ બાપુ હનીફશાહ શાહમદારને ચેક કરવા તેનું ઘર શોધતા હતા.

દરમિયાન રાત્રિના ૧૨ બાર વાગ્યા આસપાસ ભગવતીપરા મોડર્ન સ્કૂલની સામેના ભાગે વિનોબા ભાવે આવાસ યોજના ક્વાર્ટરની બાજુમાં અહીં રસ્તાનું કામ ચાલુ હોય બાઈક ઉભું રાખી પરત લેવા જતા પાછળથી એકટીવામાં આવેલ શખસ જેની સાથે એક નાની બાળકી હોય તેણે કહ્યું હતું કે તમે કોણ છો? અહીં કેમ આવ્યા છો જેથી ફરિયાદીએ પોતાની ઓળખ આપી ગુનાહિત ઈતિહાસ ધરાવતા ઈસમોને ચેક કરવા આવ્યાનું જણાવ્યું હતું. તેમ કહેતા આ શકશે પોતાનું નામ રફીક હોવાનું જણાવી કહ્યું હતું કે, પોલીસ હોય તો શું થઈ ગયું? આ મારો વિસ્તાર છે અહીં પોલીસને આવવાની મનાઈ છે છતાંય તે અહીં આવવાની હિંમત કેમ કરી? મારા વિસ્તારમાં કોઈને ચેક કરવા આવું નહીં નહિતર તને સબક શીખડાવો પડશે. તેમ કહી ગાળો આપવા લાગ્યો હતો. ગાળો આપવાની ના કહેતા રફીકે કહ્યું હતું કે તું પોલીસ વાળો છે તો બહુ ચરબી આવી ગઈ છે આજે તો તને જીવતો નથી જવા દેવો તેમ કહી ઝઘડો કરી ઝપાઝપી કરવા લાગ્યો હતો અને કાંઠલો પકડી લીધો હતો. દરમિયાન યુવાનના ભાઈ રાહુલે તેમને છોડાવ્યા હતા અને બાદમાં પોલીસ કંટ્રોલરૂમમાં ફોન કરતા રફીક તેનું વાહન લઈ અહીંથી જતો રહ્યો હતો. જતા જતા કહેતો હતો કે, આજે તો તને જવા દીધો છે હવે પછી આ વિસ્તારમાં આવીશ તો જીવતો નહીં જવા દઉં. આ અંગે કોન્સ્ટેબલની ફરિયાદ પરથી બી ડિવિઝન પોલીસે આરોપી રફીક પઠાણ સામે પોલીસ ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# કુવાડવા રોડ અને તિરૂપતિ સોસાયટીમાં ક્રિકેટ સટ્ટાના દરોડા

## બે પંટરોને મોબાઈલ સાથે ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધા આઈ ડી આપનાર બે બુકીની શોધખોળ

**અબતક, રાજકોટ**

શહેરના કુવાડવા રોડ પર આવેલા નાગબાઈ પાનવાડી શેરીમાં અને કોઠારીયા મેઈન પર આવેલી તિરુપતિ સોસાયટી ના ગેઈટ પાસે જાહેરમાં હાલમાં ચાલતા ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા બે પંટરોને બે મોબાઈલ સાથે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી લઈ, આ ઈડી આપનાર બે બુકીઓની શોધખોળ હાથ ધરી છે. હાલમાં આઈ પી એલ ક્રિકેટ મેચની સીઝન ખુલી છે ત્યારે, પટરો અને બુકીઓ મેદાનમાં ઉતરી ગયા છે. સામે પોલીસ તંત્ર પણ સજાગ બની ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા શખ્સો પર વોચ રાખી છે.ત્યારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, કોઠારીયા મેઈન રોડ પર આવેલી તિરુપતિ સોસાયટી ના ગેઈટ પાસે એક શખ્સ ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમી રહ્યો છે. જેથી ક્રાઈમ બ્રાન્ચ પી આઈ એમ આર ગોંડલીયા ટીમ બાતમી મળેલા સ્થળે પહોંચી મોબાઈલમાં ઓનલાઈન દિલ્હી કેપિટલ અને ગુજરાત ટા ઈન્સ વચ્ચે ચાલતા ટી ૨૦ ૨૦ મેચ પર સટ્ટો રમતો સહકાર મેઈન રોડ પર આવેલી સાધના સોસાયટી શેરી નંબર ૧ ,બ્લોક નંબર ૩૮માં પંચનાથ મકાનમાં રહેતો શ્યામ પરસોતમભાઈ પટેલ નામના વેપારીને ઝડપી લીધો છે. ઝડપાયેલા શખ્સની પૂછ પરછ કરતા તેને રાજકોટમાં રહેતો કિશન અજાણી નામના બુકી પાસેથી આઈ ડી મેળવી શેટ્ટી રમતો હોવાની કબૂલાત આપી હતી. પોલીસે કિશન વિરૂદ્ધ ગીનો નોંધી શોધ ખોલ હાથ ધરી છે.બીજો દરોડો કુવાળા રોડ પર આવેલા નાગબાઈ પાન વાળી શેરીમાં પાડી, હાલમાં ચાલતા આઈ પી એલ ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતો , કુવાડવા રોડ પર આવેલા મારુતિ નગર શેરી નંબર ૩માં રહેતો અને ઈમિટેશનનો ધંધો કરતો ગૌતમ સુરેશભાઈએ રામાણી નામના શખ્સને મોબાઈલ સાથે ઝડપી લીધો છે. ગૌતમની પૂછ પરછ કરતા તેને રાજકોટમાં રહેતો અનિલ મચ્છાભાઈ ગોલતર પાસેથી આઈ ડી મેળવી જુગાર રમાડતો હોવાની કબૂલાત આપી હતી. પોલીસ અનિલ ગોલતર વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધ ખોળ હાથ ધરી છે. આ બંને દરોડાની કામગીરી ક્રાઈમ બ્રાન્ચ પી આઈ એમ આર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી એસ આઈ એમ વી મુવાલીયા, હેડ કોન્સ્ટેબલ હસમુખભાઈ સબાડ, કૃષ્ણદેવસિંહ ઝાલા, કનકસિંહ, ઉમેશભાઈ ચાવડા, દીપકભાઈ ડાંગર, કોન્સ્ટેબલ મયુરધ્વજસિંહ જાડેજા, ચેતનસિંહ ગોહિલ અને અરવિંદ કુમાર ફતેપુરા સહિતના સ્ટેજ બજાવી હતી

# તું કેમ લાલાની મસ્તી કરે છે કહી રૈયાધારમાં યુવકને છરીનો ઘા ઝીંકી દેવાયો

## ઢીકાપાટુનો માર મારી હિંચકારો હુમલો કરનાર ત્રિપુટી વિરુદ્ધ યુનિવર્સીટી પોલીસમાં હુમલો

**અબતક, રાજકોટ**

શહેરના રૈયાધાર વિસ્તારમાં મિત્ર સાથે મજાક કરવા મામલે ત્રિપુટીએ યુવકને ઢીકાપાટુનો માર મારી છરીનો ઘાં ઝીંકી દીધાનો બનાવ સામે આવ્યો છે. મામલામાં યુનિવર્સીટી પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ત્રણેય હુમલાખોરોને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

મામલામાં સાધુવાસવાણી એડ પર શ્રમદીપ કોમ્પ્લેક્સ-૪૦૧માં રહેતા અને ડ્રાયવિંગનો વ્યવસાય કરતા પ્રશાંતભાઈ વિનોદરાય સીમેજીયાએ યુનિવર્સીટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રવિ જાદવ, પ્રફુલ ઉર્ફે ઘાંઘી અને એક અજાણ્યા શખ્સનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગઈકાલે સવારે સ્વા દસ વાગ્યે હું મારા કામ અર્થે મારા શેઠને મૂકી બાદ ઘરે જતો હતો. દરમિયાન રૈયાધાર મેઈનરોડ સનસિટીની પાછળ મચ્છી માર્કેટ ચોક પાસે મારો મિત્ર લાલો પારગી (રહે ઈન્દીરાનગર મફતિયાપરા, રૈયાધાર) ત્યાં ઉભો હતો.

જેની પાસે મેં મારું મોટરસાયકલ ઉભું રાખી મજાક મસ્તી કરતો હતો. દરમિયાન તેની સાથે ઉભેલ એક અજાણ્યા શખ્સે મને કહેલ કે, તુ લાલાની મસ્તી કેમ કરે છે? બાદમાં બોલાચાલી કરવા લાગેલ હતો. દરમિયાન તેની સાથે રહેલ રવિ જાદવ અને પ્રફુલ ઉર્ફે ઘાંઘી મને ગાળો આપવા લાગેલ હતા. મે ગાળો આપવાની ના પાડતા બંને ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતા.

દરમિયાન અજાણો વ્યકિત પણ મને માર મારવા લાગ્યો હતો. બાદમાં રવિએ અચાનક તેના પેન્ટમાંથી છરી કાઢી મને જમણી બાજુના પડખાના ભાગે મારેલ હતી. બાદમાં હું યેનકેન પ્રકારે ત્યાથી મારૂ મોટરસાયકલ લઈને નાસી ગયો હતો અને સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં દાખલ થયેલ હતો. મામલામાં યુવકે ફરિયાદ નોંધાવતા યુનિવર્સીટી પોલીસે ત્રણેય શખ્સોં વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# રોહીદાસપરામાં જુગાર રમતા પાંચ પત્તા પ્રેમી ઝડપાયા

**અબતક રાજકોટ**

શહેરના બી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં આવેલા રોહીદાસપરામા આવેલી કરિયાણાની દુકાન નજીક જાહેરમાં જુગાર રમતા પાંચ પત્તા પ્રેમીને પોલીસે ઝડપી લઈ, રૂ.૨૬ હજારની રોકડ કબ્જે કરી છે.બનાવની પ્રાપ્ત વિગત મુજબ રોહિતદાસપરા મેઈન રોડ પર આવેલી મોઈન બેનની કરિયાણાની દુકાનની નજીક જાહેરમાં જુગાર રમતો હોવાની બાતમી બી ડિવિઝન પોલીસને મળી હતી. બાતમી પરથી જુગારનો દરોડો પાડી , જુગાર રમતો ગફાર મુસાભાઈ બાવનકા, બડેમિયા રજાકમિયા કાદરી, સિકંદર ઉર્ફે સીકો કરીમભાઈ ભાડુલા, મનીષ નટવરલાલ ચુડાસમા અને અલ્તાફ જુમ્માભાઈ ખુભિયા નામના પતા પ્રેમીઓને ઝડપી લઈ, જુગારના પટમાંથી રૂ.૨૬ હજારની રોકડ કબ્જે કરી છે.

# દેવપરામાં શરાબની ૧૨ બોટલ સાથે બે ઝડપાયા

**અબતક ,રાજકોટ**

શહેરના કોઠારીયા મેન રોડ નજીક દેવપરા મેઈન રોડ પર શ્રદ્ધા ચોક કાવેરીના પટ નજીક ભક્તિનગર પોલીસ મથક ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન જંગલેશ્વરમાં એકતા કોલોનમાં રહેતો જાવેદ હનીફભાઈ બલોચ અને જંગલેશ્વર હુસેની ચોકમાં રહેતો ખાલીદ મુન્નાભાઈ દિવાન નામના શખ્સોને એકટીવામાં વિદેશી દારૂની ૧૨ બોટલ સાથે ભક્તિનગર પોલીસે ઝડપી લીધા છે.

# ચીલ ઝડપ અને વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલી આરોપીને દબોચી લીધો

## હ્યુમન રિસોર્સ અને ટેકનોલોજીનો ઉપયોગ ગુનેગારોને પડે છે ભારે

**અબતક, રાજકોટ**

શહેરમા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મિલકત સંબંધી ગુના અટકાવવા અને જુના ગુના ડિટેક્ટ કરવ ગુનાખોરી કરી નાસતા ફરતા શખ્સોને ઝડપી લેવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ આપેલી સૂચનાને પગલે થોરાળા પોલીસ સ્ટેશન સ્ટાફે હ્યુમન સોસીસ ના માધ્યમથી પ્રભાસ પાટણ ના ચીલ ઝડપ અને થોરાળા મોટરસાયકલ ચોરી નો ભેદ ઉકેલી યુવક ને મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો..

થોરાળા પીઆઈ એનજી વાઘેલા ના માર્ગદર્શન હેઠળ પી.આઈ એનજી વાઘેલા પીએસઆઈ એમ.એસ મહેશ્વરી, તથા સ્ટાફ ના પેટ્રોલિંગ દરમિયાન એએસઆઈ રાજેશભાઈ મેર, જયદીપસિંહ જાડેજા ને મળેલી બાતમીના આધારે ચુનારવાળા શેરી નંબર એક આજી નદીના કાંઠે થી લખનભાઈ બચુભાઈ માલાણી ૩૨ ચુનારા વાળ ને મોટરસાયકલ સાથે ઝડપી તપાસ કરતા મોટરસાયકલ થોરાળા થી ચોરાયેલ જી જે ૩૬પીજ૩૭૨ હોવાનું ડિટેક્ટ થયું હતું અને અંગ ધરતીમાં તેની પાસેથી પ્રભાસ પાટણમાંથી ચીલ ઝડપ થયેલ ૨૧ વજનનો ૮૫૦૦૦ સોનાનો ચેન મળી આવ્યો હતો તેની પાસેથી હકીકત થોરાળા પોલીસ સ્ટેશનની વાહન ચોરી અને પ્રભાસ પાટણના ચીલઝડપ ગુનો ડિટેક્ટ કર્યો હતો પકડાયેલ લખન બચુભાઈ મલાણી સામે અલગ અલગ પોલીસ સ્ટેશનના ચોરી મારામારી લૂટ ધાક ધમકી સહિત અનેક ગુનાઓ મળી કુલ ૩૩જેટલા ગુનાઓ નોંધાયા છે આ કુખ્યાત શખ્સને ઝડપી લેવામાં થોરાળા પી.આઈ એનજી વાઘેલા, પીએસઆઈ એમ એસ મહેશ્વરી, અને ટીમના દેવશીભાઈ ખાંભલા, રાજેશભાઈ મેર, જયદીપસિંહ જાડેજા, હસમુખભાઈ નીનામા, પ્રકાશભાઈ ચાવડા, અને રાકેશભાઈ બાલાસરા એ કામગીરી કરી હતી

## ઓપરેશન સિંદૂર બાદ ઓપરેશન બ્લેક ફોરેસ્ટ

# નકસલવાદ અને આતંકવાદને દેશભરમાંથી તિલાંજલી આપવા સરકારે કમર કસી

## ટોચના કમાન્ડર સહિત ૩૧ માઓવાદીઓ ઠાર : છત્તિસગઢ, તેલંગણા, ઝારખંડ સહિતના રાજ્યોમાં સર્ચ ઓપરેશન

**અબતક, રાજકોટ**

સીઆરપીએફના ડીજી જીપી સિંહે એક નિવેદન આપતાં જણાવ્યું હતું કે, છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર કરેગટ્ટુલુ હિલ્સમાં ૨૧ દિવસનું સૌથી મોટું નક્સલ વિરોધી ઓપરેશન બ્લેક ફોરેસ્ટ શરૂ કરવામાં આવ્યું છે જેનો એકમાત્ર ઉદેશ્ય ડાબેરી ઉગ્રવાદના અંતની શરૂઆત છે.

ગૃહમંત્રી અમિત શાહ દ્વારા દેશમાંથી નક્સલવાદને નાબૂદ કરવા માટે ૩૧ માર્ચ, ૨૦૨૬ ની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે તે પહેલાં, સુરક્ષા દળોનું કાર્ય પૂર્ણ થયું છે. ઓપરેશન બ્લેકફોરેસ્ટ કે જેણે કેન્દ્ર અને રાજ્ય સુરક્ષા દળો વચ્ચે અનુકરણીય સંકલન દર્શાવ્યું છે. જેના પરિણામે ૩૧ માઓવાદીઓનો ખાત્મો કરવામાં આવ્યો છે. નકસલીઓના મજબૂત જૂથોને અલગ, વિખેરાયેલા એકમોમાં વિભાજીત કરવામાં આવ્યા હતા. તે આગામી દિવસો અને મહિનાઓમાં વધુ ગુપ્ત માહિતી આધારિત કાર્યવાહી માટે એક નમૂના તરીકે કામ કરશે તેમ સૂત્રો જણાવી રહ્યા છે. આગળની કામગીરી કદાચ નાના પાયે હશે કારણ કે માઓવાદીઓ હવે નાના જૂથોમાં છુપાયેલા છે, જે ઈન્દ્રાવતી રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તાર, પશ્ચિમ બસ્તર, દક્ષિણ બસ્તર, તેલંગાણા અને



કેટલાક અન્ય રાજ્યોના નાના ભાગમાં ફેલાયેલા છે.

હાલમાં છત્તીસગઢ, ઓડિશા, ઝારખંડ, બિહાર અને મહારાષ્ટ્રમાં માઓવાદી સેટઅપના અવશેષોનો નાશ કરવા માટે બહુ-મોરચાના આક્રમણના ભાગ રૂપે નકસલ વિરોધી કામગીરી ચાલી રહી છે. સીપીઆઈ (માઓવાદી) દ્વારા યુદ્ધવિરામ અને વાતચીત માટે અપીલો કરવામાં આવી છે, જે તેમની હતાશા દર્શાવે છે તેમ છત્તીસગઢ પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

જોકે, કેન્દ્ર સરકારના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ટોચના સીપીઆઈ (માઓવાદી) નેતૃત્વ હજુ પણ છુપાયેલા છે ત્યારે કામગીરી બંધ કરવી એ એક વિકલ્પ હોઈ શકે નહીં. આ વર્ષે શરણાગતિ પહેલાથી જ ટોચ પર પહોંચી ગઈ છે, ૨૦૨૪ દરમિયાન ૯૨૮ ની સરખામણીમાં પહેલા ચાર મહિનામાં ૭૧૮ માઓવાદીઓએ શરણાગતિ સ્વીકારી છે. જેમ જેમ વધુ નક્સલ વિરોધી કામગીરી સાથે દબાણ વધશે, તેમ તેમ વધુ શરણાગતિ થશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ઓપરેશન બ્લેકફોરેસ્ટમાં માર્યા ગયેલા માઓવાદીઓના ફક્ત ૩૧ મૃતદેહ મળી આવ્યા હોવા છતાં દળોનો પોતાનો અંદાજ ૪૦-૪૫ મૃત્યુ તરફ ઈશારો કરે છે. ઓછામાં ઓછા બે મૃતકો જેમના મૃતદેહ મળી શક્યા નથી, તેઓ ખૂબ જ ટોચના માઓવાદી કાર્યકરો હતા.

# જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાદળોને મળી મોટી સફળતા

## શોપિયામાંથી હથિયારો સાથે ૨ આતંકી ઝડપાયા

જમ્મુ-કાશ્મીરના શોપિયા જિલ્લામાં સુરક્ષાદળોને આતંકવાદ સામે લડતમાં મોટી સફળતા મળી છે. ડી.કે. પોરા વિસ્તારમાં ભારતીય સેના, શોપિયા પોલીસ અને સીઆરપીએફ દ્વારા સંયુકત ઓપરેશનમાં ૨ આતંકવાદીઓને ધરપકડ કરવામાં આવ્યા છે. તેમની પાસેથી ૨ પિસ્તોલ, ૪ ગ્રેનેડ, ૪૩ જીવતા કારતૂસ અને વાંધાજનક સામગ્રી મળી આવી છે. જમ્મુ-કાશ્મીરના શોપિયા જિલ્લામાં



સુરક્ષાદળોએ આતંકવાદ સામેની લડાઈમાં એક મહત્વપૂર્ણ સફળતા હાંસલ કરી છે. શોપિયાના ડી.કે. પોરા વિસ્તારમાંથી સુરક્ષાદળોએ ૨ આતંકવાદીઓની ધરપકડ કરી છે, જેમની પાસેથી મોટા પ્રમાણમાં હથિયારો અને ગુનાહિત સામગ્રી જપ્ત કરવામાં આવી છે. આ સંયુકત કાર્યવાહી ભારતીય સેના, શોપિયા પોલીસ અને કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

# ભારતમાં ત્રણ મોટા હુમલામાં સામેલ તોયબાનો આતંકી સૈફુલ્લાહ પાક.માં ઠાર

ભારતમાં ત્રણ મોટા હુમલા માટે જવાબદાર લશ્કર-એ-તોયબાનો ટોચનો આતંકી સૈફુલ્લાહ ખાલિદ પાકિસ્તાનમાં માર્યો ગયો છે. પાક.ના સિંધ પ્રાંતમાં તેની અજાણ્યા શખ્સો દ્વારા હત્યા કરી દેવામાં આવી હોવાનું સામે આવ્યું છે. સૈફુલ્લાહ ખાલિદ ભારતમાં મોટા હુમલામાં સામેલ હતો, જેમાં ૨૦૦૧માં રામપુરમાં સીઆરપીએફ કેમ્પ પર હુમલો, બેંગલોરમાં ૨૦૦૫માં ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ પર હુમલો અને નાગપુરમાં આરએસએસના કાર્યાલય પર ૨૦૦૬માં થયેલા હુમલાઓનો સમાવેશ થાય છે. એક મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો



છે કે સૈફુલ્લાહ ખાલિદ પોતાનું નામ બદલીને વિનોદ કુમાર જેવા નકલી નામ સાથે નેપાળમાં રહેતો હતો. તે નેપાળમાં આ નામ સાથે વર્ષો સુધી રહ્યો હતો. આ નામથી તેણે નેપાળમાં પોતાનું બનાવટી સ્થાનિક ઓળખ કાર્ડ પણ બનાવડાવ્યું હતું. એટલુ જ નહીં તેણે એક સ્થાનિક મહિલા નગમા બાનો સાથે નિકાહ પણ કર્યા હતા. એવા દાવા થઈ રહ્યા છે કે તે નેપાળથી તોયબા માટે આતંકી પ્રવૃત્તિ કરતો હતો. જેમાં આતંકીઓની ભરતી કરવાથી લઈને હથિયારો અને ફંડ વગેરેમાં મદદ કરવાનો સમાવેશ થાય છે. જોકે તે લોકો વચ્ચે એક આમ નાગરિકની જેમ જ રહેતો હતો.

# અગ્નિકાંડના પીડિતોને ન્યાય અપાવવા કોંગ્રેસ ફરી મેદાનમાં:કાલથી એક સપ્તાહ આંદોલાત્મક કાર્યક્રમો

## આવતીકાલે સવારે ધરણા બાદ મ્યુનિસિપલ કમિશનરનો ઘેરાવ કરાશે: રાજાણી સાગઠીયા

**અબતક, રાજકોટ**

ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડની બનેલી ઘટનાને આગામી ૨૫મેએ ના એક વર્ષ થયું છે અને ન્યાય મળેલ નથી. જે સંદર્ભે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આવતીકાલથી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા છે.તેમ

શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી અને મહાપાલિકા વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયાએ જણાવ્યું છે. કાલે મંગળવારે સવારે ૧૦:૩૦ વાગ્યે ત્રિકોણબાગ ભેગા થઈને કોર્પોરેશન ચાલીને જઈને ત્યાં ધરણાં અને મ્યુનિસિપલ કમિશ્નરને ઘેરાવ અને બપોર પછી પ્રભારીઓ એ પોતાના વિસ્તાર માં પત્રિકા વિતરણ નો કાર્યક્રમ, બુધવારે સવારે પોલીસ કમિશ્નર ને રજુઆત અને બપોર પછી પ્રભારીઓ ‘‘ન્યાય સંકલ્પ રથ‘‘ રવાના કરાવવાના અને તેના ફોટાઓ પોતાના વિસ્તાર માં ફેરવતા ફોટાઓ લેવાશે,ગુરુવારે સવારે ૧૧:૦૦ વાગ્યે વોર્ડ ના પ્રભારીઓએ પોતાના વિસ્તારો માં રીક્ષાઓ માં સ્ટીકર લગાવવાના અને એ દિવસે સાંજ ના અખબારો રથ ના અને પત્રિકા વિતરણ ના કાર્યક્રમો,શુક્રવારે રીક્ષા ના સ્ટીકર ના ફોટા - રથ ના ફોટા અને પત્રિકા વિતરણ સહિતના કાર્યક્રમ, શનિવારે સવારે પ્રેસ કોન્ફરન્સ પક્ષ દ્વારા કરેલ દરેક લેવલ એ જે રજૂઆત એનું પરિણામ શું આવ્યુ એના માટે , રવિવારે સાંજે દરેક પ્રભારીઓ એ નોંધાવેલા સભ્યો ની સંખ્યા સાથે સાંજે ૭:૩૦ વાગ્યે જિલ્લા પંચાયત ચોક માં કેન્ડલ માર્ચમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ આપશે.

# આરટીઈના બીજા રાઉન્ડ માટે શાળા પુન: પસંદગીની કાર્યવાહી પૂર્ણ

## જે વાલીઓએ શાળાની પુન: પસંદગી નહીં કરી હોય તેમની અગાઉની પસંદગીને માન્ય રાખીને બીજા રાઉન્ડમાં પ્રવેશની ફાળવણી કરવામાં આવશે

**અબતક, રાજકોટ**

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટેના પ્રથમ રાઉન્ડની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ખાલી પડેલી ૧૩૩૯૯ બેઠકો માટે બીજા રાઉન્ડની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં શનિવારે રાતે બીજા રાઉન્ડ માટે શાળાની પુન: પસંદગીની કાર્યવાહી પૂર્ણ થઈ છે. જે વાલીઓએ શાળાની પુન: પસંદગી નહીં કરી હોય તેમની અગાઉની પસંદગીને માન્ય રાખીને બીજા રાઉન્ડમાં પ્રવેશની ફાળવણી કરવામાં આવશે. આમ, હવે બીજા રાઉન્ડની કાર્યવાહી માટે આગામી દિવસોમાં પ્રવેશની ફાળવણી કરાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. આરટીઈ એક્ટ અંતર્ગત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા પ્રમાણે ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રવેશ આપવા માટે ચાલુ વર્ષ. આરટીઈ પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ ૨૮ એપ્રિલના રોજ જાહેર કરવામાં આવ્યો હતો. આરટીઈની સમગ્ર રાજ્યમાં આ વર્ષે ૯૩૮૬૦ બેઠકો હોવાથી તેમના પર પ્રવેશની ફાળવણી કરવામાં આવનાર હતી. જેમાં પ્રથમ રાઉન્ડમાં ૮૬૨૭૪ બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. આમ, પ્રથમ રાઉન્ડની ફાળવણી વખતે જ આરટીઈની ૭૫૮૬ બેઠકો ખાલી રહેવા પામી હતી. ત્યારબાદ પ્રવેશ ફાળવાયેલા ૮૬૨૭૪ વિદ્યાર્થીઓ પૈકી ૮૦૪૬૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. આમ, પ્રથમ રાઉન્ડના અંતે આરટીઈની કુલ ૧૩૩૯૯ બેઠકો ખાલી પડી હતી. ખાલી પડેલી બેઠકો માટે શિક્ષણ વિભાગ દ્વારા બીજા રાઉન્ડની જાહેરાત કરવામાં આવી હતી. બીજા રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓની અરજીઓ માન્ય થયેલી હોય અને આરટીઈ પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળેલો નથી માત્ર તેવા જ વિદ્યાર્થીઓને આરટીઈની ખાલી જગ્યા ધરાવતી ખાનગી પ્રાથમિક શાળાઓની પુનઃ પસંદગી કરવા તક આપવામાં આવી હતી. આ વિદ્યાર્થીઓને શાળા પુનઃ પસંદગી માટે શનિવાર રાત સુધીનો સમય અપાયો હતો. આમ, શનિવારના રોજ શાળા પસંદગીની મુદ્દત પૂર્ણ થતા હવે વાલીઓ શાળા પુનઃ પસંદગી કરી શકશે નહીં.

# નૈતિકતાના ધોરણે બચુભાઈ ખાબડનું મંત્રી પદેથી રાજીનામુ માંગતી કોંગ્રેસ

## દાહોદના માત્ર બે તાલુકામાં જ ૭૧ કરોડના ભ્રષ્ટાચાર

**અબતક, રાજકોટ**

દાહોદ જીલ્લાના બે તાલુકામાં ૭૧ કરોડના ભ્રષ્ટાચાર - કૌભાંડમાં ભાજપા સરકારના મંત્રી પુત્રોની સંડોવણી બાદ થયેલ ધરપકડ અંગે ભાજપા સરકારના મંત્રી બચુભાઈ ખાબડના રાજીનામાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, મનરેગા યોજના ગરીબ - શ્રમિક વર્ગને ૧૦૦ દિવસના રોજગારની ગેરંટી કાયદા હેઠળ રોજગાર આપવાને બદલે ભાજપના નેતાઓ અને એમના મળતિયાઓએ ખિસ્સા અને તિજોરી ભરવાનું કામ કર્યું છે. જાન્યુઆરી મહિનામાં ફરિયાદ પુરાવાઓ સાથે ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિતભાઈ ચાવડા અને કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોએ સરકારને આપી હતી મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરી હતી કે દાહોદ જીલ્લામાં મનરેગા યોજનામાં ભ્રષ્ટાચારની વ્યાપક ફરિયાદો મળી છે. એમાં રાજ્ય સરકારના મંત્રી અને એમના પરીવારના લોકોની એજન્સીઓ દ્વારા ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે. અનેક ગામો એવા છે જ્યાં માટી-મેટલ રસ્તા, આર.સી.સી. રોડ, કુવાના કામ હોય, ચેકડેમના કામ, વોટરશેડ અને મનરેગાના અનેક કામો છે જ્યાં સ્થળ પર એકપણ કામ કરવામાં આવ્યું નથી. એની સામે બારોબાર લાખો રૂપિયા ઉપાડી ચુકવવામાં આવ્યા છે. દાહોદ મનરેગા ભ્રષ્ટાચારમાં ભાજપાના મંત્રી પુત્રો અને મળતિયાઓએ આદિવાસી સમાજના હજારો પરિવારના રોજગારના અધિકારના હક્કના નાણા ચાંઉ કરી ગયાની હકીકતો સામે આવી રહી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પક્ષના પ્રમુખ શકિતસિંહ ગોહિલની સુચનાથી કોંગ્રેસ પક્ષના પ્રતિનિધિ મંડળે દાહોદના દેવગઢ - ધાનપુર તાલુકાના ગામોમાં રૂબરૂ જઈને મનરેગામાં થયેલા કામો, ભ્રષ્ટાચાર અને ગેરરીતીની વિગતો મેળવી હતી. ત્યાર બાદ જીલ્લા કક્ષાએ તપાસની શરૂઆત થઈ, જીલ્લાના ડી.ડી.ઓ., ડી.આર.ડી.એ.ના ડાયરેક્ટર, ટી.ડી.ઓ.એ તપાસ કરી જેમાં ૩૫ જેટલી એજન્સીઓ દ્વારા ૭૧ કરોડનું કૌભાંડ થયું હોય એવી એફ.આઈ.આર. નોંધવામાં આવી છે.

લોકો પ્રોપરાઈટર છે, એજન્સીના ભાગીદાર હોવાની હકીકતો બહાર આવી છે. આ એફ.આઈ.આર.માં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે અનેક કામો એવા છે જે સ્થળ પર થયા જ નથી અને લાખો રૂપિયા બારોબાર ચુકવવામાં આવ્યા છે. આ કોઈ એક દિવસનું કૌભાંડ તો છે નહિ, છેલ્લા કેટલાય વર્ષોથી કૌભાંડ ચાલે છે. તપાસ તો ફક્ત દેવગઢ અને ધાનપુર તાલુકાની જ છે, થોડા જ ગામોની તપાસ થઈ છે અને ૭૧ કરોડનું કૌભાંડ હોવાનું બહાર આવ્યું છે. જો આખા દાહોદ જીલ્લાની તપાસ કરવામાં આવે તો ૨૦૦ કરોડ આસપાસના ભ્રષ્ટાચારની હકીકતો બહાર આવશે. અને ખાલી એક સરકારના મંત્રીની સંડોવણી નહિ પણ ભાજપના અનેક નેતાઓની સંડોવણી બહાર આવશે. ભ્રષ્ટાચારીઓ પર પગલા લઈએ છીએ એવા મુખ્યમંત્રી દાવા કરે, વાહવાહી મેળવે પણ જયારે પોતાના જ મંત્રીમંડળના એક મંત્રીના પુત્રોની કંપની દ્વારા મનરેગામાં કરોડો રૂપિયાનું કૌભાંડ થયું હોય, એફ.આઈ.આર. થતી હોય ત્યારે દાહોદ મનરેગા ભ્રષ્ટાચારની તટસ્થ તપાસ માટે નૈતિકતાના ધોરણે મંત્રી બચુભાઈ ખાબડ રાજીનામું આપે તેવી કોંગ્રેસ પક્ષની માંગ છે.

## ધીરગુરૂદેવની નિશ્રામાં

# મહાવીર હોલમાં સંથારા આરાધક ગુરૂમા પૂ. નર્મદાબાઈ મહાસતીજીની છઠ્ઠી પૂણ્યતિથિ સ્મૃતિવંદન

**અબતક, રાજકોટ**

ગોંડલ સંપ્રદાયના ધીરગુરૂદેવના આજ્ઞાનુવર્તી પારસમૈયા, રંભાબાઈ મ.સ.ના સુશિષ્યા નર્મદાબાઈ મ.સ.એ ૨૭ વર્ષની વયે કાલાવડમાં કેશવલાલજી મ.સા.ના હસ્તે દીક્ષા મંત્ર અને રતિલાલજી મ.સા.ના હસ્તે રજોહરણ ગ્રહણ કરી દીક્ષા અંગીકાર કરેલ. ત્યારબાદ ૯ વર્ષે તેઓના સુપુત્રી વનિતાબાઈ મ.સ.એ દીક્ષા અંગીકાર કરેલ.

સૌરાષ્ટ્ર-ગુજરાત, મુંબઈમાં વિચરણ કરનારા ગુરૂમા નર્મદાબાઈ મ.સ. ઉતરાર્ધ અવસ્થામાં ઈન્દ્રપ્રસ્થનગર જૈન સંઘ મહેતા ઉપાશ્રયે સ્થિરવાસ બિરાજમાન હતા. છેલ્લે આઠ દિવસનો સંથારો અંગીકાર કરેલ.



આવા વિરલ અને વિરતિનો વૈભવ ધરાવનાર પૂ. મહાસતીજીની છઠ્ઠી પૂણ્યતિથિ તા.૨૩ને શુક્રવારે સવારે ૯ થી ૧૧ કલાકે ધીરગુરૂદેવ તથા મહાસતીજી વૃંદની, નિશ્રામાં મહાવીર ભવન હોલ (જૈન બોર્ડિંગ) ખાતે સમૂહ સામાયિક સહિત ઉજવાશે. સમસ્ત ધર્મપ્રેમીઓને સમયસર પોતાનું સ્થાન ગ્રહણ કરવા અનુરોધ છે. ભાગ્યવિજેતા ડ્રોના પાસ ૯.૧૫ કલાક સુધી આપવામાં આવશે. અનુમોદનાનો લાભ કુંદનબેન નવીનચંદ્ર દોશી ડીડબલ્યુડી ફર્મા મુંબઈ વાળાએ લીધેલ છે.

# રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે ગુરૂવારથી કાર્યવાહી

**અબતક, રાજકોટ**

રાજ્યની ચાર કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટેની કાર્યવાહી ૨૨ મેથી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ચાર યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ ૨૦ જૂન સુધી ઓનલાઈન અરજી કરવાની રહેશે. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પાસ થયેલા હોય અને ગુજકેટ આપેલી હોય તેવા વિદ્યાર્થીઓ આ પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરી શકશે. ફોર્મ ભર્યા બાદ ચોઈસ ફિલીંગ કરવાનું રહેશે. ચોઈસ ફિલીંગ કર્યું નહીં હોય તેવા વિદ્યાર્થીઓનો મેરિટમાં સમાવેશ કરવામાં આવશે નહીં. ગુજરાત રાજ્યની નવસારી, આણંદ, જૂનાગઢ તથા સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પાસ થયેલા તેમજ ગુજકેટ આપેલી હોય તેવા ઉમેદવારો માટે કૃષિ સંલગ્ન સ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. જેમાં પ્રવેશ પાત્રતા ધરાવતા ઉમેદવારો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન ફોર્મ ભરવા માટેની કાર્યવાહી ૨૨ મેથી શરૂ થશે અને ૨૦ જૂન સુધી ફોર્મ ભરી શકાશે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓએ પ્રોગ્રામ કેટેગરી પ્રમાણે અલગ અલગ અરજી ફી રૂ. ૩૦૦ ઓનલાઈન ભર્યા બાદ ફોર્મ ભરી શકાશે. ચોઈસ ફિલીંગ કરી નહીં હોય તેમનું નામ મેરિટમાં સમાવાશે નહીં.

## કાશ્મીર ભારતનું અવિભાજ્ય અંગ છે

# કોલકત્તાના ૧૦૦ ટ્રાવેલ્સ સંચાલકોએ ચલો કાશ્મીર ઝુંબેશ ચલાવી!!!

## પ્રવાસીઓનો વિશ્વવાસ પુનઃસ્થાપિત કરી સલામતી અને પર્યટનને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે ઝુંબેશ ચલાવાઈ

**અબતક, રાજકોટ**

કાશ્મીર એ ભારતનું અવિભાજ્ય અંગ છે. ત્યારે તેને આપણાથી દૂર કરવા માટે અવારનવાર તેની સલામતી સાથે છેડા કરવામાં આવતા હોય છે. ત્યારે, તાજેતરમાં જ પહેલગામમાં થયેલા હુમલાના પગલે તેના પર્યટન પર ખૂબ જ પ્રભાવ પડ્યો છે તેથી કોલકાતાના લગભગ ૧૦૦ ટ્રાવેલ એજન્સીઓ અને અનેક સંલગ્ન ભાગીદારો કાશ્મીરમાં પર્યટનને પુનર્જીવિત કરવાના ઉદ્દેશ્ય સાથે એકજુટ થયા છે. આ સામૂહિક પ્રયાસને 'ચલો કાશ્મીર' પહેલ તરીકે ઓળખવામાં આવે છે, જેનો મુખ્ય હેતુ પ્રવાસીઓનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાનો, સુરક્ષા ચિંતાઓનો સામનો કરવાનો અને કાશ્મીરને સલામત તથા આવકારદાયક સ્થળ તરીકે પુનઃપ્રમોટ કરવાનો છે. ઉદ્યોગના નેતાઓ માને છે કે મજબૂત સ્થાનિક પ્રવાસી પ્રવાહને પ્રોત્સાહન આપવું એ માત્ર આર્થિક પુનર્પ્રાપ્તિ માટે જ નહીં, પરંતુ આતંકવાદ સામે એક શક્તિશાળી વલણ દર્શાવવા માટે પણ આવશ્યક છે.

આ પહેલ પહેલગામ ઘટના માટે એક મજબૂત પ્રતિભાવ તરીકે કાર્ય કરે છે, જેને ઘણા ઉદ્યોગ વિશ્લેષકોએ જમ્મુ અને કાશ્મીરના આતિથ્ય ક્ષેત્ર પર સીધી હડતાલ તરીકે જોઈ હતી. દુઃખદ હોવા છતાં, આ ઘટનાએ કોલકાતાના પ્રવાસન સમુદાયને નિર્ણાયક પગલાં લેવા પ્રેરિત કર્યા છે.



'ચલો કાશ્મીર' ચળવળ ફક્ત પ્રમોશનલ પ્રયાસ નથી, પરંતુ તે સ્થાનિક પ્રવાસીઓમાં આત્મવિશ્વાસ મજબૂત કરવા અને એ સંદેશ મોકલવા માટે એક વ્યૂહાત્મક વલણ છે કે પ્રતિકૂળતાઓ છતાં ખીણમાં પર્યટન સ્થિતિસ્થાપક છે. ઉદ્યોગના આંતરિક લોકો દ્રઢપણે માને છે કે વધુ મુલાકાતીઓને કાશ્મીરનો અનુભવ કરવા પ્રોત્સાહિત કરવા એ આતંકવાદ દ્વારા ઊભા થયેલા જોખમોનો સામનો કરવાની સૌથી અસરકારક રીતોમાંની એક છે. કોલકાતા અને તેની સંલગ્ન એજન્સીઓના આ અભૂતપૂર્વ ગઠબંધનમાં લગભગ સો ટ્રાવેલ કંપનીઓ શામેલ છે, જેઓ દર વર્ષે આશરે ચાર લાખ સ્થાનિક પ્રવાસીઓનો મોટો પોર્ટફોલિયો સંભાળે છે, જેમાંથી લગભગ ચાલીસ હજાર જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લે છે. આ વ્યાપક નેટવર્કના સમર્થન સાથે, 'ચલો કાશ્મીર' પહેલ નોંધપાત્ર ગતિ મેળવી રહી છે, જે સમગ્ર ભારતમાં સંભવિત પ્રવાસીઓ સુધી પહોંચ અને જોડાણમાં વધારો કરવાનું વચન આપે છે. આગામી અઠવાડિયામાં વધુ ટ્રાવેલ જૂથો આ ઝુંબેશમાં જોડાવાની અપેક્ષા છે, જે સમર્થનના નેટવર્કને વધુ વિસ્તૃત કરશે અને કાશ્મીરને મુખ્ય પ્રવાસ સ્થળ તરીકે પુનઃસ્થાપિત કરવાના સામાન્ય ધ્યેયને મજબૂત કરશે.આ ટ્રાવેલ એજન્સીઓ સામૂહિક રીતે વાર્ષિક આશરે ૪ લાખ સ્થાનિક પ્રવાસીઓનું સંચાલન કરે છે, જેમાંથી ૪૦,૦૦૦ જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લે છે. વધુ જૂથો આ પહેલને ટેકો આપે તેવી અપેક્ષા છે. પ્રવાસન ઉદ્યોગના નિષ્ણાતો ભારપૂર્વક જણાવે છે કે પ્રવાસીઓનો વિશ્વાસ પુનર્જીવિત કરવો એ માત્ર આર્થિક સુધારણા માટે જ નહીં, પરંતુ આતંકવાદ સામેની લડાઈમાં પણ એક મહત્વપૂર્ણ શસ્ત્ર છે. ખીણનું આતિથ્ય ક્ષેત્ર હજારો લોકોની આજીવિકાનો આધારસ્તંભ રહ્યું છે. પ્રવાસીઓને લક્ષ્ય બનાવતી હિંસા ભય પેદા કરવાનો અને અર્થતંત્રને નુકસાન પહોંચાડવાનો હેતુ ધરાવે છે. જોકે, મુલાકાતીઓના મજબૂત પ્રવાહને પ્રોત્સાહન આપીને, 'ચલો કાશ્મીર' ઝુંબેશ આવી યુક્તિઓને નબળી પાડવાનો પ્રયાસ કરે છે, જે દર્શાવે છે કે સમુદાય અને ઉદ્યોગ હિસ્સેદારો ધાકધમકી સામે ઝૂકશે નહીં. પ્રવાસન દ્રશ્યતામાં વધારો ભવિષ્યના હુમલાઓ સામે અવરોધક તરીકે પણ કાર્ય કરી શકે છે.

## જસદણના યુવાને એસિડ પી લેતાં મોત

**અબતક રાજકોટ**

જસદણ શહેરના આદમજી રોડ નદી કાંઠે શ્રમજીવી યુવાને અગમ કારણ સબ એસીડ પી લેતા સારવાર દરમિયાન સિવિલમાં તેનું મોત નીપજ્યું હતું. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર જસદણના આદમજી રોડ નદી કાંઠે રહેતા સુરેશભાઈ વિભાભાઈ માણકોલીયા ૨૫, એ ગઈકાલેસવારે ૯ વાગેપોતાના ઘરે એસીડ પી જતા પ્રથમ જસદણ હોસ્પિટલ માં સારવાર માટે લઈ જવાયો હતો ત્યાંથી રાજકોટ રીફર કરવામાં આવતા સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન સાંજે સવા સાત વાગે સુરેશ માંણકોલીયા એ આખો મીચી લીધી હતી, યુવાન પુત્રના આ પગલાથી પરિવાર પર આપ તૂટી પડ્યું હતું જસદણ પોલીસે તપાસ હાથ ધરી છે

# ગુર્જર પ્રજાપતિ જ્ઞાતિની રવિવારે બેઠક આગામી કાર્યક્રમોની ચર્ચા કરાશે

**અબતક,રાજકોટ**

રાજકોટ ગુર્જર પ્રજાપતિ જ્ઞાતિની જનરલ મીટીંગ/સામાન્ય સભા તા.૨૫/૫/૨૦૨૫ રવિવારે સાંજે ૫ કલાકે રાજકોટ ગુર્જર પ્રજાપતિ જ્ઞાતિની વાડી નંબર-૨, મેહુલ પ્રિન્ટ સામે, સંતકબીર રોડ પાસે, રાજકોટ ખાતે યોજવામાં આવેલ છે. જેમાં આગામી દિવસોમાં રાજકોટ ખાતે સમસ્ત ગુર્જર પ્રજાપતિ જ્ઞાતિનાં પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહના શુભ આયોજન કરવાં બાબતે ચર્ચા વિચારણાઓ તેમજ તાજેતરમાં નીમાયેલા વડોદરા જીલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ રસિકલાલ ત્રિભોવનભાઈ નડીયાદીનું જ્ઞાતિ દ્વારા સન્માન કરવામાં આવનાર છે. જેમાં સર્વે જ્ઞાતિજનોને જનરલ સભામાં બહોળી સંખ્યામાં અવશ્ય પધારવા ટ્રસ્ટ પ્રમુખ ઈશ્વરભાઈ ઘાટલીયા તેમજ કારોબારી પ્રમુખ મનસુખભાઈ તલસાણીયા દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

# એઈમ્સની આરોગ્ય સેવાઓ વધુ સુલભ બની અત્યાધુનિક ઓપરેશન થિયેટરનું ઉદ્દઘાટન

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર અને રાજકોટ માટે ગૌરવ એવા એઈમ્સ હોસ્પિટલ ખાતે આરોગ્ય સંભાળ સેવાઓ માળખાને પ્રગતિ સાથે વધુ મજબૂત બનાવવા એઈમ્સ રાજકોટ ના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર પ્રો.ડો. ગોવર્ધન દત્ત પુરીના હસ્તે અત્યંત આધુનિક ઓપરેશન થિયેટર નું ઉદઘાટન કરવામાં આવ્યું હતુ, એઈમ્સ સંસ્થાની ઝડપી પ્રગતિ ગતિશીલ નેતૃત્વ પૂરું પાડવા અને રાજકોટ અને સૌરાષ્ટ્ર ગુજરાતના લોકોને ખુબ સારી સારવાર મળે તે માટે હંમેશા પ્રયત્નશીલ રહેતા એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પ્રો. ડો. ગોવર્ધન દત્ત પુરીના માર્ગદર્શન હેઠળ ઓપરેશન થિયેટર ની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ રાજકોટમાં પ્રથમ એઈમ્સનુંઉદઘાટન કર્યું હતું. આ હોસ્પિટલ ૨૦૧ એકરમાં ફેલાયેલી છે અને તેમાં આશરે ૭૫૦ બેડની સુવિધા હશે. હોસ્પિટલમાં આધુનિક ઓપરેશન થિયેટરો અને ડાયગ્નોસ્ટિક લેબ્સ હશે. તેમાં ફેકલ્ટી અને સ્ટાફ માટે રહેણાંક ક્વાર્ટર્સ પણ છે, રાજકોટ અને આસપાસના વિસ્તારોના લોકોને હવે જટિલ સારવાર માટે દૂરના શહેરોમાં જવાની જરૂર નહીં પડે. એમ્સમાં જ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થવાથી સ્થાનિક સ્તરે જ ઉચ્ચ ગુણવત્તાની આરોગ્ય સેવાઓ મળી રહેશે.વધુ ઓપરેશન થિયેટર ઉપલબ્ધ હોવાથી, હવે વધુ દર્દીઓના



ઓપરેશન ઓછા સમયમાં થઈ શકશે, જેના કારણે વેઈટિંગ લિસ્ટ ઘટશે અને દર્દીઓને ઝડપી રાહત મળશે.આધુનિક ટેકનોલોજી અને સાધનોથી સજ્જ ઓપરેશન થિયેટરના કારણે ઓપરેશન વધુ ચોકસાઈથી અને સલામતી સાથે થઈ શકશે, જેનાથી સારવારની ગુણવત્તામાં સુધારો થશે. આધુનિક સુવિધાઓના કારણે હવે વધુ જટિલ અને પડકારજનક ઓપરેશન પણ એમ્સ રાજકોટમાં સફળતાપૂર્વક કરી શકાશે. તેમજ આગામી સમયમાં વધુ ઓપરેશન થિયેટર બનાવવા માટે સજજ છીએ, આધુનિક ઓપરેશન થિયેટર તબીબી વિદ્યાર્થીઓ અને સંશોધકો માટે તાલીમ અને સંશોધન માટે પણ ઉપયોગી સાબિત થશે. આમ, આધુનિક ઓપરેશન થિયેટર શરૂ થવાથી સમગ્ર પ્રદેશની આરોગ્ય સંભાળ પ્રણાલીમાં સકારાત્મક પરિવર્તન આવશે અને લોકોને વધુ સારી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે.

નવું ઉદ્દઘાટન કરાયેલ ઓપરેશન થિયેટર દર્દી સંભાળ વધુ સેવાઓ માટે ખાસ કરીને રાજકોટ અને આસપાસના પ્રદેશોના લોકોને ફાયદો પહોંચાડે છે, વિવિધ સર્જિકલ વિભાગોની કાર્યક્ષમતા અને ક્ષમતામાં નોંધપાત્ર વધારો પણ કરશે સાથે આરોગ્યસંભાળ માં અમારા દર્દીઓને પૂરી પાડવામાં આવતી સર્જિકલ સંભાળની ગુણવત્તા અને સમય સાથે ઘણો વધારો કરશેસલામતી, ટેકનોલોજી સાથે એનેસ્થેસિયોલોજી (અનુ. આઠમા પાને)

## એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર પ્રો. ડો. ગોવર્ધનદત પૂરીના હસ્તે આરોગ્ય સંભાળ માળખા અને સર્જિકલ ક્ષમતાઓ વધારવા પાંચમાં અત્યંત આધુનિક ઓપરેશન થિયેટર શરૂ

સક્ષમ નારી, સશક્ત રાષ્ટ્ર

# દેશના વિકાસનો આધારસ્તંભ સશક્ત અને સક્ષમ મહિલાઓ: મંત્રી ભાનુબેન બાબરીયા

## મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને મહિલા સંમેલનમાં વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય તથા માતા યશોદા એવોર્ડ જેવી વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સન્માનિત કરાયા

**અબતક, રાજકોટ**

દેશના વિકાસનો આધારસ્તંભ સશક્ત અને સક્ષમ મહિલાઓ છે તેમ જણાવતાં મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાએ કહ્યું હતું કે, ગુજરાતે શરૂ કરેલી વિકાસયાત્રા નારી શક્તિના બળ થકી વધુ વેગવાન બનશે. સુપોષિત ગુજરાત બનાવવાની દિશામાં દરેક આંગણવાડી કાર્યકરની મહત્વની ભૂમિકા રહેલી છે. મંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી માટે દીકરીઓ, યુવતીઓ અને મહિલાઓનો પોષણ અને સર્વાંગી વિકાસ સર્વોપરી છે. તેમણે નારી શક્તિ થી રાષ્ટ્ર નિર્માણ ના દ્રઢ નિશ્ચયને સાર્થક કરવાની શરૂઆત ગુજરાતથી કરી હતી. તેમના આ દ્રઢ સંકલ્પને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા નારી ઉત્કર્ષ માટે લોકજાગૃતી લાવવાના હેતુથી ગાંધીનગર ખાતે મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે રૂ. ૪૮ લાખના ખર્ચે નિર્માણ પામનાર સખી વન સ્ટોપ સેન્ટર ખેડાનું ઈ લોકાર્પણ અને જીએસપીસી ના સીએસઆર ભંડોળ હેઠળ લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેક્નોલોજીના ઉપયોગ કરીને દાહોદ, કરાઈ અને ખટામ ખાતે બનાવેલા ત્રણ આંગણવાડીનું ઈ



લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહિલાઓના ઉત્સાહને જોઈને મને વધુ ઊર્જા મળી રહી છે તેમ જણાવતાં મંત્રી બાબરીયાએ જણાવ્યું હતું કે, તમારા સૌના સહિયારા પ્રયાસ થકી રાજ્યને સુપોષિત બનાવી શકાશે. મહિલા સંમેલનમાં સન્માનિત થનાર સૌ બહેનોને અભિનંદન પાઠવતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આંગણવાડીઓમાં નાના ભૂલકાઓને ગમ્મત સાથે જ્ઞાન તથા પોષણયુક્ત આહાર આપવામાં આવે છે. બાળકોના પાયાના શિક્ષણને મજબૂત બનાવવામાં મુખ્યસેવિકા, આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગર બહેનોનો સિંહ ફાળો રહેલો છે. તેમની આ શ્રેષ્ઠ કામગીરીને બિરદાવવા માટે તેમનો માતા યશોદા એવોર્ડથી પ્રોત્સાહિત કરવામાં આવે છે. મહિલાઓને રાજ્યના સર્વાંગી વિકાસમાં હિસ્સો મળી રહે તેવા ઉમદા હેતુથી ગુજરાત સરકાર દ્વારા મહિલાઓના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ શ્રેષ્ઠ સ્વૈચ્છિક સંસ્થા અને શ્રેષ્ઠ મહિલા કાર્યકરને ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર આપવામાં આવે છે તેમ તેમણે ઉમેર્યું હતું. મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ રાકેશ શંકરે પ્રાંસગિક ઉદ્બોદન કરતાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં આજે ૩.૫

(અનુ. આઠમા પાને)

# રાજકોટ ડિવિઝનના ૬ સ્ટેશનોનું ગુરૂવારે વડાપ્રધાનના હસ્તે વર્ચ્યુઅલ લોકાર્પણ

## ઓખા અને મીઠાપુર તેમજ જામનગર જિલ્લાના કાનાલૂસ, જામવણથલી અને હાપા અને મોરબી રેલવે સ્ટેશનોની કાયાપલટ

અમૃત ભારત રેલવે સ્ટેશન યોજના અંતર્ગત રાજકોટ રેલવે ડિવિઝન હેઠળના જામનગર જિલ્લાના હાપા- કાનાલૂસ અને જામવણથલી સહિતના કુલ છ રેલવે સ્ટેશનના પુનર્વિકાસ ની કામગીરી પૂર્ણ થઈ છે‘‘ ત્યારે આગામી ૨૨ મી તારીખે સવારે ૯.૩૦ વાગ્યે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વીડિયો કોનફરન્સના માધ્યમથી લોકાર્પણ નો કાર્યક્રમ યોજાયો છે.

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ રાજકોટ રેલવે ડિવિઝનના કુલ સત્તર રેલવે સ્ટેશનોનો પુનર્વિકાસ થઈ રહ્યો છે. જે પૈકી હાલમાં કુલ છ રેલવે સ્ટેશનોના પુનર્વિકાસની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે, જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા અને મીઠાપુર, તેમજ જામનગર જિલ્લાના કાનાલુસ, જામવણથલી અને હાપા, ઉપરાંત મોરબીનો સમાવેશ થાય છે.

આ તમામ રેલવે સ્ટેશનોનું વિડિયો કોન્ફરન્સના માધ્યમથી લોકાર્પણ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે આગામી તા ૨૨.૫.૨૦૨૫ ના રોજ સવારે ૯.૩૦ વાગ્યે કરવામાં આવશે.

જામનગર જિલ્લાના રેલવે સ્ટેશનોની વાત કરવામાં આવે તો જામનગર નજીકના હાપા રેલવે સ્ટેશન, કાનાલુસ રેલવે સ્ટેશન અને ખાસ કરીને જામવણથલી રેલવે સ્ટેશન ના પુનઃ વિકાસની કામગીરી રેલ્વે તંત્ર દ્વારા પૂર્ણ કરી લેવામાં આવી છે, જેના લોકાર્પણ થવા જઈ રહ્યા છે.

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વિકસાવવામાં આવી રહેલા ૧૩૦૦થી વધુ સ્ટેશનોમાં જે ૧૦૩ સ્ટેશન હમણાં જ બનીને તૈયાર થયા છે, આ સ્ટેશનો પર ભવ્ય પ્રવેશદ્વાર, આકર્ષક ફસાડ, હાઈ માસ્ટ લાઈટિંગ, આધુનિક પ્રતિક્ષાલય, ટિકિટ કાઉન્ટર, મોર્ડન ટોયલેટ અને દિવ્યાંગજનો માટે સુગમ રેમ્પ જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

પ્લેટફોર્મ પર શેલ્ટર, કોચ ઈન્ડિકેશન સિસ્ટમ અને માહિતી માટે ડિજિટલ ડિસ્પ્લે લગાવવામાં આવ્યા છે. તમામ સુવિધાઓને દિવ્યાંગજન અનુકૂળ બનાવવામાં આવી છે. દરેક સ્ટેશન પર ગુજરાતની લોકકલા, સંસ્કૃતિ અને પરંપરાઓની ઝલક પણ જોવા મળી રહી છે.












તે સુનિશ્ચિત કરે છે કે સ્ટેશન બધા માટે આવકારદાયક છે.

પોતાના પુનરુત્થાન દ્વારા જામવણથલી રેલ્વે સ્ટેશન હવે વિચારશીલ વિકાસના પ્રતીક તરીકે ઊભું છે, જે આધુનિક મુસાફરીના ભવિષ્યને અપનાવીને પોતાની પરંપરાગત જડોનું સન્માન કરે છે. સુધારેલી સુવિધાઓ, એક તાજી સ્થાપત્ય ઓળખ અને સમાવેશકતા પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે આ સ્ટેશન ગુજરાતના વિકસતા રેલવે પરિદ્રશ્યમાં પ્રગતિનું એક ગૌરવપૂર્ણ પ્રતીક બની ગયું છે.સ્ટેશનના પુનર્વિકાસનું એક મુખ્ય આકર્ષણ


સ્ટેશન બિલ્ડિંગની અંદર એક અદ્યતન વાતાનુકૂલિત પ્રતિક્ષાલયની જોગવાઈ છે, જે મુસાફરો માટે શાંત અને આરામદાયક જગ્યા પ્રદાન કરે છે. નવા પ્રવેશદ્વારના નિર્માણ સાથે સ્ટેશનના આગળના ભાગને સંપૂર્ણપણે પુનજીવિત કરવામાં આવ્યો છે. આ માળખું માત્ર સ્ટેશનના દ્રશ્ય આકર્ષણને વધારે છે એટલું જ નહીં, પરંતુ મુસાફરોને સરળતાથી ચઢાવવા અને ઉતારવા માટે છાંયડાવાળી અને સુવ્યવસ્થિત વાહન લેન પ્રદાન કરીને એક વ્યવહારુ હેતુ પણ પૂરો પાડે છે. સુવ્યવસ્થિત પાર્કિંગ, સમર્પિત લેન અને રાહદારી માર્ગો સાથે, સ્ટેશન હવે મુસાફરો માટે વાહનોના સરળ પ્રવાહ અને સલામત પહોંચની સુવિધા પૂરી પાડે છે. આ સુધારાઓના પૂરક તરીકે સમગ્ર પરિસરમાં નવા સાઈનેજ લગાવવામાં આવ્યા છે, જે

(અનુ. આઠમા પાને)



## અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત રાજકોટ ડિવિઝનના છ રેલવે સ્ટેશનનું આધુનિકરણ કરાયું : ડી. આર. એમ.

ભારતભરમાં અમૃત ભારત સેશન યોજના હાથ વધારવામાં આવી છે જેમાં લોકો માટે સુવિધાનો વધારો કરવા અને રેલવે સ્ટેશનને આધુનિક બનાવવા માટે આયોજન કરવામાં આવ્યું છે. હાલ ૧૦૩ રેલવે સ્ટેશનનું ૨૨ મે ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ના હસ્તે લોકાર્પણ કરવામાં આવનાર છે જેમાંથી છ રેલવે સ્ટેશન રાજકોટ ડિવિઝનમાં આવે છે જેમાં ઓખા, મીઠાપુર, હાપા, કાનાલુસ, જામવંથલી અને મોરબી સહિતના રેલ્વે સ્ટેશનનો સમાવેશ થાય છે. ત્યારે દરેક રેલવે સ્ટેશન માં જરૂરિયાતની તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. સાથે જ જે રેલવે સ્ટેશન પર હાઈટ વધારવાની હતી તે રેલવે સ્ટેશનની હાઈટ પણ વધારવામાં આવી છે સાથે મોર્ડન વેઈટિંગ હોલ તેમજ આવવા તથા જવા માટેનો રસ્તો અલગ કરવામાં આવ્યો છે જેથી મુસાફરોને તકલીફ ના પડે તેમજ રેલવે સ્ટેશન પર પાર્કિંગની સુવિધા પણ કરવામાં આવી છે.



# શુભમન ગિલ અને સાંઈ સુદર્શનની અતૂટ ઓપનિંગ ભાગીદારીએ "૨૦૦" રન ચેઝ કર્યા!!!



**અબતક, નવી દિલ્હી**

સાઈ સુદર્શન અને શુભમન ગિલ વચ્ચેની રેકોર્ડ ભાગીદારીની મદદથી ગુજરાત ટાઈટન્સે દિલ્હી કેપિટલ્સને ૧૦ વિકેટથી હરાવીને પ્લેઓફ માટે ક્વોલિફાય કર્યું હતું. આ સાથે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને પંજાબ કિંગ્સ પણ પ્લેઓફમાં પહોંચી ગયા છે. હવે ચોથા સ્થાન માટે લડાઈ ચાલુ છે. રવિવારે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં દિલ્હીએ કેએલ રાહુલની સદીના આધારે ૨૦ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને ૧૯૯ રન બનાવ્યા હતા. જવાબમાં ગુજરાત ટાઈટન્સે નિર્ધારિત ઓવરોમાં એક પણ વિકેટ ગુમાવ્યા વિના ૨૦૫ રન બનાવ્યા અને મેચ જીતી લીધી હતી. ૨૦૦ રનના લક્ષ્યનો પીછો કરતા ગુજરાતે સારી શરૂઆત કરી જેમાં સાઈ સુદર્શન અને શુભમન ગિલે અંત સુધી લય જાળવી રાખી હતી. બંને વચ્ચે ૨૦૫ રનની અણનમ ભાગીદારી થઈ હતી. આ કોઈપણ ઓપનિંગ જોડી દ્વારા ત્રીજી સૌથી મોટી ભાગીદારી છે. આ પહેલા ગિલ અને સુદર્શને આઈપીએલ ૨૦૨૪માં ૨૧૦ રનની ભાગીદારી કરી હતી. લક્ષ્યનો પીછો કરતી વખતે આ ગુજરાતનો બીજો સૌથી મોટો સફળ રન ચેઝ છે. આ મેચમાં સાઈ સુદર્શને ૬૧ બોલમાં ૧૦૮ રનની અણનમ ઈનિંગ રમી હતી જ્યારે શુભમન ગિલ ૯૩ રનની અણનમ ઈનિંગ બોલમાં પોતાના આઈપીએલ કારકિર્દીની બીજી સદી ફટકારી હતી. ગિલે સીઝનની તેની છઠ્ઠી અડધી સદી ફટકારી હતી. આ



રમવામાં સફળ રહ્યો હતો. સુદર્શને ૫૬ મેચમાં ગુજરાતના કેપ્ટને પોતાના શાનદાર પ્રદર્શનથી ટી-૨૦માં ૫૦૦૦ રન પૂરા કર્યા હતા. તેણે ૧૫૪ ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી. મેચમાં ટોસ હારીને પહેલા બેટિંગ કરવા આવેલી દિલ્હીની શરૂઆત ખરાબ રહી હતી. ફાફ ડુ પ્લેસિસે ફક્ત પાંચ રન બનાવ્યા. આ પછી ઓપનર કેએલ રાહુલ અભિષેક પોરેલ વચ્ચે બીજી વિકેટ માટે ૫૨ બોલમાં ૯૦ રનની ભાગીદારી થઈ હતી. પોરેલ સાઈ

(અનું.આઠમાં પાને)

## જીત સાથે ગુજરાતે પ્લેઓફ માટે ક્વોલિફાય સાથોસાથ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને પંજાબ કિંગ્સની પ્લેઓફ ટિકિટ પણ કન્ફર્મ થઈ, હવે ફક્ત ૧ સ્થાન બાકી છે અને તેના માટે ૩ ટીમો વચ્ચે જંગ

## "સ્પેશ્યલ" રાહુલ આઈપીએલ-૨૫નો પ્રથમ જમણેરી સેન્ચ્યુરીયન બન્યો!!!



સ્ટાર બેટ્સમેન કેએલ રાહુલ દિલ્હી કેપિટલ્સમાં આવતાની સાથે જ સંપૂર્ણપણે બદલાયેલો દેખાય છે. તે પહેલાની જેમ સતત રન બનાવી રહ્યો છે પરંતુ હવે તે ફરીથી પોતાની જૂની શૈલીમાં આક્રમક બેટિંગ કરી રહ્યો છે. આવી બેટિંગ માટે તેને પણ મોટો બદલો મળ્યો. રાહુલે ગુજરાત ટાઈટન્સ સામેની મેચમાં શાનદાર સદી ફટકારી હતી. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં સીઝનની ૬૦મી મેચમાં રાહુલે ૬૦ બોલમાં આ સદી ફટકારી હતી. આ સાથે રાહુલે ૩ વર્ષ પછી આઈપીએલમાં સદી ફટકારી છે. રાહુલે ૬૦મી બોલ પર ફોર ફટકારીને પોતાની આઈપીએલ કારકિર્દીની ૫મી સદી પૂરી કરી. રાહુલે અહીં પહોંચવા માટે ૧૨ ચોગ્ગા અને ૪ છગ્ગા ફટકાર્યા. રાહુલની સદીની સૌથી ખાસ વાત એ હતી કે તે આઈપીએલ ૨૦૨૫ માં સદી ફટકારનાર પ્રથમ જમણા હાથનો બેટ્સમેન બન્યો. અગાઉ, વર્તમાન સિઝનમાં ફટકારવામાં આવેલી ૪ સદી ડાબા હાથના બેટ્સમેનોએ ફટકારી હતી. રાહુલ પહેલા બેટિંગ કરી રહેલી દિલ્હી માટે ઓપનિંગ કરવા આવ્યો અને ધીમી શરૂઆત પછી ગતિ વધારી. આ બેટ્સમેને ૩૫ બોલમાં પોતાની અડધી સદી ફટકારી. આ પછી પણ તેનું બેટ અટક્યું નહીં અને રાહુલે ઈનિંગ્સની ૧૯મી ઓવરમાં પોતાની સદી પૂરી કરી.

---

એક પંચાયત આવી પણ

# સમર્પણની મિશાલ: વેરાવળ ગ્રામ પંચાયત દ્વારા નાગરિકોને સેવા કાજે રાત્રિ કાર્ય

## કારખાનાના શ્રમિકો, ખેડૂતો દિવસે કામ પૂર્ણ કરી રાત્રે આરામથી દાખલા કાઢવા સહિતની સેવા લે છે

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી તાલુકાના વેરાવળ ગામમાં રહેતા કારખાનાના શ્રમિક વિજયભાઈ વાઘેલાને આવકનો દાખવો કઢાવવો છે. દિવસે કારખાનાનું કામ હોય, જો બીજા કોઈ ગામમાં રહેતા હોત તો કપાત પગારે રજા પાડી, દાખલા માટે દિવસે દોડાદોડી કરવી પડી હોત. પરંતુ તેમને ખબર છે કે, વેરાવળ ગ્રામ પંચાયત નાગરિકોની સેવા માટે દરરોજ રાતે મોડે સુધી ખુલ્લી રહે છે. આથી તેમને નિરાંત છે અને કપાત પગારે રજા પાડવાની જરૂર નથી. રાતે તે જમીને આરામથી પંચાયત કચેરી જાય છે. સ્ટાફ સહર્ષ દાખલો કાઢી આપે છે અને તલાટીની સહી પછી, રાતે સાડા આઠ વાગ્યે તેને આવકનું પ્રમાણપત્ર મળી જાય છે.

સામાન્ય રીતે ગ્રામ પંચાયત કે સરકારી કચેરીનો સમય સવારે ૧૦.૩૦થી સાંજ ૬.૧૦નો હોય છે. પરંતુ વેરાવળ ગ્રામ પંચાયત નાગરિકોની સેવા માટે દિવસે રોજિંદા સમયની સાથે રાતે ૧૦ કે ૧૦.૩૦ સુધી ચાલુ રહે છે. આથી ગામમાં રહેતા કામદારો, ખેડૂતો, નાગરિકો દિવસે પોતાના કામ પતાવીને રાતે આરામથી પંચાયતની સેવાઓ લઈ શકે છે.

આ અંગે ગામના સરપંચ રવિરાજસિંહ જાડેજા જણાવે છે કે, વેરાવળ પંચાયત વિસ્તારની વસતી આશરે ૬૫ હજાર જેટલી છે. આ વિસ્તારમાં લઘુ ઉદ્યોગોની સંખ્યા મોટી છે અને ગામમાં કારખાનાના શ્રમિકોની સંખ્યા વધુ છે. પંચાયતની સેવાઓ માટે શ્રમિકોને કપાત પગારની રજા ના પાડવી તે હેતુથી રાતે મોડે સુધી પંચાયત ખુલ્લી રાખવામાં આવે છે. મહિનામાં આશરે ૨૦૦૦થી ૨૫૦૦ નાગરિકો રાત્રિ સેવાનો લાભ લે છે.

કેટલા સમયથી રાત્રિ પંચાયત ચાલે છે તે અંગે તેમણે કહ્યું કે, ૭ માર્ચ ૨૦૨૪ના રોજ ગ્રામ પંચાયતના નવા બિલ્ડિંગનું લોકાર્પણ મંત્રી ભાનુબહેન બાબરીયાના હસ્તે થયું હતું. ત્યારથી તલાટી તેમજ સ્ટાફ સાથે મળીને, સામાન્ય નાગરિકોની સેવા માટે રાતે મોડે સુધી પંચાયત ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો હતો.

પંચાયતની 'નાગરિકલક્ષી સેવા'ઓ અંગે તેમણે કહ્યું હતું કે, લોકો સુવિધાઓને લગતી ફરિયાદો કરી શકે તે માટે હેલ્પલાઈન નંબર ૯૭૧૨૨, ૯૯૨૯૮ જારી કરવામાં આવ્યો છે. લોકો એસ.એમ.એસ. કે વોટ્સએપ પર ફોટો-વીડિયો-મેસેજ મોકલીને ફરિયાદ કરી શકે છે. ફરિયાદના નિવારણ પછી પંચાયતમાંથી કોલ કરીને પ્રતિભાવ લેવામાં આવે છે અને ફરિયાદ નિકાલનું સમર્થન મળ્યા પછી ફરિયાદ ક્લોઝ કરવામાં આવે છે.

સરપંચશ્રીએ કહ્યું કે, રાજકોટ જિલ્લામાં ઈ-શ્રમ કાર્ડની કામગીરીમાં વેરાવળ પંચાયત પ્રથમ સ્થાને રહી છે. વેરાવળમાંથી ૩૮૧૬ ઈ-શ્રમકાર્ડ નીકળ્યા છે. પંચાયત તરફથી કાર્ડની કલર પ્રિન્ટ કાઢીને, લેમિનેશન કરીને શ્રમિકોને આપવામાં આવે છે. ઉપરાંત ૪૯૪૨ રાશનકાર્ડ ઈ-કેવાયસી સાથે વેરાવળ પંચાયત રાજકોટ જિલ્લામાં અવ્વલ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વેરાવળમાં કુલ છ સરકારી પ્રાથમિક શાળા છે. જેમાં ૨૪૮૦ જેટલા બાળકો અભ્યાસ કરે છે. આ બાળકોને પંચાયત તરફથી નાસ્તા માટે સ્ટીલના ડીશ-ચમચી આપવામાં આવેલા છે. જે નાગરિકો પંચાયતનો વેરો ભરીને જાય તેમને ભીના અને સૂકા કચરાને અલગ રાખવા માટે બે ડસ્ટબીન પણ આપવામાં આવે છે.

સરપંચશ્રીના જણાવ્યા પ્રમાણે, ગામમાં કુલ ૧૧ હજાર

(અનું.આઠમાં પાને)







ઈ-શ્રમકાર્ડની કામગીરી વેરાવળ પંચાયત સમગ્ર જીલ્લામાં 'અવ્વલ' સરપંચ રવિરાજસિંહ જાડેજા

---

# રાજકોટ રંગાયું દેશભકિતના રંગે: દરેક વોર્ડમાં નીકળી ભવ્ય તિરંગાયાત્રા

## રાષ્ટ્રીય એકતા સમિતિ આયોજીત તિરંગાયાત્રામાં ભાજપના નેતાઓ, હોદેદારો સહિતના ઉપસ્થિત રહ્યા

**અબતક,રાજકોટ**

૨૨ એપ્રિલના પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓ પર કરેલા ઓપરેશન સિંદૂરની સફળતાને ઉજાગર રાજકોટની રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા રાજકોટ શહેરના તમામ વોર્ડમાં તિરંગા યાત્રા બાઈક રેલી, લાઉડ સ્પીકર સાથે દેશભકિતના ગીતો તેમજ સેનાને બિરદાવતા પ્લેકાર્ડ અને પાકિસ્તાન દેશની સેનાની નિંદા કરતા પ્લેકાર્ડ સાથે યોજવામાં આવેલ હતી. આ તકે વોર્ડ નં.૧ માં શહેર ભાજપ પ્રમુખ ડો. માધવભાઈ દવે ઉપસ્થિત રહી તિરંગા યાત્રાનું









પ્રસ્થાન કરાવેલ હતું આ તકે આ યાત્રામાં ઉપસ્થિત નિવૃત્ત સૈનિકો કરણસિંહ જાડેજા, પ્રતિપાલસિંહ વાઘેલા, કિરીટસિંહ જાડેજા, બળવંતસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ વાળા, જીતુભા વાળા, ગીરીશભાઈ મોનાણી, અજયસિંહ ઝાલા અને કલ્પેશભાઈ સુમખીયાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રામાં વોર્ડ નં. ૨ માં ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, વોર્ડ નં.૩ માં ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, વોર્ડ નં.૪ માં ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, વોર્ડ નં. ૫ માં શહેર મહામંત્રી અશ્વીનભાઈ મોલીયા, વોર્ડ નં. ૬માં મેયર નયનાબેન પેઢડીયા, વોર્ડ નં. ૭ માં રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયા, વોર્ડ નં. ૮ માં શહેર ભાજપ પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, વોર્ડ નં. ૯ માં શહેર ભાજપ પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, વોર્ડ નં. ૧૦ માં લોકસભા પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, વોર્ડ નં. ૧૧ માં શહેર ભાજપ પુર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, વોર્ડ નં. ૧૨ માં શહેર મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, વોર્ડ નં. ૧૩ માં પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, વોર્ડ નં. ૧૪ માં દંડક નેતા મનીષભાઈ રાડીયા, વોર્ડ નં. ૧૫ માં પૂર્વ શહેર ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુર, વોર્ડ નં. ૧૬ માં સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન

(અનું.આઠમાં પાને)

---

### કાલે વિશ્વ મધમાખી દિવસ

# ફૂલોની સખી મધની રાણીએ ફેલાવી મધની મીઠાશ: મધમાખી પાલનથી ખેડૂતો બન્યા સમૃધ્ધ

**અબતક, રાજકોટ**

નાગરિકોના સ્વાસ્થ્યની જાળવણી અને સજીવ સૃષ્ટિમાં મધમાખીઓ તેમજ અન્ય પરાગરજકોના મહત્વ વિશે જાગૃતિ લાવવા માટે દર વર્ષે તા. ૨૦મી મેના દિવસને વિશ્વ મધમાખી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આવક બમણી કરવાનો જે સંકલ્પ કર્યો છે, તેમાં મધમાખી પાલનનો વ્યવસાય બમણું યોગદાન આપીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે. ગુજરાતમાં મધમાખી પાલન વ્યવસાય ખેડૂતોની સમૃદ્ધિના નવા દ્વાર ખોલી રહ્યો છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ સંદર્ભે કહ્યું હતું કે, આજે ખેડૂતો ખેતીની સાથે પૂરક વ્યવસાય તરીકે મધમાખી પાલનને અપનાવી રહ્યા છે. ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમના મન કી બાત કાર્યક્રમમાં મધુક્રાંતિનો ઉલ્લેખ કરીને ખેડૂતોને મધમાખી પાલનનો વ્યવસાય અપનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. મધમાખી પાલનનો વ્યાપ વધતા ગુજરાતમાં મધુક્રાંતિની મીઠી શરૂઆત થઈ છે.મધમાખીઓ બાગાયતી પાકોના ઉત્પાદનમાં પરાગનયનની મહત્વપૂર્ણ પ્રક્રિયામાં ખૂબ જ મદદરૂપ થાય છે. તે છોડના પરાગ કણોને એક છોડમાંથી બીજા છોડમાં લઈ જવામાં મદદ કરે છે, જેના પરિણામે બાગાયતી પાકોનું ઉત્પાદન વધે છે. આ ઉપરાંત, મધમાખી પાલન વ્યવસાયનો ખર્ચ ઓછો અને નફો વધુ હોવાથી ખેડૂતોને મધના ઉત્પાદનથી સારી આવક પણ મળે છે. પરિણામે ખેડૂતોને મધ અને સારા બાગાયતી ઉત્પાદનનો બમણો લાભ મળે છે.ભારત સરકાર અને રાજ્ય સરકારની યોજનાઓના સમન્વયથી મધમાખી સમૂહ કોલોની વસાવવા માટે ૧,૨૪૫ લાભાર્થીઓને રૂ. ૪૧૮ લાખ, મધમાખી હાઈવ્સની ખરીદી માટે ૧,૨૩૪ લાભાર્થીઓને રૂ. ૪૧૫ લાખ, હની એકસ્ટ્રેકટર માટે ૩૧૭ લાભાર્થીઓને રૂ. ૩૩ લાખ અને બી-બ્રીડર દ્વારા મધમાખી સમૂહના ઉત્પાદન માટે રૂ. ૯ લાખ મળીને કુલ રૂ. ૮૭૬ લાખથી વધુની તકો વધે અને આદિજાતિ ભાઈઓ પણ મધમાખી પાલન દ્વારા વધારાની આવક મેળવી શકે તે હેતુથી રાજ્ય સરકારે આદિજાતિ વિસ્તારના મધમાખી પાલકોને વિનામૂલ્યે મધમાખીની હાઈવ્સ તથા કોલોની પૂરી પાડવાની યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ ચાલુ વર્ષે રાજ્યના ૫૩ આદિજાતિ તાલુકાના આશરે

(અનું.આઠમાં પાને)

## મધમાખી પાલનને પ્રોત્સાહન આપવા રાજ્યના ખેડૂતોને વિવિધ યોજના હેઠળ રૂ. ૮૭૬ લાખથી વધુની સહાય અર્પણ: કૃષિ મંત્રી રાઘવજી પટેલ



છેલ્લા એક દાયકામાં મધમાખી પાલન કરતા ખેડૂતોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. તાજેતરમાં જ રાજ્યમાં મધમાખી પાલન કરતા ખેડૂતોને અત્યાર સુધીમાં કુલ રૂ. ૮૭૬ લાખથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. જેમાં સહાય લાભાર્થીઓને ચૂકવવામાં આવી છે.રાજ્યના આદિજાતિ વિસ્તારમાં મધમાખી પાલનનો વ્યાપ વધે, રોજગારીની



## મિશન મધમાખી

રાજ્યમાં મધમાખી ઉછેર માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવાની સાથે તેમને આ વ્યવસાય સંબંધિત માર્ગદર્શન, તાલીમ આપવા તેમજ મહત્તમ મધ ઉત્પાદન, પ્રોસેસિંગ, પેકિંગ અને માર્કેટિંગ વ્યવસ્થા કરવાના ઉદ્દેશ્યથી બાગાયત વિભાગ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩થી મિશન મધમાખી કાર્યક્રમ અમલમાં મૂકાયો છે. આ કાર્યક્રમ હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં અમુલ ડેરીના ૨૮૪ સભાસદોને મધમાખી ઉછેર માટે મધની પેટી, હની એકસ્ટ્રેકટર, ફૂડગ્રેડ કન્ટેઈનર, પ્રોસેસિંગ, પેકેજિંગ, કોલ્ડરૂમ એકમ માટે કુલ રૂ. ૧૨૭.૪૩ લાખની સહાય ચૂકવવામાં આવી છે. તેવી જ રીતે, બનાસ ડેરીના ૫૦૦ સભાસદો માટે પણ રાજ્ય સરકાર દ્વારા મધમાખી ઉછેરના સાધનો ખરીદવા ઉપરાંત વિવિધ એકમો માટે રૂ. ૧૮૦ લાખની સહાય મંજૂર કરવામાં આવી છે.વિશ્વ મધમાખી દિવસ માત્ર મધમાખી પાલન વ્યવસાયની સંભાવનાઓને વધુ ઉજાગર કરવાનો દિવસ જ નહિ, પરંતુ મધમાખીના સંરક્ષણ માટે પણ એટલો જ મહત્વપૂર્ણ છે.

# બાપોદર ગામના અકસ્માતમાં મૃત્યુ અને ઈજાના કિસ્સામાં રૂ.૪૨.૬૦ લાખનું વળતર મંજુર

## ચોટીલા પંથકમાં ટ્રેલરે બાઈકને અડફેટે લેતા મોભીનું મૃત્યુ અને ઈજાના કિસ્સામાં વ્યાજ સાથે રૂ.૩૧.૮૫ લાખનું વળતર ચૂકવવા હુકમ

**અબતક, રાજકોટ**

રાણાવાવ પંથકમાં કારે બાઈકને હડફેટે લેતા બાપોદર ગામના પરિવારના મોભીનું મૃત્યુ અને બેને ઈજાના કિસ્સામાં વ્યાજ સહિત કુલ રૂપિયા ૪૨.૬૦ લાખનું વળતર ચોટીલા પંથકમાં ટ્રેલરે બાઈકને હડફેટે લેતા નાની મોલડીના પરિવારના મોભીનું મૃત્યુનું અને અન્ય એકને ઈજાના કિસ્સામાં વ્યાજ સાથે રૂ. ૩૧.૮૫ લાખ વળતર મંજુર કરવામાં આવ્યું છે. સાત વર્ષ પહેલાના બંને કેસમાં મોટર એકસીડન્ટ કલેમ ટ્રિબ્યુનલ દ્વારા વ્યાજ સહિત કુલ રૂપિયા ૮૦.૪૫ વળતર પેટે ચૂકવવા વીમા કંપનીઓને હુકમ કર્યો છે.આ અંગેની હકીકતો મુજબ, ૨૦૧૮ની સાલમાં બાપોદર ગામ (તા.રાણાવાવ) પાસે બાઈકમાં જઈ રહેલા નાથાભાઈ રાજશીભાઈ બાપોદરા, નીલેશભાઈ નાથાભાઈ બાપોદરા તથા સગીર રમીલા નાથાભાઈ બાપોદરા (રહે. બાપોદર) ના બાઈક સાથે ડીએલ ૮ સીએપી ન ૬૪૨૪ કાર અથડાતા નાથાભાઈ રાજસીભાઈ બાપોદરાનું મૃત્યુ થયું હતું. આ ઉપરાંત અન્ય એક બનાવમાં મોટી મોલડી (તા. ચોટીલા જિ.સુરેન્દ્રનગર)માં રહેતા જયંતીભાઈ વિરજીભાઈ મેઘાણી તથા વિપુલભાઈ માધાભાઈ મેઘાણી જે પોતાનું સાઈડમાં ચલાવી જતા હતા ત્યારે ટ્રેલર નં. આરજે -૦૬- જીસી- ૦૭૭૭એ ડબલ સવારી બાઈકને હડફેટે લેતા જયંતીભાઈ વીરજીભાઈ મેઘાણીનું મૃત્યુ થયું હતું.ઉપરોક્ત જુદાં જુદાં બંને કેસમાં કારચાલક તેમજ ટ્રેલરચાલક વિરૂધ્ધ અલગ અલગ ફરીયાદ નોંધાવેલ હતી.

આ બન્ને કેસો રાજકોટ ડીસ્ટ્રીક્ટ અને સેસન્સ કોર્ટમાં વળતર અંગે દાવા અરજી દાખલ કરેલ હતી. જે અંગે બંને ગુજરનારનાં વારસદારો દ્વારા રાજકોટ ટ્રિબ્યુનલમાં તેમના અનુક્રમે તા. ૧૭/ ૦૪/ ૨૦૧૮ તથા ૦૩/ ૧૨/ ૨૦૧૮નાં રોજ દાખલ કરવામાં આવ્યા હતા.

જેમાં ગુજ. નાથાભાઈ રાજશીભાઈ બાપોદરાનાં કલેઈમ કેસમાં અરજદારના વકીલોની રજૂઆતો અને દલીલો બાદ ટ્રિબ્યુનલ દ્વારા વ્યાજ સહિત રૂા. ૩૧ લાખથી વધારે અકસ્માત મૃત્યુ વળતર તથા ઈજા પામેલા નિલેશભાઈ નાથાભાઈ બાપોદરાને રૂા.૫.૬૦ લાખ તથા રમીલાબેન નાથાભાઈ બાપોદરાને રૂા.૬ લાખ વળતર ચૂકવવા હુકમ કરાયો હતો. ત્યારબાદ ગુજ. જયંતીભાઈ વિરજીભાઈ મેઘાણી તથા વિપુલભાઈ માધાભાઈ મેઘાણીનાં કલેઈમ કેસમાં અરજદારના વકીલ દ્વારા દલીલો કરવામાં આવી હતી કે ગુજરનાર જયંતીભાઈ તેમનાં કુટુંબમાં એકમાત્ર કમાવાળાવાળી વ્યકિત હતાં અને તેમનાં ઘરમાં તેમનાં સિવાય પરિવારમાં તેમનાં પત્ની તથા ચાર બાળકો અને માતાનું ભરણપોષણ કરતાં હતાં, તેથી ગુજરનારનાં વારસદારોને મહત્તમ વળતર મળે તથા હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટનાં જજમેન્ટ રજુ કર્યા હતાં, તે તમામ અરજદારોનાં વકીલની મજબુત દલીલો ધ્યાનમાં રાખી રાજકોટ ટ્રિબ્યુનલે દ્વારા વ્યાજ સહિત રૂ. ૩૧.૮૫ લાખ,જયારે ઈજા પામનાર વિપુલભાઈ મેઘાણીને રૂા. ૬ લાખ આમ તમામ કેસોમાં વળતરની રકમ મંજુર કરવામાં આવી હતી. આ કામમાં અરજદારો વતી રાજકોટ કલેઈમ કેસનાં નિષ્ણાંત વકીલ રવીન્દ્ર ડી. ગોહેલ, સંદિપ એમ. રાઠોડ, વિવેક વી. ભાંસળીયા (ગઢવી), દિનેશ ડી. ગોહેલ, જતીન પી. ગોહેલ, જયેશ મકવાણા વગેરે રોકાયા હતાં.

# રૈયાધારમાં બાઈકને રીક્ષા અડી જવા બાબતે બે પરિવારો વચ્ચે ધમાલ: ઈંટ-પથ્થરના છૂટા ઘા

## સામસામે થયેલા હુમલામાં પાંચ ઈજાગ્રસ્ત યુનિવર્સીટી પોલીસમાં બંને પક્ષે ફરિયાદ નોંધાઈ

**અબતક, રાજકોટ**

રૈયાધાર મફતિયાપરા વિસ્તારમાં ઈન્દિરા નગરમાં ઘર પાસે પાર્ક કરેલા બાઈકને રીક્ષા અડી જવાના પ્રશ્ને બે પરિવાર વચ્ચે મારામારીમાં ચાર લોકો ઘવાયા છે. પોલીસે બંને પક્ષોની સામ સામે ફરિયાદ લઈ સાળા બનેવી અને બે ભાઈ સહિત પાંચ શખ્સોં સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર શહેરના રૈયાધાર મફતિયાપરા વિસ્તારમાં મારવાડી વિસ્તારમાં રહેતા પ્રભાતભાઈ અરવિંદભાઈ સોલંકી નામના યુવાને ઈન્દિરા નગરમાં રહેતા ભરત પરબત ચૌહાણ અને તેનો ભાઈ વિપુલ પરબત ચૌહાણે ધોકા વડે માર માર્યા અંગેની યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પ્રભાતભાઈ સોલંકીના બહેન આટો દેવા આવેલ હોય તેને તેના સાસરે મૂકવા ભાઈની ભાડાની રિક્ષામાં જતા હોય દરમિયાન ઈન્દિરાનગરમા પ્રભાતભાઈના ઘરની બહાર પાર્ક કરેલા બાઈકને અડી જતા બંને વચ્ચે થયેલી બોલાચાલીમાં ઉસકેરાયેલા ભરત ચૌહાણ અને તેનો ભાઈ વિપુલ ચૌહાણએ બંને ભાઈઓએ માર માર્યાનુ ખુલતા પોલીસે બંને સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે સામા પક્ષે રૈયાધાર મફતીયાપરાના ઈન્દિરા નગર શેરી નંબર ૨૬ માં રહેતા ભરતભાઈ પરબતભાઈ ચૌહાણએ પ્રભાત અરવિંદ સોલંકી, દેવરાજ અરવિંદ સોલંકી અને પ્રભાત અને દેવરાજના બનેવીએ માર માર્યાની યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી ભરત ચૌહાણ કડિયા કામેથી પોતાના ઘરે આવ્યો હતો અને નાહવા જતો હતો. તે દરમિયાન તેની ઘરની બહાર બાઈક પડેલ હોય આથી દેવરાજ સોલંકી પોતાની ભાડાની રિક્ષા ચલાવી હરિના બાઈક સાથે ફટકારતા પરબત ચૌહાણે રીક્ષા ધીમી ચલાવવાનું કહેતા આ મામલે બંને વચ્ચે થયેલી બોલાચાલીમાં ઉશ્કેરાયેલા પ્રભાત સોલંકીએ ઈટ અને પથ્થરના છુટા ઘા ભરત ચૌહાણને માથામાં મારતા તથા તેના ભાઈ વિપુલને લાગતા બંનેને લોહી લુહાણ હાલતમાં હોસ્પિટલે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. બાદ બે ભાઈ સહિત ત્રણય શખ્સ રીક્ષા લઈને નાસી ગયાનું ફરિયાદમાં જણાવ્યું હતું.

# સૌરાષ્ટ્ર શરાફી સહકારી મંડળીના લોનધારકનો નિર્દોષ છુટકારો

## ૪૦ હજારની લોનના હપ્તા પેટે આપેલો ૧.૦૧ લાખનો ચેક પરત ફરતા

**અબતક, રાજકોટ**

રાજકોટમાં આવેલો શ્રી સૌરાષ્ટ્ર શરાફી સહકારી મંડળીએ દાખલ કરેલ ચેક રીટર્ન કેસમાં કોર્ટે લોનધારકને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે.

રાજકોટના રેસકોર્ષ રીંગ રોડ પાસે કિસાનપરા ચોકમાં આવેલ શ્રી સૌરાષ્ટ્ર શરાફી સહકારી મંડળી લી. રાજકોટમાંથી રાજકોટના શતલપાર્ક પાસે રહેતા હુસૈનભાઈ ઈબ્રાહીમભાઈ દલવાણીએ પ્રસંગના કારણસર રૂા.૪૦ હજારની લોન લીધી હતી. લોનના ચડત હપ્તાની ચુકવણી પેટે શરાફી મંડળીને રૂા.૧,૦૧,૦૦૦ નો ચેક ઈસ્યુ કરી દીધો હતો. જે ચેક ફંડસ ઈન્સફીશીયન્ટના શેરા સાથે પરત ફર્યો હતો. જેથી આરોપી હુસૈનભાઈ દલવાણી વિરુધ્ધ ફરીયાદી શરાફી મંડળીએ રાજકોટની અદાલતમાં ફરિયાદ દાખલ કરી હતી. જે કેસ ચાલી જતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટે આરોપીને ચેક પરત ફરવાના કેસમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવ્યો હતો. આ કેસમાં આરોપી વતી લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સિલના વકીલ નયન વી. દોમડિયા રોકાયા હતા.

# યુનિવર્સિટી રોડ પર મહિલા સહિતની ત્રિપુટીએ પાડોશીના ઝુંપડામાં કાંડી ચાંપી

## અગાઉ હલાણ બાબતે પાડોશી સાથે માથાકૂટ થયાનો ખાર રાખી આગ લગાવી દેતા ઘરવખરી ખાક: સદનસીબે કોઈ જાનહાની નહિ



**અબતક, રાજકોટ**

શહેરના યુનિવર્સિટી રોડ પર બી.ટી.સવાણી કિડની હોસ્પિટલ પાસે જૂની અદાવત સબબ પાડોશમાં રહેતા શખસ, મહિલા સહિત ત્રણ શખસોએ અહીં ઝુપડાને આગ ચાંપી દીધી હતી. જેમાં ઝૂંપડામાં રહેલ ઘરવખરીનો સામાન સળગીને ખાખ થઈ ગયો હતો. આ અંગે અહીં રહેતા યુવાનની ફરિયાદ પરથી યુનિવર્સિટી પોલીસે મહિલા સહિત ૩ સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ શાંતિનગર મફતિયાપરા ઝુપડપટ્ટીમાં રહેતા રવિ વસંતભાઈ મકવાણા દ્વારા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે શિલ્પા અમરભાઈ ભોણીયા તથા સંજય લામકા અને તેનો ભાઈ સુખો લામકાના નામ આપ્યા છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે અહીં પરિવાર સાથે રહે છે તેના ઝુપડાની સામે ચાલવાનો રસ્તો છે. પાડોશમાં સુખો લામકા રહેતો હતો અગાઉ યુવાનના માતા નીતુબેન તથા બહેન રીનાબેનને ચાલવા બાબતે સૂખા લામકા સાથે બોલાચાલી થઈ હતી. જે અંગેનો ખાર રાખી ગઈકાલ રાત્રિના દોઢેક વાગ્યે યુવાન નાણાવટી ચોક પાસે હતો ત્યારે બાજુના ઝુપડામાં રહેતા જાનુબેન પરમારની બાજુમાં રહેતી યુવાનની માસીયાઈ બહેન રવિના કનુભાઈ મકવાણાનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, શિલ્પા અમરભાઈ ભોણીયા તેમજ સંજય અને તેનો ભાઈ સૂખો અલગ અલગ વાહનમાં અહીં આવી અહીં ઝૂંપડામાં સામાન ફંફોળે છે બાદમાં ત્રણેક વાગ્યે આ શખસો ફરી અહીં ઝૂંપડે આવ્યા હતા અને અહીં કોઈ જવલનશીલ પ્રવાહી છાંટી કાંડી ચાંપી દઈ ઝૂંપડું સળગાવી નાખ્યું હતું તેવી જાણ યુવાનને તેની બહેન રવિનાએ કરી હતી. બાદમાં યુવાન અહીં પોતાના ઝુપડે આવી જોતા અહીં ગાદલુ, ઓશીકા, ટેબલેટ તથા અન્ય ઘરવખરીનો સામાન સળગીને ખાખ થઈ ગયો હોવાનું માલુમ પડ્યું હતું. જેથી તેણે આ ત્રણેય શખસો વિરુદ્ધ કાવતરું રચી તેનું ઝુપડુ સળગાવી નાખ્યા અંગે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# ચેક રિટર્ન કેસમાં મહિલા લોનધારકને ૧ વર્ષની કેદ

## શ્રી દીનાનાથ ક્રેડીટ કો.ઓ.સોસાયટીને એક માસમા વળતર ન ચુકવે તો વધુ એક માસની જેલ

**અબતક, રાજકોટ**

શ્રી દીનાનાથ ક્રેડીટ કો.ઓ.સોસાયટીને ચુકવણી માટે આપેલો ચેક રિટર્ન થવાના કેસમાં કોર્ટે મહિલા લોનધારકને એક વર્ષની કેદની સજા અને ચેક મુજબની રકમ એક માસમાં ન ચૂકવે તો વધુ એક માસની કેદની સજાનો હૂકમ ફરમાવ્યો છે.આ કેસની હકીકત મુજબ આરોપી રૂકશાના ફિરોઝભાઈ લાલાણીએ શ્રી દીનાનાથ ક્રેડીટ કો.ઓ.સોસાયટીમાંથી જાત-જામીનની લોન લીધી હતી. જેના ચડત હપ્તા પેટે આપેલો રૂ.૧,૨૮,૩૪૮નો ચેક ''ફંડસ ઈન્સફીસીયન્ટના શેરા સાથે પરત ફરતા આરોપીને કાનૂની નોટિસ પાઠવવા છતાં ચેક મુજબની રકમની ચૂકવણી નહી કરતા ફરિયાદી સોસાયટીએ આરોપી રૂકશાના ફિરોઝભાઈ લાલાણી વિરુધ્ધ રાજકોટની કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. જે કેસ કોર્ટમાં ચાલી જતા તેમાં બંને પક્ષની રજૂઆત બાદ ફરિયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ કોર્ટે લોનધારક રૂકશાના લાલાણીને એક વર્ષની કેદની સજા અને ચેક મુજબની રકમ એક માસમાં ન ચૂકવે તો વધુ એક માસની કેદની સજાનો હૂકમ ફરમાવ્યો છે.આ કેસમાં ફરિયાદી વતી રાજકોટના ધારાશાસ્ત્રી હેમલ બી. ગોહેલ અને કોમલ એસ. કોટક રોકાયા હતા.

# જેલના વધુ એક કેદીએ ખીલી ખાધી

## જેલ કેદીઓમાં અખાધ સામગ્રી ખાવાની ઘટનામાં વધુ એકનો ઉમેરો

**અબતક, રાજકોટ:** સેન્ટ્રલ જેલમાં કેદીઓ દ્વારા કાચ અને ખીલી ખાવાની ઘટનામાં વધુ એકનો ઉમેરો થયો હોય તેમ કાચા કામના કેદીએ ખીલીઓ ખાઈ લેતા સિવિલમાં સારવારમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં કેદી વોર્ડમાં તેની સ્થિતી સુધારા પર હોવાનું જાણવા મળ્યું છેરાજકોટ જેલમાં કેદી દ્વારા અખાધ સામગ્રી ખાવાના વધતા બનાવો વચ્ચે આજે વધુ એક કેદીએ ખીલીઓ ખાઈ લેતા સિવિલમાં દાખલ કરવામાં આવ્યો છે.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ સેન્ટ્રલ જેલ માં બેરેકનંબર પાંચ માં રહેતા કાચા કામના કેદી કિશન સુરેશ વાજા એ ગઈકાલે સાંજે પોતાની બેરેકમાં લોખંડની ખીલી ખાઈ જતા સિવિલ માં પ્રિજન વોર્ડમાં દાખલ કરેલ છે જ્યાં તેની હાલત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે આ અંગે પ્રદ્યુમન નગર પોલીસે તપાસ હાથ ધરી છે.

# ગંજીવાડા સોસાયટીમાં જુગારધામ પકડાયું

## થોરાળા પોલીસે દરોડો પાડી ચાર શખ્સની ધરપકડ કરી ૧૧,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો

**અબતક, રાજકોટ**

શહેરના સામા કાંઠા વિસ્તારમાં આવેલા ગંજીવાડા સોસાયટીમાં જાહેરમાં ધમધમતા જુગાર ધામ પર થોરાળા પોલીસે દરોડો પાડી ચાર શખ્સની ધરપકડ કરી ૧૧,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. વધુ વિગત મુજબ રાજકોટ શહેરમાં દારૂ અને જુગારની બદી ડામી દેવા પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ આપેલી સૂચનાને પગલે થોરાળા પોલીસ મથકના પી.આઈ વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ એસ મહેશ્વરી સહિત સહિત એ પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે ગંજીવાળા સોસાયટી ગેટ સામે જાહેરમાં જુગાર રમતો હોવાની મળેલી બાતમીના આધારે હેડ કોન્સ્ટેબલ હસમુખભાઈ નીનામા અને કોન્સ્ટેબલ પ્રકાશભાઈ ચાવડા સહિતના સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા નવા થોરાળાના નાજા ઘોઘા મુંધવા, જંગલેશ્વરનો જગદીશ સોમાં વાઘ, ગંજીવડાના ઉસ્માન આસમ સોલંકી અને મગન બધા સાકરીયા ની ધરપકડ કરી જુગારના પટમાંથી ૧૧ ૫૦૦ મુદ્દામાલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.

# મકાન ખાલી કરાવવાની ધમકી અને તોડફોડથી પરિણીતાએ ફિનાઈલ પીધૂ

## ભાડાના મકાનમાં રહેતા પરિવારને ધમકાવી માથાભારે ટોળકીએ આતંક મચાવ્યો

**અબતક રાજકોટ**

યુનિવર્સિટી પોલીસ મથકની હદમાં આવેલ શેઠનગર માં રહેતી પરણીતાએ ફિનાઈલ પી લેતા સિવિલમાં સારવાર માં ખસેડવામાં આવી હતી, આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ શેઠ નગર માં ભાડાના મકાનમાં રહેતા અંકિતાબેન સાગરભાઇ ૨૩ એ ગઈકાલે સાંજે ૭/૩૦ વાગે ફિનાઈલ પી લેતા સારવારમાં ખસેડવામાં આવી હતી, બનાવના કારણોમાં ભોગ બનાનાર ના પતિ સાગરભાઈએ જણાવ્યું હતું કે પોતે અન્ય સમાજના હોય ડ્રાઈવિંગ કરી પરિવારનું ભરણપોષણ કરે છે શેઠ નગરમાં જ્યાં ભાડે રહેતા હતા તે મકાન ખાલી કરાવવાનું દબાણ કરીને કાજલબેન અજીતસિંહ અને તેના સાગરીતોએ માર મારી ઝઘડો કરી ઘરમાં તોડફોડ કરી એસી સહિતની વસ્તુઓ તોડી નાખતા પોતાની પત્ની અંકિતાબેન ગભરાઈ ગઈ હતી અને તેણે ફિનાઈલ પી લીધું હોવાનો આક્ષેપ કર્યો હતો હાલ એ મકાન ખાલી કરીને માધાપર માં સાસુ સસરા ના મકાનમાં સામાન ફેરવતા હોવાનું જણાવ્યું હતું આ અંગે યુનિવર્સિટી પોલીસે તપાસ હાથ ધરી છે

# સુરેન્દ્રનગર: ટ્રકે બાઈકને અડફેટે લેતા બે મિત્રોના મોત

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર-મુળી રોડ પર ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક ચાલક સહિત બે વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા મોત નીપજ્યા હતા જે અંગે મૃતક વ્યક્તિના પરિવારજને ટ્રક ચાલક સામે મુળી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે.આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગરના દાળમીલ રોડ પર રહેતા ફરીયાદી હરપાલસિંહ જગતસિંહ પરમારના ભાઈ અકલવંતસિંહ ઉર્ફે અશોકસિંહ પરમાર અને તેમના મિત્ર સુરેશભાઈ વજુભાઈ ખાવડીયા રહે. રતનપરવાળા બાઈક લઈને મુળી થી કુકડા તરફ આવી રહ્યાં હતાં તે દરમ્યાન સુરેન્દ્રનગર થી મુળી તરફ જતા એક ટ્રકના ચાલકે ટ્રક પુરઝડપે ચલાવી રોડની કટમાંથી રોંગ સાઈડમાં સામે આવી રહેલ બાઈક સાથે સીએનજી પંપ પાસે ધડાકાભેર અથડાવતા અકસ્માત સર્જાયો હતો જેમાં ફરિયાદીના ભાઈ અકલવંતસિંહ તેમજ બાઈક પર બેસેલ સુરેશભાઈ ખાવડીયાને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે મોત નીપજ્યા હતા જે અંગે ટ્રક ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પત્નીની મશ્કરી કરનારને ટપારનારને ધમકી મળતા ફિનાઈલ ગટગટાવ્યું

## રોમિયોગીરી કરનાર માથાભારે ટોળકીનો ત્રાસ દૂર કરવા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં રાવ

**અબતક, રાજકોટ**

લુખી રોમ્યાગીરી..શહેરના ગાંધીગ્રામ પોલીસ મથકની હદમાં ઘંટેશ્વર ૨૫ વારીયા પ્લોટમાં રહેતા અને કલરકામના કારીગરે ફિનાઈલ પી લેતા સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ જીથરીયા પીર વિસ્તારમાં રહેતા અનિલભાઈ રમેશભાઈ યાદવ ૩૧ તે ગઈકાલે ચાર વાગે ફિનાઈલ પી લેતા સિવિલમાં સારવાર માટે ખસેડાયો હતો. અનિલભાઈ યાદવે ફીનાઈલ પીવાના કારણોમાં જણાવ્યું હતું કે ઘર પાસે જ રહેતા રોહિત કોળી નામનો શખ્સ ફરિયાદીની પત્નીની વારંવાર મશ્કરી કરી પાછળ પડી ગયો હોય ફરિયાદીએ રોહિતને આવું ન કરવા સમજાવવાનો પ્રયત્ન કરતા રોહિતે ઝઘડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ગભરાઈને અનિલભાઈએ ફિનાઈલ પી લીધી હતી આ અંગે ગાંધીગ્રામ પોલીસમાં રોમિયોગીરી ના ત્રાસ દૂર કરવા સાથે ફરિયાદ કરી છે

# ખીરસરા નજીક બંધ ફ્લેટ ની અગાસી પર સાઈટ જોવાના બહાને યુવકને લૂંટી લીધો

## મોબાઈલ, રોકડ ઉપરાંત એટીએમમાંથી અને ગુગલ પે માંથી ૧.૧૦ લાખ કઢાવી લીધા

**અબતક, રાજકોટ**

રાજકોટના મેટોડા પોલીસ મથકની હદમાં ખીરસરા થી મોટા વડા રોડ પર બંધ ફ્લેટ ની અગાસી પર લઈ જઈ યુવાનને લૂંટી લીધાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે.

આ અંગે પોલીસમથી પ્રાપ્ત વિગત મુજબ શહેરના શાંતિવન નિવાસ જીવરાજ પાર્ક સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે રહેતા વૃષિક મુકેશભાઈ સગપરીયા પટેલ ૨૭ એ નિકુંજ ગોંડલીયા, ઈરફાન, રાકેશ, તાજ મહંમદ, ચેતન અને દબંગ નામ ના યુવાન સામે ફરિયાદ નોંધાવી છે કે તારીખ ૯/૫/૨૫ ના રોજ સાંજે ૬/૩૦ થી ૮/ ૪૫ સમય દરમિયાન નિકુંજ ગોંડલીયા એ તેના સાગ્રતો ને સાથે રાખીને ફરિયાદી સાથે મિત્રતા કેળવી ફોન કરી સાઈટ જોવાના બહાને ખીરસરા થી મોટા વડા રોડ ઈકિવટી ફાઉન્ડરી ની પાછળ આવેલ બંધ ફલેટના પહેલા માળે લઈ જઈ વાતોમાં સમય કાઢી આદરમિયાન પાંચ શખ્સોએ આવી પહોંચી અહીં શું કરો છો? તેમ કહી ગાળો ભાંડી મારી નાખવાની ધમકી આપી ફરિયાદી પાસેથી મોબાઈલ પાકીટ એટીએમ કાર્ડ લઈ ૪૦૦૦ ની રોકડ અને એટીએમ માંથી૬૬૦૦૦ ગૂગલ પે માંથી ૧,૧૦ ૫૦૦ કઢાવી લૂંટ કર્યાની પોલીસ ફરિયાદ નોંધાવતા મેટોડા જીઆઈડીસી પીઆઈ એસએચ શર્માએ તપાસ હાથ ધરી છે.

# રિક્ષામાં દારૂ, ગાંજો પીનારાઓને ટપારનાર માતા-પુત્ર માથાભારે ટોળકીનો હુમલો

## ભક્તિનગર પોલીસમાં માથાભારે ઈસમોનો ત્રાસ દૂર કરવા ફરિયાદ

**અબતક રાજકોટ**

ભક્તિનગર પોલીસ મથકની હદમાં આવેલ કોઠારીયા રોડ આનંદ નગર કોલોની માં રહેતા રિક્ષાચાલક યુવાન અને તેને માતા પર માથાભારે ટોળકીયે હુમલો કર્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે, આ અંગે પ્રાપ્ત વિગત મુજબ આનંદ નગર કોલોની માં રહેતા રીક્ષા ચાલક સંજયભાઈ કનૈયાલાલ મલાણી લોહાણા ૪૭ ને ઘર પાસે જ યશલોઢીયા અને તેની ટોળકી એ ઝઘડો કરી માર મારી સોડા બોટલના કાચ થી ગળે ઈજા કરી હતી, યસ ની ટોળકી સંજય ભાઈ ને માર મારતી હતી ત્યારે તેમની વૃધ્ધ માતા હંસાબેન વચમાં પડતા તેમને પણ ધક્કો મારીને પાડી દીધા હતા આ બનાવ અંગે સંજયભાઈ મલાણીએ કારણ આપતા જણાવ્યું હતું કે યશ લોઢિયા અને તેની ટોળકી ફરિયાદીની રિક્ષામાં બેસીને રોજ દારૂ અને ગાંજોની પડીકી નો નશો કરતા હોય, સંજયભાઈ રિક્ષામાં ન બેસવાનું કહેતા ખાર રાખીને ટોળકી એ હુમલો કર્યો હતો આ અંગે ભકિતનગર પોલીસે તપાસ હાથ ધરી છે.

# ચેક રીટર્ન કેસમાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ

## પ્રેરક ઓવરસીઝ નામની પેઢીને આપેલો રૂ.૧૦ લાખનો ચેક પરત ફર્યો તો

**અબતક, રાજકોટ**

પ્રેરક ઓવરસીઝ નામની પેઢીના પ્રોપરાઈટરે દાખલ રૂ.૧૦ લાખના ચેક રીટર્ન કેસમાં કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ પ્રેરક ઓવરસીઝ નામની પ્રોપરાઈટર શીપ પેઢી ધરાવતા રોનક ધનયામભાઈ પટેલે પ્રિન્સ પરસાણાને કટકે-કટકે રૂ.૧૦ લાખ બેંક મારફત જમા કરાવેલ અને આ રકમ ઉપર આરોપીએ તેમનો માલ એકસપોર્ટ કરાવી અને નફા ઉપર ૩ ટકા ફીકસ નફો આપવાની વાત કરી હતી. પરંતુ આવી કોઈ જ રકમ આરોપીએ ફરીયાદીને ચુકવેલ નહી અને અંતે ફરીયાદીએ તેની લેણી રકમ આરોપી પાસે માંગતા તેણે રૂા. ૧૦.૯૩ લાખનો ચેક ફરીયાદીને આપ્યો હતો. જે ચેક પરત ફરતા ફરીયાદીએ તેમના વકીલ મારફત નોટીસ પાઠવી હોવા છતાં લેણી રકમ ચુકવેલ નહી ચૂકવતા ફરીયાદીએ કોર્ટમાં ચેક રીટર્નની ફરીયાદ નોંધાવી હતી. જે કેસ કાર્ટમાં ચાલી જતા આરોપીના વકીલ દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ અને તમામ દસ્તાવેજોનું ખંડન કરતો પુરાવો કોર્ટ સમક્ષ લાવેલ અને ફરીયાદીએ આરોપીના સિકયુરીટી પેટે આપેલ ચેકનો દુરઉપયોગ કરેલ હોવાનું સાબીત કરેલ જેની અદાલતે ગંભીર નોંધ લઈ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ અધિક ચીફ જયુડી. મેજી. એ.જે. સંઘવીએ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપી વતી વકીલ પિયુષ જે. કારીયા, પ્રધ્યુમનસિંહ એમ. જાડેજા, મોહિત લિંબાસીયા, સચીન એમ. તેરૈયા, અનીલ રાદડીયા અને નિપુલ કારીયા રોકાયા હતા.

અમદાવાદમાં રૂ. ૧૫૯૩ કરોડના ૯૪ વિકાસ કામોના લોકાર્પણ - ખાતમુહૂર્ત વેળાએ ગૃહ મંત્રીનું નિવેદન

# ‘ઓપરેશન સિંદૂર’થી આતંકીઓના સફાયા સાથે પાક.ને ઉઘાડું પાડવાનું મોટું કામ થયું: અમિત શાહ

## ભારતની સેનાએ પાકિસ્તાની સરહદની ૧૦૦ કિમી અંદર જઈને આતંકીઓનો સફાયો કર્યો: ગૃહમંત્રી

**અબતક, રાજકોટ**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા અમિત શાહે પલ્લવ બ્રિજના લોકાર્પણ સહિત અમદાવાદ મહાનગરપાલિકા તેમજ ગાંધીનગર લોકસભા વિસ્તારમાં અંદાજે રૂ.૧૫૯૩ કરોડના ખર્ચે નિર્માણ પામનારાં કુલ ૯૪ પ્રજાલક્ષી વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું.

પહેલગામ આતંકી હુમલામાં જીવ ગુમાનારા નાગરિકોને શ્રદ્ધાંજલિ આપવાની સાથે સાથે કેન્દ્રીય મંત્રીએ આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપવા માટે ભારતીય સેનાને બિરદાવતાં કહ્યું હતું કે પહેલગામ હુમલા પછી વડાપ્રધાન નરેન્દ્રભાઈએ બિહારથી દેશની જનતાને કરેલો વાયદો પૂરો કર્યો અને ૯ જેટલા આતંકી અડ્ડાઓનો ખાતમો કરવામાં સફળતા મેળવી છે. પાકિસ્તાનની સરહદમાં ૧૦૦ કી.મી. ધુસી આતંકીનો સફાયો કર્યો.




કેન્દ્રીય મંત્રીએ આ અંગે વધુ જણાવ્યું કે ઓપરેશન સિંદૂર અંતર્ગત આતંકીઓના સફાયા ઉપરાંત પાકિસ્તાનને વિશ્વ સમક્ષ ઉઘાડું પાડવાનું પણ મોટું કામ થયું. પાકિસ્તાનમાં આતંકવાદીઓના અડ્ડાઓ આવેલા છે અને એ જ આતંકવાદને ઉછેરે છે, એ બાબત આજે વિશ્વ સમક્ષ સ્પષ્ટ થઈ ચૂકી છે. ભારતીય સેનાઓના પરાક્રમ, સક્ષ્મતા અને મારક ક્ષમતા ઉપરાંત



વડાપ્રધાનની દૃઢ રાજકીય ઈચ્છાશક્તિને કારણે પાકિસ્તાનને જડબાતોડ જવાબ અપાયો છે. આજે વિશ્વના યુવાનો ભારત દ્વારા ભારતમાં જ બનેલી બ્રહ્મોસ મિસાઈલ અંગે જાણવા ઈન્ટરનેટ પર સર્ચ કરી રહ્યા છે,

અમિતભાઈએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાનએ રાષ્ટ્રજોગ સંબોધનમાં ત્રણ બાબતો સ્પષ્ટ કરી છે, સિંધુનું પાણી અને લોહી એક સાથે નહીં વહે, ટ્રેડ અને ટેટરિઝમ એક સાથે ન થઈ શકે તથા ભારત હવે માત્ર પીઓકે અને આતંકવાદના ખાતમા અંગે જ વાતચીત કરશે. વડાપ્રધાનની રાજકીય દૃઢ ઈચ્છાશક્તિ અને દેશની સેનાઓની વીરતા અને સક્ષ્મતા, ગુપ્ત એજન્સીઓની સટિક જાણકારીના વખાણ આજે દેશની ૧૪૦ કરોડ જનતા કરી રહી છે.

ઓપરેશન સિંદૂર અંગે કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે દેશમાં સુરક્ષા અને સીમાઓના રક્ષણ અંગે જ્યારે પણ ઈતિહાસ લખાશે ત્યારે ઓપરેશન સિંદૂર સુવર્ણ અક્ષરોમાં લખાશે. ઓપરેશન સિંદુર એ દેશની માતૃશક્તિને મળેલું સૌથી મોટું સન્માન છે. વડાપ્રધાનશ્રીએ છેલ્લાં ૧૧ વર્ષમાં આર્થિક ઉપરાંત સંરક્ષણ ક્ષેત્રે પણ મજબૂત પાયો નાખ્યો છે, એવું તેમણે ઉમેર્યું હતું.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, આતંકવાદ, નક્સલવાદ અને દેશવિરોધી તત્વોને નાબૂદ કરવામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ મંત્રી અમિતભાઈ શાહનું નેતૃત્વ સુરક્ષા દળોનું મનોબળ સતત વધારી રહ્યું છે. દેશની સીમા પાર અને સીમાની અંદર આતંકવાદને જડબાતોડ જવાબ આપીને નાગરિકોની શાંતિ અને સલામતી સુનિશ્ચિત કરી છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, ઓપરેશન સિંદૂરની સફળતાના સેનાના આ શોર્યસભર પરાક્રમથી દેશવાસીઓમાં રાષ્ટ્રહિત પ્રથમની પ્રબળ ભાવના જાગી છે અને તિરંગાની શાન પણ વધી છે.

# રવિવાર સુધી ‘માવઠું’ વરસશે: આજે ૨૦ જિલ્લામાં કમોસમી વરસાદની શકયતા

## સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ પડશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજયભરમાં રવિવારે એકપણ તાલુકામાં કમોસમી વરસાદ પડયો ન હતો. રાજયના ત્રણ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. અરબી સમુદ્રમાં નવી સિસ્ટમ સક્રિય થવાના કારણે રાજયમાં આગામી ર૪મી સુધી કમોસમી વરસાદ વરસતો રહેશે આજે રાજયના ૨૦ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ પડવાની શકયતા વ્યકત કરવામાં આવી છે.

રાજયમાં છેલ્લા એક સપ્તાહથી સતત કમોસમી વરસાદ પડતો હતો. દરમિયાન રવિવારે રાજયમાં માવઠાએ વિરામ લીધો હોય તેમ એક પણ તાલુકામાં વરસાદ પડયો ન હતો. અરબી સમુદ્રમાં નવી સિસ્ટમ સક્રિય થવા પામી છે. આ ઉપરાંત પ્રિ મોનસુન એકિટવીટી પણ શરુ થઈ જવા પામી છે. જેની અસર તળે આગામી રવિવારે સુધી રાજયમાં કમોસમી વરસાદ વરસતો રહેશે સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષીણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ પડશે.

આજે ગીર સોમનાથ સાંબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, પંચમહાલ, ખેડા, વડોદરા, દાહોદ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ સહિત ૨૦ જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે.

રવિવારના દિવસે આકાશમાંથી જળ વર્ષા થઈ ન હતી પરંતુ અગ્નિ વર્ષા ચોકકસ થવા પામી હતી. રાજયના ત્રણ શહેરોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. સુરેન્દ્રનગર ૪૧.૫ ડિગ્રી સાથે રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૪૦.૧ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૪૦ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૯ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૪.૬ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૪.૬ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૪ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૨.૪ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૪.૨ ડિગ્રી, કેશોદનું તાપમાન ૩૬.૨ ડિગ્રી, અમદાવાદનું તાપમાન ૩૯.૫ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૮.૩ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૮.૭ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું

(અનુ. આઠમા પાને)

# જીપીએસસીની ભરતીમાં ઈન્ટરવ્યુનો ભારાંક ૫૦ ટકાથી ઘટાડી ૧૦ ટકા કરો

## કોંગ્રેસના પ્રદેશ પ્રવકતા ડો. મનીષ દોશીની માંગણી

**અબતક, રાજકોટ**

જીપીએસસીની વર્ગ ૧/૨ ની પ્રોફેશનલ ટેક્નિકલ સંવર્ગની ભરતીઓમાં ઈન્ટરવ્યૂનો માતબર ૫૦% નો ભારાંક ઘટાડી પારદર્શિતા લાવવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું કે ગુજરાત જાહેર સેવા આયોગ તો વર્ષોથી બચાવ કરે છે કે ચિઠ્ઠી ખેંચીને અને કોડ નંબરથી ઈન્ટરવ્યૂ રૂમમાં ઉમેદવારે જવાનું એટલે ઉમેદવારની ઓળખ છુપાઈ જાય છે. ડ્રગ્સ ઈન્સ્પેક્ટરના ઈન્ટરવ્યૂ રદ થતાની સાથે જ આ તર્કહિન દલીલનો છેદ ઉડી ગયો છે.ઈન્ટરવ્યૂ ભારાંક ૧૦% કરવો જોઈએ.

તાજેતરમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ડ્રગ્સ ઈન્સ્પેક્ટરની ભરતીમાં ઈન્ટરવ્યૂ લેવાયા હતા. ભરતીના ઈન્ટરવ્યૂ શરૂ થયાના બે દિવસ પૂર્વે જ તેમની પાસે જે ઉમેદવાર જીપીએસસીના ડ્રગ્સ ઈન્સ્પેક્ટરના ઈન્ટરવ્યૂમાં બેસનાર હોય તેમના જ મોક ઈન્ટરવ્યૂ લીધા તથા માર્ગદર્શન આપેલ હોય જેની જીપીએસસીને જાણ થતા પરિણામ પર ૫૦% ઈન્ટરવ્યૂ ભારાંકની



ગંભીર અસરો ના થાય તેને લક્ષમાં લેતા યોજાઈ ગયેલ ઈન્ટરવ્યૂ રદ કરેલ.આવા ભૂતકાળમાં ઘણા કિસ્સા જોવા મળ્યા છે પરંતુ આજદિન સુધીમાં પ્રજા સમક્ષ આવે તે પહેલા સમગ્ર કાંડને દબાવી દેવામાં આવે છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા થોડા સમય પૂર્વે જ જીપીએસસી ના ૫૦% ઈન્ટરવ્યૂ ભારાંકના મૂલ્યાંકન માં

(અનુ. આઠમા પાને)




# શિક્ષકો દ્વારા બ્લેકમેલિંગથી કરાવાતા ટયુશનના ન્યુસન્સને અટકાવવા ‘કયુઆર’ કોડનું લોચિંગ

## એફએએ દ્વારા ટાસ્ક ફોર્સની રચના કરાશે: વાલીઓને સાથે રાખી જનતા રેડ કરાશે

**અબતક, રાજકોટ**

શાળાના શિક્ષકો દ્વારા બ્લેકમેલિંગથી કરાતા ટ્યુશનની બદી દૂર કરવા કયુઆર કોડ લોન્ચ કરવામાં આવ્યો છે.

લિંક દ્વારા અથવા કયુઆર કોડ સ્કેન કરીને ગુજરાતના વાલી અને વિદ્યાર્થીઓ પોતાની ઓળખ છુપી રાખીને ટ્યુશનીયા શિક્ષકો અને ડે સ્કૂલની માહિતી આપી શકશે.

ફેડરેશન ઓફ એકેડમિક એસોસિએશનના પ્રમુખ હેમાંગ રાવલે આ અંગે જણાવ્યું હતું કે ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિએશનએ ગુજરાતની

(અનુ. આઠમા પાને)

